# અનાદિમુક્તરાજ
# અબજીબાપા કૃત
# અધ્યાત્મજ્ઞાન

• સંકલન કર્તા •

અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદભાઈ જીવરાજભાઇ મહેતા

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૧૯

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઇ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય -વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્‌કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

અનાદિમુક્તરાજ અબજીબાપા કૃત

# અધ્યાત્મજ્ઞાન

: સંકલન:


* અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા *


સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૯


: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

*** પ્રકાશન સમિતિ ***

*: પ્રેરક - માર્ગદર્શક :*

*** અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ***


©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

***તૃતીય આવૃત્તિ***
પ્રત : ૧૫૦૦
૨૦૦૨, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૮ મહા સુદ ચોથ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

***મુદ્રક***
ભગવતી ઓફસેટ
**બારડોલપુરા, અમદાવાદ**



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા –આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્‌ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

સંકલનકર્તા



અનાદિ મુક્તરાજ
પ. પૂ. શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા

# તૃતીય આવૃત્તિનું નિવેદન

પરબ્રહ્મનું સ્વરૂપ જાણી તે જ્ઞાનની મસ્તીમાં રહેતા એવા મુક્તાત્માઓને એ દિવ્ય સ્વરૂપનું અખંડ અનુસંધાન રાખવાનું અતૂટ તાન રહે છે. એવી પ્રાપ્તિ માટે સર્વસુલભ સાધન આ લઘુ પુસ્તિકા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના દિવ્ય મુક્તો સહિત કેવાં સુખ આપે છે, કઈ રીતે આપે છે, તે સુખનો અનુભવ કેવો અવર્ણનીય છે - આવી અલૌકિક વિવિધ વાતો અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની અનુભવ વાણીના બે ભાગોમાં સમાયેલી છે.

આ દિવ્યવાણીનો સંગ્રહ સમર્થ સ. ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામી દ્વારા આશરે ૧૧૦૦ પાનામાં લખાયેલ છે. તેમાં સમાવિષ્ટ જ્ઞાનરસ અને શ્રીહરિના સ્વરૂપના મહિમાનું તારણ કરવાનું અતિ કઠિન કાર્ય અનાદિમુક્ત શ્રી સોમચંદભાઈએ કર્યું અને આ વાતોનો 'ગુટકો' વાચકવૃંદને નિત્યપાઠમાં સરળતા રહે એ ઉદ્દેશથી એક હસ્ત-પુસ્તિકા (Hand Book) જેવા સ્વરૂપમાં સં. ૨૦૧૪ (ઈ.સ. ૧૯૫૮)માં છપાવી પ્રગટ કર્યો.

સર્વોત્તમ જ્ઞાનભાગમાંથી ચૂંટાયેલ પુષ્પોના ગુચ્છ જેવું સુરમ્ય આ 'અધ્યાત્મજ્ઞાન' પુસ્તકની દ્વિતીય આવૃત્તિ 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' દ્વારા સર્વહિતાર્થે પ્રકાશિત કરવામાં આવી હતી.

જે હવે અપ્રાપ્ય બનેલ છે. આ પુસ્તકની ઉપયોગીતાને ધ્યાનમાં રાખી શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા જ આ તૃતીય આવૃત્તિ સત્સંગ સેવાર્થે રજુ કરીએ છીએ. તેનો લાભ લઈ સુજ્ઞ વાચકોને પરબ્રહ્મ પરમાત્માના સર્વોપરી સ્વરૂપમાં જોડાવાની દિવ્ય પ્રેરણા મળી રહે એજ અભ્યર્થના.

સં. ૨૦૫૮, મહા સુદ ચોથ
ઈ.સ. ૨૦૦૨, ૧૬ ફેબ્રુઆરી

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપા કૃત
# અધ્યાત્મજ્ઞાન

૧

શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે. એવા અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે અને મન, કર્મ, વચને બહારથી અને અંતરથી જીવ જોડે તો તેને કાંઈ કરવું બાકી રહે નહિ. ને જેવા મુક્ત પોતે શ્રીજીમહારાજના સુખે સુખિયા છે એવો જ સુખિયો તે જીવને પણ કરે.

૨

મોટા અનાદિમુક્ત છે તે મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહ્યા છે. તેમની સાથે આપણે જીવ મેળવીએ એટલે આપણને પણ મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર મોટાના જેવો જ થાય એ અંર્તવૃત્તિએ જીવ જોડ્યો કહેવાય. તે મોટા અનાદિ કેવી રીતે જોડાયા છે તો મહારાજની મૂર્તિમાં સળંગ રહ્યા થકા મૂર્તિનાં રોમ રોમનાં સુખ લે છે. ને નવીન નવીન ઇચ્છે તે મહારાજ આપે છે. તે સુખ સદા મૂર્તિમાં રહીને

ભોગવે છે, પણ બહાર નીકળતા જ નથી.

૩

એક મહાપ્રભુજીની મૂર્તિ આવી તો સર્વે સત્ય વસ્તુ હાથ આવી. તે સત્ય વસ્તુ કઈ તો મહાપ્રભુજીની મૂર્તિ તથા મૂર્તિનું સુખ તથા મુક્ત એ સત્ય છે ને તે સર્વે મૂર્તિમાં છે પણ મૂર્તિથી બહાર નથી. જેમ પૃથ્વીમાં રજ છે તથા અનંત પદાર્થ છે તેમ મૂર્તિમાં અનંત પ્રકારનાં સુખ તથા ઐશ્વર્ય તથા અનાદિમુક્ત છે તે મૂર્તિ આકારે વૃત્તિ એકતાર થાય ત્યારે એ સુખ મળે છે. મોટા રાજી થઈને કહે જે માગો ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી એટલે બધું ય આવી ગયું.

૪

અનાદિમુક્ત છે તે તો જેવા શ્રીજીમહારાજ છે તેવા જ છે અને મહારાજની મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પથી અહીં દર્શન આપે છે. જે એમનો આશરો કરે તેને પોતા જેવા અનાદિ કરીને મૂર્તિમાં રાખે છે અને મૂર્તિનું રોમ રોમનું સુખ ભોગવે એવા સમર્થ કરે છે.

૫

સિદ્ધદશાવાળા તો મૂર્તિમાં જ રમુજ કર્યા કરે ને મૂર્તિના સુખમાં જ ગુલતાન હોય ને સુખમાં જ ડૂબ્યા હોય તેથી કથા,

વાર્તા, જપ, તપાદિક બહુ કરતા ન દેખાય, તે ક્યાંથી ઓળખાય? માટે મુક્ત ઓળખવા તે કલમ કઠણ છે.

૬

આ તો બહુ જબરી વાત છે. નવીન નવીન શબ્દ નીકળે છે. સ્વામિનારાયણ કહેવું તે પણ જેવા છે તેવા ઓળખીને કહેવાય તો ઠીક અને સાધુને પણ ઓળખીને સાધુ કહેવાય તો ઠીક. સાધુને પણ ઓળખવા જોઈએ, પણ અઠે દ્વારકા કરીને બેસવું નહિ. મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થયા હોય તેવા સાધુને ખોળી કાઢીને આપણે પણ મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થઈ જવું; ત્યારે જ સુખ આવે. તે વિના તો સુખ ક્યારેય પણ ન આવે. એ સુખ પણ અનાદિમુક્ત દ્વારાએ સત્સંગમાં પ્રવર્તે છે; જેમ મેઘ વૃષ્ટિ કરીને ચાર ખાણના જીવોને સુખિયા રાખે છે તેમ. પાકશાળાના પીરસનારા અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્ત છે તે શ્રીજીમહારાજનું સુખ જીવોને આપે છે. કેવી રીતે? તો વાણીએ કરીને આપે છે, વાતેચીતે કરીને આપે છે, દૃષ્ટિએ કરીને આપે છે, સંકલ્પે કરીને આપે છે, પ્રસાદીએ કરીને આપે છે, મળવે કરીને આપે છે, એમ સુખિયા કરે છે. જેમ લોકમાં બાર વરસે કપિલા છઠ આવે છે, તેને માટે લોક તાકીને બેસે છે, તેમ આ વખતે તમારે કપિલા છઠ આવી છે. મહદ્ પર્વ આવ્યું છે, તેને માટે તાકીને બેસવું. આ

ગૌમુખીમાંથી શ્રીજીમહારાજનો રસ વરસે છે એટલે સુખ આવે છે, માટે તાકીને બેસે તો બહુ જ સુખિયું થવાય.

૭

શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત પ્રકારનાં સુખ, અનંત પ્રકારનાં ઐશ્વર્ય રહ્યાં છે તે સિદ્ધદશાવાળાને સર્વે ભેળાં આવે છે. જેમ પાકમાં ઘી, ગોળ, સાકર, એલચી, તજ, લવિંગ, જળ, અગ્નિ, સરપટા એ સર્વેનો જુદે જુદે પ્રકારે ભેળો સુગંધ આવે છે તેમ.

૮

અખંડ તેલધારાવૃત્તિ મૂર્તિમાં રાખવી એ મૂર્તિ દેખ્યા તુલ્ય છે. મુક્ત મળ્યા વિના એકલા સાધનવાળાને મૂર્તિની પ્રાપ્તિ થાતી નથી અને સત્સંગ પણ દિવ્ય જાણી શકાતો નથી તેથી લૂખો રહે છે. જ્યારે અનાદિમુક્ત મળે ત્યારે કાર્ય કારણ ઓળખાય અને સત્સંગ બધો દિવ્ય જણાય ત્યારે મૂર્તિની પ્રાપ્તિ થાય; માટે કારણ જે મહારાજની મૂર્તિ તેને મૂકીને કાર્ય જે સત્સંગની સેવા હોય તો પણ મહારાજની મૂર્તિરૂપી નિશાનને ચૂકાવી દે છે.

૯

આ જોગમાં શાંતિ શાંતિ રહી છે તેનું કારણ એ છે જે,

મૂર્તિ રહી છે. અનાદિમુક્તના શબ્દમાં સુખ આવે, કેમ જે મૂર્તિમાં રહીને બોલે છે. આ જ્ઞાનરૂપી અને મૂર્તિરૂપી યજ્ઞ તે શ્રીજીમહારાજનો છે, પીરસનારા અનાદિમુક્ત છે અને જમનારા સાધનદશાવાળા છે. પરમ એકાંતિક, અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તે તો ભેળા જ છે. અનાદિમુક્ત તો મૂર્તિમાં જ રહ્યા છે માટે મહારાજ વિના એકલા આવ્યા છે એમ ન જાણવું. એમની દૃષ્ટિમાં માયા જ નથી. આ લોકમાં બીએ, ભાગે, હારે, જીતે એ તો આ લોકની રીતિ છે પણ તે તો મૂર્તિમાં જ છે. સાધનવાળાને સુખ આપે છે તે મહારાજ આપે છે એમ જાણે છે પણ અમો આપીએ છીએ એમ નથી માનતા.

## ૧૦

મોટા અનાદિમુક્તને સંભારવા તો મૂર્તિમાંથી બહાર નિકળાય નહિ. મોટાના વચનમાં બરાબર વિશ્વાસ આવતો નથી ને તર્ક થઈ જાય છે, પણ મોટા તો મહારાજ વિના રહેતા જ નથી. મોટાને સન્મુખ જે થયા છે તે તો અક્ષરધામને, મુક્તને અને પુરુષોત્તમને, એ સર્વેને સન્મુખ થયા છે. મોટાના સુખની અને મોટાના મહિમાની જીવને ખબર નથી તેથી અફસોસ મટતો નથી, પણ મહારાજ અને મુક્ત તો સદાય આપણી સાથે જ છે. એ તો બાધિતાનુવૃત્તિ

છે માટે જણાતું નથી. મહાપ્રભુજીના અનાદિ મળ્યા એટલે આપણાં દારિદ્ર કપાઈ ગયાં. મહારાજને તથા મોટાને તથા એમની સભાને અંતરમાં ધારીએ અને તે આત્માને વિષે દેખાય ત્યારે અહો! અહો! થઈ જાય. મોટા પુરુષની વાત બીજી છે. આવો વખત મળ્યો છે તો પણ તે સુખ લેવાતું નથી અને પંચવિષયમાં તણાઈ જવાય છે, તેનું કારણ એ છે જે મહિમામાં કસર છે. જો મહારાજની મૂર્તિનો મહિમા જણાય ને તે મૂર્તિના સુખનો મહિમા જણાય તો આ લોકનાં સુખ કચરા જેવાં થઈ જાય. મહારાજનો અને મોટાનો અભિપ્રાય એવો છે જે કોઈ નિવૃત્તિ માર્ગ પકડીને પુરુષોત્તમના સ્વરૂપમાં પહોંચે તો ઠીક. મોટાને આશરે થયા પછી મારું કલ્યાણ થાશે કે નહિ થાય એવો અણવિશ્વાસ રાખવો નહિ. મોટાની દૃષ્ટિ પડે તથા તેમનો વાયરો અડે તેણે કરીને પણ કલ્યાણ થાય. મોટાને વિષે નિર્દોષ બુદ્ધિ થાય તો પોતે ખરેખરો નિર્દોષ થઈ જાય. મોટા તો અનાદિમુક્ત છે તેમની સાથે જીવ જોડે તેમને પોતા જેવા કરે, જેમ ઇયળની ભમરી કરે છે તેમ. માટે આવા સત્પુરુષ મળ્યા તેવા સમયમાં કામ કરી શક્યા નહિ તો મોટાનો મહિમા સમજાણો નથી. મહારાજનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જીતી જવાય; માટે મોટાનો સમાગમ તથા સેવા કરીને લાભ લઈ લેવો. અહીં આવ્યા હતા કે

નહોતા આવ્યા. છેવટે આ દેહમાંથી જુદું તો પડવું છે ત્યારે અત્યારથી જ જુદા થાવું.

૧૧

મુક્ત અનાદિ છે પણ ભજીને થયેલા નથી. જો ભજીને થયેલા કહીએ તો કોઈક વખતે શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ પણ એમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. મહારાજનો મહિમા તો અતિશય અપાર છે અને અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહીને સદા સુખ લે છે. મહારાજની ઇચ્છાથી અહીં મનુષ્યરૂપે દેખાય છે તે મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે. અહીં આવતા જતા નથી ને દેહ જણાવે છે તે દેહની ક્રિયા મહારાજ કરાવે છે ને જીવને ઉપદેશ પણ મુક્ત દ્વારે મહારાજ કરે છે. જે મુક્ત દ્વારે જીવને ઉપદેશ કરે છે તે મુક્તના જેવો જીવને કરે છે અને તે મુક્તની જોડે એ જીવને રાખીને તે મુક્તના જેવું સુખ આપે છે. જે મુક્ત દ્વારે જે જીવ મુક્ત થયો હોય તે મુક્ત તેને પ્રધાન રહે છે. જેમ આકાશમાં લૂ વાતી હોય તેમાં ચિત્ર વિચિત્ર રવરવાટ થાય છે તેમ મહારાજની મૂર્તિમાંથી તરેહ તરેહનાં અનંત સુખ આવે છે.

૧૨

જીવને પોતાની માયિક બુદ્ધિએ કરીને ભગવાન તથા

મોટા મુક્ત ઓળખાતા નથી. એ તો જ્યારે અનાદિમુક્તનો આશરો કરે ત્યારે તે મુક્ત પોતાની બુદ્ધિ જીવને આપે ત્યારે ભગવાનનું કે મોટાનું વર્ણન કરી શકે. જેમ વરસાદ ચારે ખાણના જીવને સુખિયા કરે છે તેમ અનાદિમુક્ત જીવોને શ્રીજીને સુખે સુખિયા કરે છે. મોટા અનાદિ છે તે તો મૂર્તિમાં જ રહ્યા છે. આપણે તેવા થાવું.

૧૩

અનાદિમુક્ત છે તે તો જેટલું શ્રીજીમહારાજ કરે તેટલું કરી શકે; ને જે સાધન દશાવાળા છે તે તો પોતે નિર્લેપ રહે પણ બીજાને મુક્ત કરી શકે નહિ. તે તો જ્યારે દેહનો વિયોગ થાય ને ધામમાં જઈને ફેર સ્વતંત્રપણે આવે ત્યારે અનંત જીવોનો ઉદ્ધાર કરે. તેમાં પણ જેને અહીં અનાદિમુક્તનો જોગ થયો હોય અને તે અનાદિ થકી શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય અને તે અનાદિના જોગે અનાદિના જેવી સ્થિતિ થઈ હોય તે તો આ દેહે પણ અનંત જીવોને અનાદિ કરી શકે.

૧૪

અનાદિમુક્ત તો સ્વતંત્ર છે ને અનુભવીથી અતિશય શ્રેષ્ઠ અને અતિશય સમર્થ છે. જેમ શ્રીજીમહારાજ સત્તાવાન છે તેમ તેમના અનાદિમુક્ત પણ શ્રીજીમહારાજના જેવા જ

સત્તાવાન છે. એવા અનાદિમુક્તથી સુખ પામ્યા હોય તેને આ લોકમાં અનાદિમુક્તનો વિયોગ થાય એટલે મુક્ત અદ્રશ્ય થાય ત્યારે શોક થવો જોઈએ. જો શોક ન કરે તો કૃતઘ્ની કહેવાય ને રઘુનાથદાસની હારમાં ગણાય.

૧૫

શ્રીજીમહારાજ તથા એમના લાડીલા અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી સુખ લઈને મુમુક્ષુઓને આપે છે. શ્રીજીમહારાજે માંગરોળમાં વાવ ગળાવી તે જ્ઞાનરૂપી વાવ જાણવી. તેમાંથી અમૃતરૂપી જળે કરીને અનંત જીવોને સુખિયા કર્યા. તે કરોડો જીવોને તથા ઈશ્વરોને તથા અનંત બ્રહ્મની કોટીઓને તથા અક્ષરોને પણ સુખ આપે છે, પણ મહારાજ તથા મુક્ત પ્રત્યક્ષ મળ્યા વિના ફૂદકો લંઈને સુખ લેવાય એવું નથી. અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે તે મૂર્તિનું સુખ લઈને જીવમાં પ્રવર્તાવે છે.

૧૬

મોટાને તો નાત, જાત, વર્ણ, આશ્રમ તે કાંઈ છે જ નહિ. એ તો શ્રીજીમહારાજરૂપ છે ને શ્રીજીમહારાજના સંકલ્પથી અત્યારે મુક્તરૂપે દેખાય છે ને મુક્ત દ્વારા શ્રીજીમહારાજ સર્વ સત્સંગને સુખ આપે છે, દર્શન આપે છે, સેવા અંગીકાર કરે છે તથા વાતો કરે છે, માટે જેવા શ્રીજીમહારાજ દિવ્ય છે

તેવા જ મુક્ત દિવ્ય છે એમ સમજીને મનુષ્યભાવ આવવા દેવો નહિ.

૧૭

મોટાના આશીર્વાદથી મહારાજ પમાય છે. મહારાજના સુખમાં પહોંચ્યા કેડે નહાવું, ધોવું, ખાવું, પીવું, પૂજા એ આદિક કાંઈ ક્રિયા નથી. ત્યાં તો નવા નવા પ્રકારનાં સુખ આવે છે. તે મહારાજનું અને મુક્તનું ભેળું સુખ આવે છે. જેમ શીરામાં ઘી, ગોળ, ઘઉં, સાકર એ સર્વેના જુદા જુદા ભાવ જણાય છે, ને જેમ ખીચડીમાં તજ, લવિંગ, મીઠું એ આદિક જે જે વસ્તુ હોય તે સર્વેના જુદા જુદા ગુણ ને ભાવ જણાય છે; તેમ મહારાજના સુખના ને મુક્તના સુખના ભાવ જુદા જુદા જણાય છે.

૧૮

મોટા વાતો કરે તે નિત્ય નવી નવી આવે, કેમ જે અપાર છે. તેમ જ શ્રીજીની મૂર્તિનું સુખ મુક્તને નવું નવું આવે છે. જેમ બ્રહ્માંડમાં અનંત વસ્તુઓ છે તેમ મૂર્તિમાં અનંત સુખ છે. જેને સાક્ષાત્કાર થાય તેને તે જણાય છે. ખૂબ મંડીએ ને પુરુષોત્તમરૂપ થઈએ તો એ સુખ મળે. જે પુરુષોત્તમના સાધર્મ્યપણાને ન પામ્યા હોય તેનાથી એ સુખમાં પહોંચાય નહિ ને રહેવાય નહિ. જ્યારે પોતાપણું કાંઈ ન રહે ત્યારે તે

પતિવ્રતાનું અંગ જાણવું. આવું અંગ થાય તે જ સુખિયા થાય છે અને જે પોતાપણું રાખે તે દુખિયા રહે છે. જેને મહાપ્રભુજીની મૂર્તિમાં તાન હોય તેનો પાકો પાયો કહેવાય અને જેને રાગ, રંગ, વિલાસમાં તાન હોય તેનો પાકો પાયો ન કહેવાય. પ્રસાદીની મૂર્તિ ને આજની છાપેલી મૂર્તિ સરખી સમજે તેનો પાકો પાયો છે અને જે સરખી ન સમજે તેનો પાકો પાયો નથી.

## ૧૯

અનાદિમુક્તની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ આવે તો તે તેમના જેવો જ થાય; અને સંપૂર્ણ વિશ્વાસ ન આવે ને જ્ઞાન સમજવામાં જેટલે અટકે તો તે એટલે જ રહે. જેમ માર્ગમાં ચાલતાં માર્ગનો અંત તો ન આવે ને વચમાં જ્યાં થાકે ત્યાં બેસી રહે તેમ થાય. શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી, એ તો અપાર છે. તેનું દૃષ્ટાંત પણ દેવાય નહિ, કેમ જે દૃષ્ટાંત તો માયિક છે અને મહારાજના ગુણ ને કર્મ તે સર્વે તો દિવ્ય છે. દિવ્ય વસ્તુને માયિકની ઉપમા કે દૃષ્ટાંત દેવું પડે છે તે તો બહુ જ કંટાળો આવે છે પણ શું કરીએ! જીવને સમજાવવા સારુ દાખલા આપીએ છીએ. જેમ લાખો કરોડો ગાઉની મજલ હોય તેનો માર્ગ બતાવે જે આ દિશે માર્ગ છે, પણ તે

સ્થાન તો ક્યાંય પડ્યું હોય; તેમ દિશ બતાવીએ છીએ, પણ મહારાજનું સુખ તો અપાર છે ને મુક્તનું સુખ પણ અપાર છે. એ સુખની બ્રહ્મકોટીમાં કે અક્ષરકોટીમાં કોઈ ઉપમા દેવાય એવું નથી. એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુક્ત કોટીનું સુખ તે પણ શું? એવું મૂર્તિનું સુખ છે. આ તો સાંસા ગોટીલાં કરો છો, પણ જ્યારે એ ધામમાં લઈ જઈને મહાપ્રભુજીની મૂર્તિનું સુખ દેખાડીશું ત્યારે બીજાં સુખ નજરમાં જ નહિ આવે. જેમ હાથી આગળ સસલો ગોટીલાં કરે ને હાથી રાજી થાય, તેમ તમે અમારા આગળ કરો છો એટલામાં જ અમે રાજી થઈને એ સુખમાં લઈ જઈશું. આ વસ્તુ બહુ મોંઘી છે તે હાથ આવે તેવી નથી, પણ આજ અનાદિમુક્ત આવ્યા છે તે નક્કી લઈ જશે એમ જાણજો. આ મુક્ત મળ્યા છે તે વસ્તુ મૂળઅક્ષરથી તથા અક્ષરધામથી પણ પર છે, કેમ જે મૂર્તિમાં રહ્યા છે. અને ધામ તો શ્રીજીમહારાજનું ને અનાદિમુક્તનું તેજ છે. બ્રહ્મકોટી ને મૂળ અક્ષરકોટી પણ આ મુક્તની પ્રાર્થના કરે છે અને મૂર્તિનું સુખ માગે છે; એવા મોંઘા આ મુક્ત છે. લાખો કરોડો જન્મ ધરો ને સત્સંગ કરો પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે; કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે. જેમ ઉત્તમ પારસને જે વસ્તુ અડે તે અડતાં જ પારસ થઈ જાય એવા આ મુક્ત છે.

## ૨૦

પંચવર્તમાને યુક્ત એવા ને શ્રીજીમહારાજના યથાર્થ નિશ્ચયવાળા સંત હરિજનનો મહિમા સમજવો. આજ અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપીએ છીએ તે મહિમા ન કહીએ તો જીવના જાણ્યામાં શું આવે? અને શી રીતે જીવ ભગવાનને અને મુક્તને વળગે? માટે જીવના ઉપર દયા કરીને મહિમાની વાતો કરીએ છીએ, પણ અમારી સારપ વધારવા સારુ અમારો મહિમા નથી કહેતા. અમે તો સદા મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ ને મૂર્તિના સુખમાં જ કલ્પે કલ્પ વીતી જાય છે, માટે અમારે આ લોકની મોટપ કે પ્રસિદ્ધિ સારુ વાત નથી કરવી. અમારે તો સદા મૂર્તિનું સુખ છે પણ દેહ નથી, આ તો શ્રીજીમહારાજની ઇચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ; કેમ જે તમને સર્વેને અમારા જેવા કરવા છે. તે જ્યારે માયાનો પડદો તાણી લઈશું ત્યારે માયા ગોતી પણ જડશે નહિ, ને બ્રહ્મકોટી ને અક્ષરકોટી એ પણ ક્યાંય મહાપ્રભુજીના તેજની કિરણોમાં લીન થઈ જાશે. એક મહારાજની મૂર્તિ ને મુક્ત એ બે જ રહેશે; માટે કેડ બાંધીને ધ્યાન કરવા મંડી જવું.

૨૧

આજ તો રોકડું કલ્યાણ છે તે દેહ છતાં જ કલ્યાણ. લાખ જન્મ તપ કરે તો પણ કલ્યાણ ન થાય, તે આજ ચાર વર્તમાન પાળવામાં કલ્યાણ. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે. મહારાજનો અને મોટાનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે, ને દેહના ઘસારાને પણ ગણે નહિ, ને માન અપમાનને પણ ગણે નહિ, અને ધ્યાન સેવામાં તત્પર થઈ જાય.

૨૨

આ જોગ બહુ સારો છે માટે કરી લેવો. આ જોગ સદા ન રહે. ઓચિંતાનો દેહ પડી જાય કે ઓચિંતાનો જોગ મટી જાય માટે ઝટ કરી લો. આ તો વિજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. જેમ વરસાદ વરસે ત્યારે સર્વત્ર જળ હોય ને પછી કાંઈ ન મળે તેમ આ જોગ સદા ન હોય. આ જોગ ગયા કેડે આવો જોગ મળવો ઘણો દુર્લભ છે. બીજા મળે તો સંગદોષ પણ લાગી જાય, અને મોટા તો સંગદોષ પણ લાગવા દે નહિ ને મોક્ષ કરે. જેમ સમુદ્રને સુખે કરોડો મગર મચ્છાદિક જળજંતુ સુખી રહે છે, તેમ આ પુરુષને જોગે કરોડો જીવ સુખી છે; એવા જોગમાં તમે આવી પહોંચ્યા છો. મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા

બળવાન છે. આવા કહેનારા આવ્યા છતાં દુખિયા રહે તે કોના વાંક છે? આજ સનાતન મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે. તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ.

## ૨૩

શ્રીજીમહારાજ સર્વેના આધાર છે અને સર્વેના કારણ છે ને ધામ જે તેજ, તે પણ શ્રીજીમહારાજની મૂર્તિને આધારે છે. જો ધામને આધારે મહારાજ રહ્યા છે એમ કહીએ તો મહારાજનું કારણ ધામ થાય; માટે એમ ન સમજવું. કારણ ને આધાર તો મહારાજ છે, અને અનાદિમુક્ત પણ મહારાજની મૂર્તિની અંદર છે, માટે અનાદિમુક્તના આધાર પણ મહારાજ છે; પણ ધામ આધાર નથી. કારણ વસ્તુને જ આધાર કહેવાય પણ કાર્ય વસ્તુને આધાર ન કહેવાય.

## ૨૪

શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં રાખે તો મોટાના આશીર્વાદ મળે છે. આ સમય એવો છે જે છતી દેહે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાય; પણ જીવમાં અજ્ઞાન રહ્યું છે તેથી મહિમા સમજાતો નથી. જ્યાં ધારીએ ત્યાં મહારાજ ને મોટા પ્રત્યક્ષ છે; કેમ જે એ તો સ્વતંત્ર છે અને સાધનિકને પણ તેજમાં બેઠેલા છે, એમ પોતે દેખે છે. જ્યાં અનાદિમુક્ત હોય તે સ્થાન તો બહુ જ ભારે છે એટલે અક્ષરધામ તુલ્ય છે.

મહારાજને અર્થે થાળ કરીને મૂર્તિને જમાડે છે તો મહાપ્રભુજી પ્રત્યક્ષ જમે છે, તેમ જ મુક્ત પણ જમે છે. આ લોકને વિષે કોઈક મોટો યજ્ઞ કરે તેમાં જે આવે તે ભૂખ્યો જાય નહિ, તેમ મોટાના જોગમાં જે આવે તે સુખિયા થયા વિના રહે જ નહિ.

## ૨૫

શ્રીજીને તથા મુક્તને તો સર્વે પદાર્થમાંથી નિષ્કંચન કરીને જીવોને મૂર્તિમાં જોડી દેવા છે. જીવ જ્યારે સત્સંગી થાય ત્યારે તો પ્રથમ એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હોય છે. પછી વધતાં વધતાં મહાતેજ જેવો થાય છે ને પુરુષોત્તમરૂપ પણ થાય છે. જેમ સરપટાને અગ્નિનો જોગ થાય તો અગ્નિરૂપ થઈ જાય છે તેમ પુરુષોત્તમરૂપ થએલા મુક્તોના જોગે કરીને જીવ પુરુષોત્તમરૂપ થાય છે, માટે મોટા અનાદિનો જોગ કરવો પણ આધુનિકનો કરવો નહિ.

## ૨૬

આ સમયે તો મૂળસ્વરૂપ જે શ્રીજીમહારાજ તે પ્રાપ્ત થયા, અનાદિમુક્ત પ્રાપ્ત થયા અને નિર્ગુણ એવું જે તેજરૂપ ધામ તે પ્રાપ્ત થયું. આ વખતમાં તો એવા મોટા પધાર્યા છે. તે જો એમને મન સોંપી દે ને મન, કર્મ, વચને અનુવૃત્તિમાં રહે તો તેનાં સર્વ કામ સંપૂર્ણ થઈ રહ્યાં છે અને સર્વે સુખ પ્રાપ્ત થઈ રહ્યાં છે. અવતારાદિક તથા તેમના પાર્ષદ પોતાના મોક્ષને

અર્થે સત્સંગમાં આવ્યા હોય તે આવા અનાદિમુક્તનો વિશ્વાસ લાવીને જોગ કરે ને મહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે મોક્ષને પામે. જો વિશ્વાસ ન લાવે ને પ્રથમનું પરિપક્વ થએલું હોય તે તેમને તેમ જ રહે તો ફેર સત્સંગમાં આવે ને જ્યારે આવું જ્ઞાન થાય ત્યારે આત્યંતિક મોક્ષને પામે. માટે મોટાનો વિશ્વાસ લાવીને જો તેમની સાથે પોતાના જીવને જડી દે તો મોટા તેને મૂર્તિના સુખે સુખિયો કરે. જેમ કમળનો કંદ કાદવમાં ચોંટ્યો હોય ત્યારે તેને જળ પોષણ કરે છે ને સૂર્ય ખીલાવે છે, પણ જ્યારે કાદવમાંથી કમળનો કંદ જુદો પડી જાય છે ત્યારે તેનું તે જળ કમળને સડવી નાખે છે અને તેના તે સૂર્ય તે કમળને સૂકવી નાખે છે. તેવી રીતે મોટા મુક્તને વિષે જે જીવ મન, કર્મ, વચને જોડાય તેનું મોટા પોષણ કરે છે અને મોટાને વિષે ન જોડાય તેનું મોટા પોષણ કરતા નથી; માટે કમળની પેઠે મોટાને વિષે ચોંટી જવું.

## ૨૭

શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખ તો અપાર છે તે જ્યારે ખરેખરી એ સુખમાં ગતિ પહોંચે ત્યારે એને જાણપણું રહે, પણ એ સુખમાં ગતિ પહોંચી ન હોય ત્યાં સુધી ઓરું રહેવાય છે. એ સુખમાં જેની ગતિ પહોંચી છે તે તો એ સુખમાંથી પાર પામતા જ નથી. જ્યાં સુધી એ માર્ગમાં

સિદ્ધતા થઈ નથી ત્યાં સુધી શ્રીજીમહારાજનો ને તેમના મુક્તનો મહિમા બરોબર સમજાતો નથી.

૨૮

શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ ને સુખમાં પણ ફેર રહે. એ તો જ્યારે અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે યથાર્થ મહિમા સમજાય. મહારાજનું સુખ તો બહુ જ જબરું છે, તે તો જો મોટાનો વિશ્વાસ રાખીને મંડે તો એ સુખની પ્રાપ્તિ થાય. મોટા તો દૃષ્ટિસેવને પણ સુખિયા કરે છે, મોટાની દૃષ્ટિથી સુખિયું થવાય છે. એકલા સાધનથી કેટલું થાય? સાધન ભેળી મોટાની કૃપા જોઈએ.

૨૯

જેટલી ગતિ મહારાજની છે તેટલી તેમના મુક્તની છે. જેટલું મહારાજ જાણે તેટલું મુક્ત જાણે; અને જેમ મહારાજ જાણતા થકા અજાણતા છે તેમ જ મુક્ત પણ જાણતા થકા અજાણતા છે. એવા જે નિર્ગુણ મુક્ત છે તેમના ગુણને તો મહારાજ પોતે ગાય છે. તે મહારાજે પ્રથમ પ્રકરણના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે જે એના દર્શનને તો અમે પણ ઇચ્છીએ છીએ. માટે મોટા સંગાથે મન બાંધીને આત્મબુદ્ધિ કરીને વળગ્યા તો જેમ ગરૂડની પાંખમાં મચ્છરીયું પેઠું તે ઠેઠ પૂગે;

તેમ તે પણ ઠેઠ શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચે. મહારાજની મૂર્તિમાં મુક્ત સળંગ રસબસ રહ્યા છે તેમાંથી જેટલો લાભ લેવો હોય તેટલો મળે. જેમ પારસમણિ, ચિંતામણિ, કલ્પતરુ, તે પાસેથી જેટલું ચિંતવીએ તેટલું માયિક સુખ મળે; તેમ શ્રીજીમહારાજ પાસેથી તથા તેમના મુક્ત પાસેથી જેટલું ચિંતવીએ તેટલું દિવ્ય સુખ મળે. જેમ મહારાજ દિવ્ય છે તેમ મુક્ત દિવ્ય છે, પણ જોનારાની દૃષ્ટિમાં મનુષ્યભાવ જણાય છે. જ્યાં સુધી મહારાજના સુખનો અનુભવ થયો નથી ત્યાં સુધી તે સુખિયો થતો નથી. આ ટાણે તો ખરેખરો લાભ છે. તેમાં જે બનાવો તે બને તેમ છે, એ બહુ ભારે લાભ છે.

### ૩૦

અનાદિમુક્ત છે તે તો મૂર્તિમાં રહીને મૂર્તિને જુએ છે. જેમ ફાનસમાં દીવો હોય તે દીવો ફાનસને દેખે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિને દેખે છે ને મૂર્તિનું સુખ ભોગવે છે અને જે મુક્ત જેટલું સુખ લે છે તે સર્વેને જાણે છે જે આ મુક્ત આટલું સુખ લે છે; એમ સર્વેને જાણે છે.

### ૩૧

તમોને છેલ્લો મુદ્દો હાથ આવ્યો છે, કેમ જે બધી સભાઓ ભેદીને છેલ્લા શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા

અનાદિમુક્ત મળ્યા છે. આવો ભાવ આ મુક્તને વિષે રહે તો સુખી થવાય ને રાગ માત્ર ટળી જાય. આ તો છેલ્લા મુક્ત છે, તે મહારાજના સુખમાં વળગાડે છે. તમે કોઈક ઠેકાણે ધૂણીપાણી કરેલાં છે (સેવા કરેલી છે) તેથી તમને આ જોગ મળ્યો છે. મોટાના ભેળા પૂર્વે જે રહેલા હોય તે જ મોટાને ઓળખે છે. "દરદીની વાતો દરદીડા જાણે, બેદરદીને શું ભણીએ?" તમારે તો અનાદિ ને મહારાજ ઢૂંકડા આવ્યા છે, માટે માયાનાં કાર્ય એટલે શ્રીજીમહારાજની સત્તાનાં કાર્ય જે અક્ષરકોટી આદિ તેમાં લેવાવું નહિ. જે એ અક્ષરાદિકમાં તથા એના કાર્યમાં હેત રાખે તેને મહારાજનો મહિમા સમજાણો જ નથી. તમને તો પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે ને કાળ, કર્મ, માયા ને સ્વભાવ તે સર્વેને કાઢી નાખ્યા છે. વેપાર કરવા આવે તે લાખો કરોડો રૂપિયા કમાઈને જાય ને કોઈક ઠાલા પણ જાય. જો આવા મુક્તને ઓળખે નહિ તો ઠાલા ગયા જેવું છે, અને જો આવા મોટાનો અભાવ આવે તો લાખો કરોડોની ખોટ જાય; એટલે કલ્યાણના માર્ગમાંથી પડી જાય.

## ૩૨

અમારે તો સર્વેને મુક્ત કરવા છે. આ સભા અક્ષરધામથી પણ પરની છે એટલે મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની આ સભા છે અને મહારાજ પણ મધ્યે વિરાજમાન છે. જે

અનાદિની સાથે જોડાણા તેને અનાદિની હારે જાણવા. આવા મોટા મુક્ત સત્સંગમાં છે એવું સમજાય તો સત્સંગ સર્વે દિવ્ય થઈ જાય અને અનાદિના જેવી ગતિ થાય.

૩૩

મોટાને વિષે જીવ જોડે તો દેહ છતાં જ કૃતાર્થપણું મનાઈ જાય છે. કરોડ જન્મ સુધી ને કોટી કલ્પ સુધી સાધન કરીએ તે હાડકાં સુકાઈ જાય, પણ ધામ મળતું નથી; એ તો મુક્તદ્વારે જ મળે છે. મોટા તો ચહાય તે કરવા સમર્થ છે. જીવના ઘાટ સંકલ્પને મોટા જાણે છે.

૩૪

અનાદિની પંકિતમાં ભળ્યા વિના સુખ થાય નહિ અને મોટા સાથે મન બાંધે તો બધું પુરૂં થઈ જાય. વાત તો અતિ જબરી છે, તે જો સમજાય તો દિવાના થઈ જવાય. "જેને જોઈએ તે આવો મોક્ષ માગવા" એમ મર્મમાં વાત કરીને પછી બોલ્યા જે, શાસ્ત્રમાં હોય તેનાથી નવા શબ્દ આવે, તે શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા એવા અનાદિમુક્ત બોલે છે, ને તેમાં મહારાજની મૂર્તિ આવે છે; તેથી આનંદ થાય છે. આજ તમને જે વસ્તુ મળી છે તે તો બહુ જ ભારે છે. તેને ખાઓ, ખાઓ કહીએ છીએ પણ કોઈ ખાય નહિ ને મોટા મુક્ત કોળિયા વાળીને દે તો પણ ઠીક ન લાગે.

સત્સંગમાં ને લોકમાં પ્રમાણ કરે એવો ખરો સમાગમ કરવો. દાસપણે રહે ને નવા નવા સુખની ઇચ્છા કરે તો પડદા તૂટી જાય ને સુખ સમજાતું જાય ને મહારાજની મૂર્તિમાં ગયા કેડે પણ નવું નવું સુખ મળતું જાય, પણ સુખની હદ આવે નહિ. અનાદિમુક્તને પણ એ સુખનો પાર આવતો નથી તો બીજાને તો પાર આવે જ ક્યાંથી? આ સભામાં એનું એ જ સુખ છે.

## ૩૫

શ્રીજીમહારાજની મૂર્તિ અકળિત છે ને સુખ પણ કળાય એવું નથી, એ તો અપાર છે. તે અનાદિમુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે, એમને મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. મુક્તને અનંત લોચન છે તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે. એવું સુખ છે, માટે મૂર્તિ વિના સર્વે ખોટું કરવું.

## ૩૬

મહારાજ આજ મધ્યસ્થ બિરાજે છે ને ફરતા મુક્ત બેઠા છે. આ મહારાજ મધ્યસ્થ બેઠા તે જે જાણતા હશે તેને આનંદનો પાર નથી. પ્રગટ શ્રીજીનાં ચરિત્ર લીલા તે અજાણે સાંભળે તેનાં જન્મ મરણ ટળે, અને પ્રત્યક્ષ છે એમ જાણીને

અને તેમનો મહિમા જાણીને સાંભળે, તેનું તેજોમય તન થાય એવી આ સભા છે.

૩૭

આજ આ જ્ઞાનયજ્ઞ ને યોગયજ્ઞ થાય છે તેમાં આત્યંતિક કલ્યાણ થાય છે. સત્યુગમાં લાખ વર્ષ ધ્યાન કરે ત્યારે ભગવાનનું દર્શન માત્ર જ થતું. ત્રેતાયુગમાં દશહજાર વર્ષ સુધી યજ્ઞ કરે ત્યારે દર્શન થાય અને દ્વાપર યુગમાં એક હજાર વર્ષ સુધી પરિચર્યા કરે ત્યારે દર્શન થાય. આ કળિમાં સો વર્ષ સુધી કીર્તન કરે ત્યારે દર્શન થાય; અને આજ વર્તમાનકાળે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને જોડી દઈએ છીએ. આજનો એવો પ્રતાપ છે. આજ તો સંત હરિજનોના દર્શન કરે તો પગલે પગલે બ્રહ્મયજ્ઞ થાય ને વળી આત્યંતિક કલ્યાણ કરે. આ યોગયજ્ઞ ને બ્રહ્મયજ્ઞ છે. આમાં આવેલાને ફેર જન્મ ધરવો પડશે નહિ, ઠેઠ મૂર્તિમાં મૂકી દઈશું, આવો પ્રત્યક્ષ મૂર્તિનો પ્રતાપ છે.

૩૮

શ્રીજીમહારાજના મહિમાનો પાર નથી, માટે સંત શ્રીજીમહારાજનો ને મુક્તનો મહિમા કહે તે સાચો માનવો. કોઈ પોતે શ્રીજીમહારાજ થાય તેની વાત ન સાંભળવી પણ

દાસપણું રાખીને સ્વામી સેવકને ભાવે શ્રીજીમહારાજનો મહિમા ઘણો કહે તે માનવો. શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે તેમનાથી પણ પૂરો કહેવાય તેમ નથી, માટે શાસ્ત્રની સાખ ન લેવી કેમ જે મુક્ત તો દેખીને કહે છે.

## ૩૯

આ જીવ ઝીણા છે તો પણ તેમને શ્રીજીમહારાજે ને મુક્તોએ કેવડું સુખ આપી દીધું છે! એવડી બધી દયા છે. રાજાના વૈભવ રાંકને સોંપી દે તો ગંડવા થઈ જાય, તેમ આ સુખ તમને આપ્યું છે. એ સુખ આ સભામાંથી મળે છે તે પાત્ર થઈને લેવું. શ્રીજીમહારાજે એવો રસ મેલ્યો છે તે મનુષ્યભાવમાં સેવા સમાગમનું સુખ આપે છે. જો મનુષ્યભાવ ટળી જાય ને બીજી તાણ મૂકી દે તો દેહ છતાં સુખ આવે ને મૂર્તિ, સભા ને અક્ષરધામ તે અણુ જેટલું છેટે ન રહે, પણ બહારવૃત્તિવાળાને લાખો ગાઉનું છેટું છે. આ તો બ્રહ્મસભા છે ને સુખદાયી છે. આ સભામાં શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત વિરાજે છે તેનો ખરો અનુભવ થાય તો આથી બીજું સુખ નથી.

## ૪૦

શ્રીજીમહારાજે પોતાના જે લાડીલા ને ખાનગી હજૂરી છે તેને કલ્યાણની કૂંચી સોંપી છે. જેમ રાજાનો દેશ લેવા બીજો રાજા આવે ત્યારે પોતાને ચઢવું પડે, તે આ જીવને લેવા શ્રીજીમહારાજ ને એમના મુક્ત આવ્યા છે. આજ ન્યાલકરણ પધાર્યા છે, જે લેવું હોય તે લ્યો. ખોટ બધી આ સભાના જોગથી નીકળે છે ને જાત કુજાત જોતા નથી, સર્વેને ન્યાલ કરે છે.

## ૪૧

આ સભા અક્ષરધામની છે અને તેથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે, અને શ્રીજીમહારાજ વિરાજમાન છે, એવી આ સભાને જાણે તે દિવ્ય થઈ જાય. જો ખોટું કહેતા હઈશું તો એનો જોખો એટલે ગુનો અમને છે પણ જે સાચું માનશે એને બહુ લાભ મળશે. માનો તો ય ભલે અને ન માનો તો ય ભલે. અમારે તો જેમ છે તેમ કહેવું છે, માટે આ વાત ભલા થઈને માનજો, તો અમ ભેગા હાલશો. અમે તો જીવને શ્રીજીમહારાજ પાસે લઈ જવા આવ્યા છીએ, માટે અમારો દાખડો સુફળ કરજો.

## ૪૨

શ્રીજીમહારાજે અમદાવાદના ૭મા વચનામૃતમાં કહ્યું છે

જે ગરુડ ઊડી શક્યો નહિ, પછી અમે એકલા જ ઊડ્યા. એમાં સમજવાનું એ છે જે ગુરુડની ગતિ ગોલોકથી આગળ ન ચાલી તેમ સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે. ગોલોક સુધી સાધન ચાલે, ત્યાંથી સાધન તૂટ્યાં. પછી તો શ્રીજીમહારાજ અથવા મુક્ત કૃપા કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે, ત્યારે પરમએકાંતિક થાય. પછી શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે, તે મૂર્તિમાં લઈ જાય છે. જેમ સમુદ્રમાંથી વેળ આવે તે વેળ પાછી વળે ત્યારે જીવજંતુને પાછા લઈ જાય છે, તેમ અનુભવજ્ઞાન મૂર્તિમાં લઈ જાય છે ત્યારે તે મુક્ત અનાદિ કહેવાય છે. તે અનુભવજ્ઞાન તે અનાદિમુક્ત જાણવા. આજ તો કૃપાસાધ્ય મહારાજ ને કૃપાસાધ્ય મુક્ત છે. આવા મહારાજ ને આવા મુક્ત કૃપા કરીને પધાર્યા છે, ને કૃપા કરીને મહિમાની વાત કરે છે, તેમાં કોઈને એમ થાય જે આ તો પોતાનો મહિમા કહે છે, પણ અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. તે જે માનશે તેને અમે જ્યાંથી આવ્યા છીએ ને જ્યાં રહીએ છીએ ત્યાં લઈ જઈને રાખીશું ને જેટલું છે તે સર્વે સુખ આપીશું. જેને વિશ્વાસ નહિ હોય ને આગળ થઈ ગયા તેવા આજ નથી, એમ સમજતા હશે, તેને ખોટ બહુ જ આવશે. અમારે તો સર્વેને લઈ જવા છે ને સર્વેને સમજાવી દેવા છે, પછી માનો કે ન માનો પણ જેમ છે

તેમ કહેવું છે. માટે અમારો દાખડો ભલા થઈને સુફળ કરજો, એટલે વાતો સાચી માનજો તો અમે તમામ પૂરું કરી દઈશું ને નહિ માનો તો અમારે ફેર દાખડો કરવો પડશે ને તમારે પણ ફેર જન્મ ધરવો પડશે ને નવ મહિનાની કેદ મળશે. તે દિવસે પણ આ વાત સમજશો તો જ પૂરું થશે. ને તે દિવસે પણ નહિ માનો તો વળી અધુરું રહેશે.

૪૩

આ સભામાં શ્રીજીમહારાજ તથા અનાદિ તથા પરમએકાંતિક તથા એકાંતિક એ સર્વે વિરાજે છે ને સાધનિકને બ્રહ્મચર્ય પળાવીને મુક્ત કરે છે. જેમ રાજા રૈયતની ખબર રાખે છે, તેમ તે સાજા સત્સંગની ખબર રાખે છે, એવો આ સંતને વિષે વિશ્વાસ હોય તો સુખ આવે; માટે આવા સંતમાં હેત કરવું. "હેત જોઈ હરિજનનાં વાલો પોતે થયા પ્રસન્ન" માટે શ્રીજીમહારાજ હેત જોઈને બહુ પ્રસન્ન થાય છે. આ મોંઘી વસ્તુઓ બહુ ઠેકાણે ન હોય! ઘરોઘર ન હોય! ઠામ ઠેકાણે જ હોય. આ મોંઘી વસ્તુ તમને મળી છે. આ વખતે ચીંથરે વીંટ્યાં રત્ન છે. માટે મીન તથા ચકોરની પેઠે હેત કરીને પૂરું કરી લેવું.

૪૪

"કર્તા થકા અકર્તા રે યુગયુગમાં નર દેહ ધરે" એવા

મહારાજ ને મહારાજના મુક્ત છે. જેવા છીએ એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તો પણ ઘો તથા તડકે રાખીએ, ભૂખે મારીએ તો પણ તેમ કરો. રાત કહીએ તો રાત કહો ને દિવસ કહીએ તો દિવસ કહો, એવા થઈ જાઓ, જો પૂરો મહિમા જાણો તો. તમે સર્વેએ આ મુક્તને ઓળખ્યા છે તે પૂર્વે તમે બધાં ય સાધન કર્યાં હશે, ત્યારે જ તમને આવા મોટા ઓળખાણા છે.

### ૪૫

આજ અનાદિમુક્ત મનુષ્યરૂપે દર્શન આપે છે, માટે ખરેખરી શરદઋતુ આવી છે. આ ઋતુમાં જેવાં ફળ પકવવાં હોય તેવાં પાકે તેમ છે. આગળ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુક સ્વામી ભેગા બેસીને સમાગમ કરતા. તેના વંશના આપણે છીએ, માટે આ સમાગમ કરી લેવો. આ રસનું પાન કરે તો રસ મળે, તે રસ મોટા અનાદિ તથા પરમ એકાંતિક ભોગવે છે ને સત્સંગમાં પ્રવર્તાવે છે તે સુખ લેવું જોઈએ. આ સભામાં અનાદિ તથા પરમ એકાંતિક તથા એકાંતિક છે અને શ્રીજીમહારાજ માંહે વિરાજે છે, માટે આ ને આ દેહે કરીને મૂર્તિના સુખના ભોક્તા થાવું ને મૂર્તિમાં જોડાવું. જે મૂર્તિથી ને આ સભાથી નોખા પડશે તેને સુખ નહિ આવે, માટે અનાદિનો વિશ્વાસ રાખવો. આ બોલીએ

છીએ તે સાચું છે, પણ આ મુક્ત ક્યાંથી હોય એવો તર્ક ન કરવો; કરશો તો ખોટ આવશે.

૪૬

શ્રીજીમહારાજ અથવા મુક્ત મળે, તે જીવને મુક્ત કરે તે હીરો વિંધ્યો કહેવાય. શ્રીજીમહારાજ પોતે મળે અથવા મુક્ત મળે તો શ્રીજીમહારાજનું સર્વોપરીપણું ને સદા દિવ્ય સાકારપણું સમજાવીને મુક્ત કરે, માટે જીવને મુક્ત કરવા તેમાં જેવા શ્રીજીમહારાજ છે તેવા જ તેમના મુક્ત સમર્થ છે, પણ મુક્ત સેવક છે ને મહારાજ સ્વામી છે, અને મુક્ત સુખના ભોક્તા છે ને મહારાજ સુખના દાતા છે, પણ જીવનાં કલ્યાણ કરવામાં તો મહારાજ ને મુક્ત બે ય સરખા છે. એવા ભગવાન કે મુક્ત મળે ત્યારે એમની અનુવૃત્તિમાં રહેવું.

૪૭

અક્ષરથી પર અક્ષરધામ તેમાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ ને તેમના અનાદિમુક્ત રહ્યા છે, તેમની સભા આ બેઠી છે; માટે ધામમાં જાવું છે, જાવું છે એમ ન કરવું.

૪૮

શ્રીજીમહારાજ ને મોટા તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ દિવ્ય છે અને આ મનુષ્યભાવ તો પોતાના સંકલ્પે કરીને

દેખાડે છે, માટે જે જોઈએ તે પ્રત્યક્ષ મહારાજ ને મોટા મળ્યા છે. આ પ્રાપ્તિ મોટી છે, અતિશય મોટી છે, અને ક્રિયા સ્થાનમાં બેઠા છીએ ને કોનો જોગ થયો છે, તો અનાદિમુક્ત સાક્ષાત્ મળ્યા છે.

૪૯

આ સભા દિવ્ય છે અને આ સભામાં આ મુક્તને વિષે દિવ્ય મૂર્તિ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ વિરાજીને મંદમંદ જુએ છે, મંદમંદ હસે છે, મંદમંદ પ્રસાદી આપે છે; જો ઓળખાય તો.

૫૦

શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે જે "માતાના ઉદરમાં મૂર્તિ દેખતા" તે મુક્તની સ્થિતિ કહી છે. આજ આવા મોટા પુરુષને મહારાજે મોકલ્યા છે, માટે આ દાવ હારવો નહિ. આ શબ્દ જીવમાં ઉતારતા આવો તો જીવ પાત્ર થતો આવે. આ વખતે શરદઋતુ છે. જો આ વાતોમાં આતુરતા હોય તો મહારાજની મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય ને એક એક શબ્દ લાખ, કરોડ રૂપિયાનો થઈ પડે. જો આ શરદઋતુ જાણી હોય તો. જેમ ફળ, પુષ્પની ઉત્પત્તિ થવાની ઋતુ આવે છે, તેમ આ મોક્ષની ઋતુ આવી છે. અમારા મુખમાંથી વચન આવે છે તે શ્વાંત છે, તેને ઝીલનાર હોય તો કાંઈનાં કાંઈ ફળ પાકી પડે. બીજા

અવતારો હતા તે શરદઋતુ ન કહેવાય, આજ શરદઋતુ ખરી આવી છે, તે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે જે "શરદઋતુમાં આવે જો ઘનશ્યામ, રંગભર રમીએ" આ સંત અક્ષરધામનો દરવાજો છે. અમે શ્રીજીના મુખમાંથી લઈને સુખ પ્રવર્તાવીએ છીએ અને મૂર્તિમાંથી લઈને વાતો કરીએ છીએ ને મૂર્તિનો રસ પ્રવર્તાવીએ છીએ; એ શ્વાંત વરસાવીએ છીએ, તે કંઈકનાં કામ થઈ જાય છે.

## ૫૧

મૂર્તિમાં જોડાઈ બેઠા હોય તે મૂર્તિમાંથી બહાર ન નીકળે, રસબસ જોડાઈ રહ્યા હોય. ધ્યાનમાં જાય તે જળમીનવત્ રહે, જેમ જળમાં પડ્યો તે કોરો રહે નહિ તેમ. એના અવયવ શીતળ, ઇંદ્રિયો શીતળ, અંતઃકરણ શીતળ અને ચિત્ત અખંડ ભગવાનના ચિંતવનમાં રહે. ધ્યાન કરતાં, માળા ફેરવતાં, એ મૂર્તિની બહાર નિકળાય નહિ; એ યોગીની નિદ્રા કહેવાય. મૂર્તિના ઘરાક થાવું, જે એના ઘરાક નથી થાતા તે તો મૂર્તિ વિના વાંઝીયા પડ્યા છે, માટે એક ભગવાન ને તેમના સંત રાખીએ તો શીતળ, શાંત રહેવાય. એ મૂર્તિનું તેજ ઝળળળ ઝળળળ નીકળે છે. એ તેજમાં ઠરે પણ નહિ, બળે પણ નહિ, આનંદ આનંદ રહે, બીજું કાંઈ ભાસે જ નહિ, મહારાજ કહે મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે આ લોક, ભોગ, સગાં, સંબંધી, નાત, જાતમાં ક્યાંય વૃત્તિ રહે

નહિ. એક મૂર્તિના સુખે જ સુખી થઈ જવાય. એ સાધનમાં સર્વેએ રહેવું. એ સાધન જબરું છે. એ સાધન કર્યા વિના પાર નહિ આવે. એ સાધન તે સર્વે સાધનનું ફળ છે. આજ વખત સારો છે. એ જોગ તમને મળ્યો છે. મોટાનો જોગ કરતાં કરતાં મૂર્તિ મળે છે અને આવો મોટો જોગ મળવો તે પણ મોટા ભાગ્યવાળાને મળે છે, માટે આ જોગ કરવો. મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી અને અખંડ મહારાજના સ્વરૂપમાં જોડાઈ રહેવું, એ બહુ જબરી વાત છે.

## ૫૨

મોટા મોટા સંત હતા તે મૂર્તિમાં રસબસ જોડાઈ બેઠા હોય. એ મૂર્તિમાંથી તેજના ફૂવારા છૂટે. તે શીતળ ને શાંત ને સુખરૂપ ને આનંદરૂપ એવા મહારાજની મૂર્તિના સુખે સુખિયા હતા. આજ આપણે ઘરાક થાવું.

## ૫૩

મૂર્તિમાં જોડાઈ જાય ને તેમાં સ્થિર વૃત્તિ થાય તેમાં દાખડો નથી પડતો. અને જેમ જેમ તેવી સ્થિતિ થાય તેમ તેમ અનુભવજ્ઞાન આવતું જાય. સર્વે જ્ઞાનનો રસ તે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું જ્ઞાન તે અનુભવજ્ઞાન છે.

## ૫૪

આપણે એક શ્રીજીમહારાજને પકડીએ, તે આપણા ભેળા

હોય તો હચ્યો. અમારે ઘેર એક વેપાર છે. બીજો વેપાર છે ય નહિ ને કોઈ કરશો ય નહિ.

## ૫૫

શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે. અને મુક્તો ભેળા ફરે છે અને સત્સંગની રમત જુએ છે.

## ૫૬

મહારાજે આ સભા અક્ષરધામની કહી છે, માટે આ સભાને દિવ્ય જાણવી અને મૂર્તિઓને વિષે ધાતુ પાષાણ ભાવ ન રાખવો. અમારો સિદ્ધાંત એવો છે.

આ સભા તો અક્ષરધામનો દરવાજો છે અને પૂરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય ત્યારે થાય. જે મૂર્તિ સાથે રસબસ કરે તે અનુભવજ્ઞાન કહેવાય. તે મહારાજની મૂર્તિમાં જોડાય તો એવું જ્ઞાન થાય.

જેમ જળ પોતે ઊંડુ લઈ જાય છે તેમ પુરુષોત્તમ નારાયણની ખુશબો છે તે જીવને ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે. એ ખુશબો તે અનુભવજ્ઞાન જાણવું. તે સર્વેથી પર શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને સમજે ત્યારે અનુભવજ્ઞાન થયું કહેવાય, પણ ખોટાને ખોટું કરે તે સાચું જ્ઞાન ન કહેવાય. મહારાજની મૂર્તિથી ઓરું અક્ષર પર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુજીની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવજ્ઞાન કહેવાય, માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરીને

મૂર્તિમાં રસબસ થઈ જવું. અનાદિ વસ્તુ જે મહારાજ ને મુક્ત તેમને ઓળખવા.

### ૫૭

મહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે.

સર્વના આધાર, સર્વના કર્તા, સર્વના નિયંતા અને સર્વ દિવ્યના પણ દિવ્ય, એવા ભગવાન આપણને મળ્યા! એમાં કોઈએ કુતર્ક કરવો નહિ.

### ૫૮

આપણે ક્ષર અક્ષરથી પર પુરુષોત્તમ નારાયણની મૂર્તિ, તેને બાઝવું. આવો જોગ ક્યાંથી મળે?

શ્રીજીમહારાજની મૂર્તિ વિના “સબ જગ જરત અંગારા” એવું થઈ જાય, તેને ઉપાસના કહીએ.

### ૫૯

મૂર્તિનું સુખ અપાર, અપાર અને અપાર! તેનો કોણ પાર લે? હાથ જોડી વિનંતી કરીએ તો સુખિયા કરી દે.

### ૬૦

મહારાજની મૂર્તિનો સુખભોક્તા થયો તેને ઝળળળ ઝળળળ મૂર્તિનું તેજ છૂટે, પૂરું ન થવાય કે હવે જમી રહ્યા.

કલ્પે કલ્પ વીતી જાય ત્યાં સુધી અપારપણું રહે. મહારાજની શું મોટાઈ કહેવાય! એ સુખ એવું છે કે અપારપણું જ રહે.

૬૧

'અક્ષર પર આનંદઘન' એટલે અક્ષરથી પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ પોતાના મુક્તો સહિત રહે છે, ત્યાં તેજના ફુવારા છૂટે છે, તેમાંથી ખુશબો આવે છે, તે ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે, માટે તે મૂર્તિમાં રસબસ થઈ રહેવું. ભક્તિ સેવા કરીએ તેમાં મહારાજ ભેગા ને ભેગા રહે, એવી રીતે કરવી.

૬૨

નિશ્ચયરૂપી પાયો પાકો જોઈએ, હલર વલર કરવું નહિ. ધ્યાન, ભજનમાં તાન રાખીને મૂર્તિ સિદ્ધ કરવી જોઈએ. ધણી હાથ આવે તો રસના આદિકમાં તાન રહે નહિ. "વાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીએ રે લોલ" જો મૂર્તિનો રસ ચાખ્યો હોય તો બીજા કોઈ પદાર્થમાં તાન રહે નહિ.

૬૩

આજ મોટા મોટા સત્સંગમાં બેઠા છે, તેમનો જોગ કરીને પૂરું કરી લેવું. આ સભા અક્ષરધામની જ છે અને ત્યાં જ

વાતો થાય છે. શ્રીજીમહારાજે નરનારાયણના સમ ખાધા છે, માટે આ સભા અક્ષરધામની જાણે તો સુખના સમુદ્રમાં ઝીલે. દાસાનુદાસ થાય તો મૂર્તિમાં જોડાય. ત્રિવિધિના તાપ સહન કરીને મૂર્તિમાં જોડાઈ જાવું, તેમાં સુખ છે. જેમ દૂધને સાકર એકરસ થઈ જાય છે, તેમ મૂર્તિમાં રસબસ થઈ જાય તો ત્રિવિધિ તાપ ન નડે.

૬૪

આપણે મૂર્તિમાં રહેવું. મૂર્તિ મૂકવી નહિ. જો મૂર્તિ ભૂલ્યા તો ગોળીઓ આવે, માટે સભા સહિત મહારાજને પધરાવી લેવા; એકાંતિકથી પર પરમ એકાંતિક ને તેથી પર અનાદિ જુદા છે. "મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ." આદિ તે આ બેઠા જો ઓળખો તો; અને અનાદિ તે અક્ષરધામમાં બેઠા તે. જો મહારાજ ભેગા હશે તો બધું ય છે. મહારાજને મેલીને મોટા થાવું તે તો કાંઈ કામનું નથી.

૬૫

મૂર્તિમાં અપાર ને અલૌકિક સુખ છે તે અનંત મુક્ત મૂર્તિમાં રહીને ભોગવે છે પણ પાર પામી શકતા નથી. જેમ ચિંતામણી નાની છે પણ અનંત જનના સંકલ્પ સત્ય કરે છે અને જે જે ઇચ્છે તે આપે છે તેમ મહારાજની મૂર્તિના સુખમાં અપારપણું છે.

૬૬

આ સંતો બધા અનાદિમુક્ત છે ને ભગવાનરૂપ છે. તે પ્રત્યક્ષ ભગવાનનો અનુભવ કરાવે છે અને અનુભવજ્ઞાન આપી સાક્ષાત્કાર કરાવે એવા છે.

૬૭

"અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ" એ અક્ષરની સભા જુદી થઈ, આપણે તો અક્ષરથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છીએ.

સાકાર અક્ષરથી પર જે મહારાજના તેજરૂપ અક્ષરધામ તેમાં રહ્યા જે શ્રીજીમહારાજ તે પોતે પધારે ત્યારે તેમને ઓળખીને તેમનો આશરો કરે તો એ અનુભવજ્ઞાન આપીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી મૂર્તિમાં જોડી દે, કાં તો એ મૂર્તિમાં રહેનારા આવા અનાદિમુક્ત મળે તો એવી પ્રાપ્તિ કરાવે; તે વિના સાધને કરીને એ સ્થિતિ પમાય નહિ. એવા મુક્તનો મહિમા તો અપાર છે. તે અ.મુ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે જે 'મારા પરમહંસની મોટા મોટા દેવ, તથા અક્ષરાદિક મુક્ત, અને સર્વે અવતાર પ્રાર્થના કરે છે ને દર્શનને ઇચ્છે છે.' એવી જ રીતે વિધાત્રાનંદ સ્વામીએ કરેલ "પુરુષોત્તમ નિરૂપણ" તથા ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ મહિમા કહેલ છે.

૬૮

આ મૂર્તિ ને આ સંત તે અનાદિ કરે એવા છે. આજ તો ખંપાળી નાખવા આવ્યા છીએ. તે જેમ લાંપડામાં ઝાકળ પડે તે ભીનું કરે, પછી ખંપાળી ફેરવે તે બધું તણાઈ આવે; તેમ આ સંત ભીના કરે છે. અમે ભેળા કરીએ છીએ, એટલે મહારાજની મૂર્તિમાં લઈ જઈને સુખિયા કરીએ છીએ, તેમાં વળી કોઈ તરણું હેઠે પડી જાય તો પડ્યું રહે; તેમ કોઈ ન માને તો પડ્યા રહે છે.

૬૯

જ્ઞાન પણ ઘણા પ્રકારનાં છે, પણ અનુભવજ્ઞાન થાય તે ખરું. મૂર્તિમાં રસબસ રહેવું, તે અનુભવજ્ઞાન કહેવાય. "રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પયમાંહી ભળી" એમ મૂર્તિમાં જ રહેવું, પણ બહાર નીકળવું જ નહિ. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ, કાંઈ જોઈએ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખા રહે નહિ. મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ. એક મૂર્તિ જ રહે.

૭૦

શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત તે

મહામુનિ કહેવાય છે. તે પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે. "મહામુક્ત મુનિને સાથે લાવીયા રે લોલ, જેનાં દર્શન કર્યાથી પાપ જાય" તે મહામુનિ આ સંત. "મહામુક્ત પૂજે જેની પાદુકા રે લોલ" તે આ મહામુનિ મહાપ્રભુજીની પાદુકા પૂજે છે.

૭૧

આજ કૃપાસાધ્ય ભગવાન છે તે કૃપા અપાર કરે છે. પણ તમારે સર્વેને મૂર્તિમાં જોડાવું પડશે. તમે મહારાજની મૂર્તિમાં જોડાઓ, અમે સુખ અપાવીશું.

૭૨

દિવ્ય મૂર્તિમાં રહ્યા તેમાં બોલવાનું જોવાનું છે તે બધું મહારાજનું છે. એકાંતિકને વિષે પણ મહારાજ સર્વે ક્રિયા કરે છે તો અનાદિને તો કાંઈપણ ક્રિયા હોય જ શાની! એ તો મૂર્તિના સુખમાં લુબ્ધ હોય તેથી બીજું કાંઈ કરતા જ નથી.

૭૩

મૂર્તિમાં શાંતિ છે, બીજે શાંતિ નથી. માટે મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે.

૭૪

આ સભા દિવ્ય છે, મહારાજ ને તેમના અનાદિમુક્ત

નિર્ગુણ છે; આ સભાને મહારાજ સાથે એકતા છે. આવા મોટા સંત જ્યાં વિચરે તે ભૂમિનાં અહોભાગ્ય! આ ટાણું બહુ દુર્લભ છે. આ સભા અક્ષરધામની છે, એમ મહારાજ કહે છે. એવો મહિમા જણાય તો કાંઈ બાકી રહે નહિ.

## ૭૫

આપણે તો મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે, તેમાં રસબસ થઈ રહેવું.

પ્રકૃતિના કાર્યને તો જોઈ જોઈને જીવ થાકી ગયા છે. તે જો મહારાજની મૂર્તિમાં જોડાય તો અહોહો થઈ જાય.

મૂર્તિમાં જોડાઈ ગયો તેને બીજું કાંઈ ભાસે કે સાંભરે નહિ. તે અનુભવજ્ઞાન કહેવાય.

## ૭૬

મૂર્તિમાંથી ઝળળળ ઝળળળ તેજ છૂટે છે. તે તેજમાં મૂર્તિ રહી છે. તે મૂર્તિમાં કલ્પે કલ્પ વીતી જાય. તો પણ એ સુખમાંથી બહાર અવાય જ નહિ. સદાય મૂર્તિમાં જ રહેવાય, તે ઉત્તમ સ્થિતિ છે. એ કરવા આપણે ભેળા થયા છીએ.

## ૭૭

પ્રગટ હોય ત્યારે ઓળખવા ઘણા દુર્લભ છે. આ સભા

સર્વે દિવ્ય તેજોમય છે અને અનાદિમુક્ત તો મહારાજની મૂર્તિમાં રસબસ ભાવે જોડાઈ રહ્યા છે. મુમુક્ષુને પણ મૂર્તિમાં રસબસ કરી મૂકે છે. પરમ એકાંતિક તો પોતા જેવા કરે છે, અનાદિ તો મૂર્તિમાં જ છે અને દેખાવ શ્રીજીમહારાજનો છે. તે અનાદિ તો મૂર્તિમાં લુબ્ધ છે એટલે મહારાજ સર્વેને ઉપદેશ કરે છે અને દર્શન આપે છે.

૭૮

મહારાજ અને મુક્ત સદા સત્સંગમાં છે, છે ને છે જ. આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે, માટે સદાય પ્રત્યક્ષ છે. તે અંતર્દૃષ્ટિએ કરીને જુએ અને મહારાજનો ને મોટાનો વિશ્વાસ લાવે, તો આ ફેરે જ છેલ્લો જન્મ થઈ જાય.

૭૯

આપણે તો એક સ્વામિનારાયણ ભગવાનમાં વળગી રહેવું, એટલે આનંદના ઢગલા; મૂર્તિમાં રસબસ રહેવું.

૮૦

મહારાજ અને મુક્ત તો દેહ વિનાના કહેવાય તેમને તો આ લૌકિક ક્રિયા જે ખાવું, પીવું તે નથી. તે તો જમતા થકા અજમતા છે. એમ જ સર્વે ક્રિયા કરતા થકા અકર્તા છે.

મહારાજના મહિમાનો પાર ન આવે. એવી દિવ્ય મૂર્તિ છે, અપાર છે, તે પાર પામી શકાય તેવું નથી.

૮૧

સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે તેનું ધ્યાન કરે તો સુખમય આનંદમય ફુવારા છૂટે.

૮૨

જેમ શ્રીજીમહારાજ દિવ્ય છે તેમ મોટા પણ દિવ્ય છે. પણ સુખભોક્તામાં સ્વામી-સેવકપણું રહે છે. મહારાજ સુખના દાતા છે અને મુક્ત સુખના ભોક્તા છે.

૮૩

જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્કાર થાય છે. જેમ જળમાં માછલાં રમે છે, તેમ મુક્ત મહારાજની મૂર્તિમાં રમે છે.

આ સભા સર્વે અક્ષરધામની છે અને મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે. એવું ભાસે ત્યારે એમ ધારવું જે દિવ્યભાવ થયો.

૮૪

મહારાજની મૂર્તિમાં અનંતકોટિ મુક્ત સાકાર થકા સળંગ રહ્યા છે, તે અનાદિની સ્થિતિ છે.

## ૮૫

શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહીને ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાનકોટિ નવીન નવીન ઉત્પન્ન થતાં જે સુખ તેને ઉત્પન્ન થવાનાં સ્થાનક તેણે સહિત એકકાળાવચ્છિન્ન એ સર્વે સુખને જાણતા થકા ભોગવે છે. તે મૂર્તિનો અને સુખનો પાર કોઈ પામી શકતા નથી, એવું એ મૂર્તિનું અકળપણું છે. એમ પોતે ભોક્તાપણે સર્વેને જાણતા થકા એક સાથે જ સર્વ સુખને ભોગવે છે. એ મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય. મહારાજ અને અનાદિમુક્તનું સ્વરૂપ તો સદા ભેગું જ છે. જુદાપણું છે ખરું. કેવી રીતે તો મુક્ત ભોક્તા છે અને પુરુષોત્તમ દાતા છે. મુક્ત દાસ છે અને પુરુષોત્તમ સ્વામી છે; તેમ પુરુષોત્તમના અને અનાદિ મુક્તના સામર્થ્યમાં ને સુખમાં ફેર છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને તો એવા અનંત મુક્ત પુરુષોત્તમની કૃપાએ કરીને પામ્યા છે, તો પણ પુરુષોત્તમના સુખનો કોઈ પાર પામી શકતા નથી. અપાર ને અપાર સદા રહ્યા કરે છે અને નિત્ય ક્ષણ ક્ષણ પ્રત્યે અધિક અધિક અપાર અપાર સુખ વધતું જ જાય છે, તેનો અંત જ આવતો નથી; એવા પુરુષોત્તમ ભગવાન છે.

## ૮૬

આ સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન દે છે, સેવા

અંગીકાર કરે છે; એવી અલૌકિક સભા છે.

પુરુષોત્તમની મૂર્તિ સંબંધી સુખ કેવું છે તો બહુ અલભ્ય છે, બહુ આનંદ આપનારું છે, અતિશે અપરિમિત છે.

મોટા અનાદિના જોગે કરીને મોટાના સરખું શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ જે ભક્ત પામે છે તેને એક મહારાજને વિષે જ દાસપણું રહે છે અને મહારાજની મૂર્તિમાં રહ્યો થકો એકકાળાવછિન્ન એ મૂર્તિમાંથી અનંત ઉત્પન્ન થતાં નવીન નવીન સુખ તેને જાણતો થકો ભોગવે છે.

## ૮૭

શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ મહા અનાદિમુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. તેના જેટલા જે અધિકારી પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે. બાકીનું સુખ પાછું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઈ જાય છે, પણ તે મૂર્તિ વિના અધર પધર બીજે રહેતું નથી.

## ૮૮

મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે તેણે કરીને એ સર્વે મુક્તો સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો રસબસ રહ્યા થકા રોમરોમનાં સુખ લે છે. આવો લહાવ આ ટાણે મહારાજે સુગમ કર્યો છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે. આ સભા દિવ્ય જણાય તો મહારાજ, અનંત મુક્ત, આ

સંત-હરિભક્તો, સર્વે દિવ્ય તેજોમય ભાસે. આ તો અલૌકિક વાત છે.

## ૮૯

શ્રીજીમહારાજની મૂર્તિને વિષે અનંત અપાર મુક્ત રહ્યા છે, જેમ કમળના ફૂલને વિષે પાંખડીઓ રહી છે તેમ. એક હરિભક્તને મહારાજે એવું દર્શન આપ્યું જે મુક્તો ચારે તરફ બ્રહ્માંડમાં ઝળેળાટ કમળની પાંખડીઓ ઉપરાઉપર દોઢે ગુંથાએલી છે તેમ તે મુક્તોની ઠઠ દેખી. પછી તે સર્વે પાછા શ્રીજીમહારાજની મૂર્તિને વિષે ભાસ્યા.

## ૯૦

અનંત પ્રકારનાં સુખ માત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે તે એક દર્શન માત્રમાં આવી જાય છે, જો મૂર્તિના સુખમાં ઊતરે તો સાધન માત્ર તે ભેળાં સિદ્ધ થઈ જાય છે. મહારાજ તથા મોટા અનાદિની વાતો ન સમજ્યામાં આવે તો પણ તેનો કસ જીવમાં રહે છે. જેમ પૂળાની કાલરમાં ઝાકળ પડે છે તેની હવા કાલરમાં સોંસરી પડી જાય છે. તેમ વાતો ન સમજાય તો પણ તેની હવા જીવમાં સોંસરી પડી જાય છે. જો દેહને ખોટો કરીએ તો તે ભેળી જેટલી અસત્ય વસ્તુ છે તે સર્વે ખોટી થઈ જાય. જો એક મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી. આપણે તો પુરુષોત્તમરૂપ થાવું તો જ

પુરુષોત્તમ પમાય. તેમાં કોઈને શંકા થાય જે પુરુષોત્તમરૂપ થઈએ તો સ્વામી સેવકપણું કેમ રહે? તો એનું એમ છે જે જેમ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ કહેવાય પણ દીકરાનો નાતો ટળતો નથી; તેમ પુરુષોત્તમ તે સ્વામી અને મુક્ત તે સેવક એ નાતો ટળતો નથી. પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમરૂપ થઈ જાય તો પણ સુખના આપનાર મહારાજ છે ને મુક્ત સુખ લેનાર છે. મહારાજની મૂર્તિમાંથી સર્વેને સુખ આવે છે, માટે સ્વામી-સેવકપણું વધતું જાય છે. મોટા તો સદા મૂર્તિના સુખે સુખિયા છે, કલ્પે કલ્પ વીતી જાય તો પણ મૂર્તિના સુખમાંથી નીકળતા જ નથી. મોટા મુક્ત તો સર્વેને દિવ્ય જ દેખે છે. જીવમાં માયા હોય તો મોટાની દૃષ્ટિમાં આવે જ નહિ. અનંત મુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા છે, તે જેમ મંદિરમાં હજારો મનુષ્યની સભા ભરાઈને બેઠી હોય ને તે ઉપર બીજી સભા હોય તેમ એક બીજી સભા ઉપર સભા હોય; તેમ હજારો સભાઓ થઈ હોય તે સર્વે આ તકતામાં મૂર્તિ છે તે મૂર્તિમાં જોઈએ તો સર્વે સભાઓ દેખાય છે. તે મૂર્તિને સભાની રોકાણ થતી નથી; તેમ જ મહારાજને તથા મુક્તને એક બીજાની રોકાણ થતી નથી. મૂર્તિમાં મુક્ત સુખ લીધા જ કરે છે, તેમાં કોઈને એક બીજાનું આવરણ નથી; તે મુક્ત સર્વે મૂર્તિમાં લુબ્ધ છે.

૯૧

જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય; તેને સત્સંગમાં દાસાનુદાસ થઈ રહેવું. ભગવાનના ભક્ત સાથે જળ સ્નેહી મીન તેવું હેત રાખવું, નિર્માનીપણું રાખવું. મહારાજનું અખંડ ભજન કરવું તો મહારાજ તથા મોટા રાજી થાય.

૯૨

મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય સુખ નથી. એ મૂર્તિમાંથી તેજ ફરર ફરર છૂટે છે, તેને પામે તો જીવ સુખિયો થઈ જાય; બાકી અક્ષર સુધી ક્યાંય સુખ નથી. માટે મૂર્તિ સિવાય કાંઈ ઇચ્છવું નહિ.

૯૩

મોટા અનાદિની સેવા કાંઈ થોડે ભાગ્યે મળતી નથી અને તેથી બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી; માટે મોટાની ક્રિયામાં સંશય કરવો નહિ. મોટા ઊંઘે ત્યારે નસકોરાં બોલતાં હોય એમ જણાય, પણ તે તો મહારાજની મૂર્તિમાં ગુંજારવ કરતા હોય.

મોટા અનાદિને ઓળખી. તેમને મન સોંપી દે તો એક ક્ષણમાં કલ્યાણ કરે. નહિ તો છ માસ ભેળો રહે તો પણ શું?

આપણે તો એક ચિંતામણિરૂપ મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિમુક્તનો જોગ રાખવો. આવા મુક્તના પ્રસંગ

સિવાય મહારાજની મૂર્તિ દેખાતી નથી. શ્રીજીમહારાજે કહ્યું છે, "તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોર પણ દેખતા." તે અનાદિમુક્તની સ્થિતિ છે.

૯૪

શ્રીજીમહારાજનો જરાક ઝબકારો જીવમાં આવે કે તુરત કારણ શરીર બળી જાય છે. જેમ જરાક અગ્નિનો તણખો બાળી મૂકે છે તેમ. માટે કારણ મૂર્તિને પામવા કારણરૂપ એવા અનાદિમુક્તનો જોગ સમગામ કરી મહિમા જાણવો. મોટા મુક્તનો મહિમા સ્વામીસેવકભાવ રાખીને જેટલો કહેવો હોય તેટલો કહેવાય. તે એવી રીતે કે મહારાજ સુખદાતા છે ને મુક્ત સુખ ભોક્તા છે. એવા મુક્તની કૃપા ક્યારે થાય? તો પુરુષ પ્રયત્ને કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિદ્ધ કરે તો. મોટાની કૃપા વિના મહારાજના સુખમાં કે મૂર્તિમાં કોઈ પણ પ્રકારે જીવની દૃષ્ટિ પહોંચતી નથી.

સિદ્ધ મુક્તને મતે તો અણુ અણુ પ્રત્યે ભગવાન રહ્યા છે, ક્યાં ભગવાન નથી? બધે ભગવાન છે. કેમજે એમની દૃષ્ટિ મૂર્તિ આકારે છે, એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.

## ૯૫

આવા મહારાજ ને આવા મુક્ત પ્રત્યક્ષ છે, માટે જે કરો તે થાય. આવો વખત ભૂલવો નહિ અને સત્સંગની લટક રાખવી. લટક તે શું? તો મહારાજની મૂર્તિનું તાન રહે તેવા ગુણ દરેકમાંથી લેવા.

મૂર્તિમાંથી જળસ્, જળસ્ તેજ નીકળે છે. તે તેજ શીતળ, શાંત, બાળે તેવું નહિ તેમ જ ઠારે તેવું નહિ; એવું તેજ છે. એવો મહારાજની મૂર્તિમાં માલ છે, માટે સર્વ ક્રિયામાં મૂર્તિમાં જોડાવું, તેના સામું જોઈ રહેવું; તેનો વિચાર કરવો. આવા સંત મળ્યા છે, આવો જોગ મળ્યો છે. આ વખતે નહિ કરીએ ત્યારે ક્યારે કરશું? વસમી વેળાએ વહાર કરનારા આ મુક્ત છે તે અત્યારે જણાય નહિ. અત્યારે આપણી સાથે વાત કરતા હોય અને કેટલાકને અક્ષરધામમાં મૂકી આવતા હોય. એવા મુક્ત ઓળખાય નહિ તો મોટી ખોટ આવે. તેથી મુક્ત ઓળખવા જોઈએ. મુક્તના તો સંકલ્પ ચાલે છે. ગુજરાતમાં એક હરિભક્તને એક લાખ ગોપાળાનંદ સ્વામી દેખાણા ત્યારે તેણે પૂછ્યું જે સ્વામી તો એક છે અને આટલા અનેક કેમ? ત્યારે તે બોલ્યા કે અમે ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ છીએ. એવા મોટાને અતિ હેતે સંભારવા ને મૂર્તિમાં જોડાઈ રહેવું. દેહ મૂકતી વખતે મહારાજ ને લાખો મુક્ત તેડવા આવશે, ત્યારે મહારાજ ને આવા અનાદિનો ખરેખરો મહિમા સમજાશે.

૯૬

મોટાની અનુવૃત્તિમાં રહી પ્રસન્ન કરે તેનું કલ્યાણ થાય, એવા એ કૃપાસાધ્ય છે. મહારાજનો કે મોટાનો જોગ થયો એટલે સંપૂર્ણ માનવું. મહિમા અપાર છે અને કરવાનું પણ અપાર છે. મહારાજ તથા મોટાની સાથે જીવ જોડીને આજ્ઞા પાળવાથી પૂર્ણ થવાય; માટે મહારાજનાં વચન યથાર્થ પાળવાં. આપણને મહારાજ અને મોટા મળ્યા; હવે કોઈ વાતનો ાંધો રહે તેમ નથી.

૯૭

મોટા મુક્તને વિષે મન, કર્મ, વચને બંધાઈએ તો તેમના જેવી સ્થિતિ થાય, માટે મોટા અનાદિને દિવ્ય ભાવે સંભારવા તો મૂર્તિથી બહાર નીકળાય નહિ ને સાધર્મ્યપણું આવે. મહારાજને સજાતી થાય ત્યારે સાધર્મ્યપણું કહેવાય.

એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા; ત્યારે તેમને એવું દેખાણું જે આખું બ્રહ્માંડ મુક્તથી ઠસાઠસ ભરાઈ રહ્યું છે અને વચ્ચે મહારાજ બિરાજમાન છે. પછી તેમને સંકલ્પ થયો જે મારે મહારાજ પાસે ક્યાં થઈને જવું એટલે સર્વે મુક્ત મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. એમ મુક્ત મૂર્તિમાં રહે છે, તે મુક્ત સદા સાકાર છે. એવા મહામુક્તની કૃપાએ અંતર્વૃત્તિ થાય તો સત્સંગ બધો ય દિવ્ય જણાય. આપણને

ખરેખરો મુદ્દો મળ્યો છે. પણ બાળકની પેઠે અજાણમાં જાય છે. મહારાજની મૂર્તિથી મુક્ત જુદા નથી, જુદા સમજે તો નાસ્તિકભાવ છે. મૂર્તિ તો સદાય એક સરખી જ છે, પણ મહિમાનું અપારપણું છે અને સુખ, પ્રકાશ, સામર્થીનું અપારપણું છે. તે હેતુ માટે મૂર્તિનું અપારપણું કહેવાય છે.

## ૯૮

મહારાજ તથા મોટા અનાદિમુક્તના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું. અનાદિમુક્તમાં જીવ બાંધે તેને પોતાના જેવા દિવ્ય કરી મૂકે છે. જેને મોટા મુક્તનો જોગ ન થયો હોય તેને માયા ઘણી બળવાન જણાય છે, પણ મોટાના જોગમાં રહે તેને પરાભવ કરી શકે નહિ. મોટા તો સ્વતંત્ર હોય તે માયામાં પણ નિર્લેપ રહે, સ્વતંત્ર પ્રગટ થાય અને અનંત પતિત જીવોનો ઉદ્ધાર કરી નાખે એવું એમાં સામર્થ્ય છે. જેટલું મહારાજ જાણે દેખે ને કરે તેટલું મોટા મુક્ત પણ કરે. એ માટે અનાદિમુક્તને વિષે પણ મહારાજના જેવો દિવ્યભાવ લાવવો. આવો સત્સંગ સમજાણો અને ખરા મોટા મળ્યા તેને બીજે તણાવું નહિ. મોટા અનાદિ અનંતકોટિ બ્રહ્માંડની ક્રિયાને હસ્તામળ દેખે છે અને અસંખ્ય જીવને વર્તમાનકાળે અક્ષરધામમાં મૂકી આવે છે, માટે સત્સંગમાં જ છે, ખોળવા જવું પડે તેમ નથી; પણ જીવને વિશ્વાસ આવતો

નથી. જો મહિમા સમજે તો મહારાજના દર્શન જેવો જ અનાદિમુક્તના દર્શનનો લાભ છે. એવા મોટા મુક્ત મહારાજની સમૃદ્ધિ છે. શાસ્ત્રમાં જે કાંઈ વાત આવે તે મહારાજ તથા તેમના મુક્તના સંબંધને પમાડવી. મૂર્તિના સુખના ભોક્તા તો મુક્ત જ છે. પણ અક્ષરાદિક કોઈ અવતાર એ સુખને પામતા નથી. ગર્જના ભેળી વિજળી હોય, તેમ મહારાજ ભેળા મુક્ત છે; તે અહીં પણ ભેળા જ છે. શ્રીજીમહારાજ કેટલાક મુક્તોને સ્વતંત્ર રાખે ને કેટલાક મુક્તોને પરતંત્ર રાખે છે. પણ જેવા સ્વતંત્ર મુક્ત સમાસ કરે તેવો એ મુક્તથી ન થાય. એવી સ્વતંત્ર મુક્તમાં સત્તા રહી છે. જેમ પૃથ્વીમાં ચક્રવર્તી રાજાની સત્તા છે, તેમ સ્વતંત્ર મુક્તની સત્તા છે. માટે સ્વતંત્ર મુક્તનો જોગ મન, કર્મ, વચને કરે તો કાંઈ ખામી રહે નહિ.

### ૯૯

મહારાજ અને અનાદિમુક્તને જુદાપણું નથી, રસબસ છે, તાણાવાણાની પેઠે છે.

### ૧૦૦

આપણે તો મહારાજના મોટા અનાદિમુક્તનો જોગ કરી લેવો, કેમ કે શ્રીજીમહારાજ કલ્યાણ તથા પોતાનું સુખ ને મુક્ત પાસે અપાવે છે. માટે સાધનદશાવાળા મોક્ષાર્થીને

મુક્તને શરણે થયા વિના પોતાને બળે તે સુખ પમાતું નથી.

## ૧૦૧

મોટા મુક્ત તો જેમ ઘડામાં ઘી થીજી જાય તેમ મૂર્તિમાં થીજી ગયા છે અને જીવને એવી જ રીતે મૂર્તિમાં સુખિયા કરે છે. આપણે તો નાના મોટા જે સ્વામિનારાયણના આશ્રિત છે એ સર્વે અક્ષરધામમાં મહાપ્રભુની સભામાં જે છે તે જ આ છે એમ જાણવું, પણ અણુ માત્ર ન્યૂન નથી. જેમ રાજાને ઘેર કુંવર જન્મે તે રાજા જ કહેવાય. તેમ જેને સ્વામિનારાયણનો આશરો છે, તે સ્વામિનારાયણના દીકરા છે. તે અક્ષરધામમાં અનાદિમુક્ત છે તે જેવા જ થશે; માટે આજથી આપણે તેમને મુક્ત જાણવા.

અનાદિમુક્તની તો વાત જ જુદી છે. માટે અનાદિમુક્તનો જોગ કરવો, તો અનાદિમુક્ત પોતાના જોગ કરનારને માયા, દેહ, વિષય, રાગ એ આદિક સર્વે થકી ત્યાગી કરી મૂકે. એવા મુક્ત તો સરવાણી પાણી જેવા છે. તેને શબ્દની કિંમત નથી. પ્રકૃતિ પુરુષ ને તેના કાર્યની કિંમત નથી. તે તો સદા મૂર્તિના સુખે સુખિયા છે ને સદા મૂર્તિમાં જ રસબસ છે.

## ૧૦૨

અનાદિના જોગથી નિષ્કામ એટલે અનાદિ થાય. એક પારસથી પારસ બને, તે પારસ ઉત્તમ છે; તેમ પોતા જેવા

કરે તે અનાદિમુક્ત છે. ઉત્તમ રુચિવાળાને મહારાજ જરૂર એવો જોગ મેળવે આપણે તો મહારાજને સદાય સાથે રાખવા, દાસપણું રાખવું. સત્સંગમાં દાસપણું હોય એ જ ઊંચે દરજ્જે ચડે છે.

## ૧૦૩

અનાદિમુક્ત મળે તો શ્રીજીની મૂર્તિમાં લઈ જાય અને તે વિનાના તો બીજા ધામમાં લઈ જાય. મહારાજ અને મોટા અનાદિનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે, દેહના ઘસારાને પણ ન ગણે, માન અપમાનને પણ ન ગણે; એને તો એક મૂર્તિનું જ તાન હોય એ જેવો તેવો હોય તો પણ અમને ગમે છે. જેવો તેવો એટલે મૂર્તિમાં જોડાઈ જાય તેથી ના'વા-ધોવાની કે કોઈને અડી જવાની એવી ક્રિયા કદાપિ ન કરી શકે. જેમ ગોરધનભાઈ દાતણ પડ્યું મૂકીને નહાયા વિના જમવા મંડ્યા અને મહારાજની પૂજા કરવાનું ચંદન ડબામાં હતું તેમાં પગ બોળ્યો, એમ થઈ જાય તો પણ મહારાજને ગમે છે. એવા મુક્તને બાધ નથી, જેમ રાજાનો કુંવર રાજ્યમાં ચાહે ત્યાં હરે ફરે પણ કોઈથી એને દુઃખ દઈ શકાય નહિ. તેમ એવા મુક્તને માથે કાળ, માયા, પુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ કોઈનો હુકમ નથી ને એ સર્વે રાજી કરવા ઇચ્છે છે.

## ૧૦૪

શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે. ક્યાં મહારાજ! ને ક્યાં તેમના અનાદિમુક્ત! આ તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. પુરુષોત્તમના મહાઅનાદિનો જોગ મળવો ઘણા દુર્લભ છે, એ જોગ આ ટાણે મળ્યો છે.

## ૧૦૫

"મે હું આદિ અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ" આદિ તો આ બેઠા, તે જ અનાદિ છે. આ તો કઈ જગ્યામાં હોય ને આપણે શું એ સમજતા હોઈએ. મોટાને તો ત્રણે અવસ્થામાં સદા મૂર્તિ જ છે. આ સત્સંગમાં એવી વસ્તુ છે, પણ ઓળખે નહિ ને મોટા અનાદિમાં મનુષ્યભાવ પરઠે તો કામ માર્યું જાય કેમ જે એ તો સદાય મૂર્તિમાં જ છે ને મહારાજની ઇચ્છાથી દેખાય છે.

## ૧૦૬

આ તો પ્રત્યક્ષ પુરુષોત્તમની સભા છે અને મોટા અનાદિના સંકલ્પ ચાલે છે. તે હજારો રૂપે થઈને હજારો જીવને અક્ષરધામમાં મૂકી આવે છે. એવા અનાદિમુક્ત જ્યાં રહેતા હોય ત્યાં જીવને અપરંપાર લાભ થાય છે. એવા અનાદિમુક્ત આ રહ્યા.

સૌના કારણ શ્રીજીમહારાજ છે. એ મૂર્તિને ખરેખર તેજોમય સમજવી. મનુષ્યભાવ કે પ્રતિમાભાવ એ મૂર્તિમાં નથી. દિવ્ય મૂર્તિ છે. જળસ્ જળસ્ તેજ છૂટે છે, અતિ તેજોમય છે. માટે એને વિષે મનુષ્યભાવ, પ્રતિમાભાવ ન સમજવો. આ સભા પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણની છે તેમાં બેઠા છો. આ સભામાં બેસવાનું ક્યાંથી મળે? જોગ ખરેખરો છે. આ જોગમાં પડી રહે તો કામ થઈ જાય માટે જોગ કરીને મૂર્તિમાં જોડાવું. તે જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે તેમ મુક્ત મૂર્તિમાં વળગ્યા છે. અનાદિ જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ ગયા છે. તેવી રીતે આપણે મૂર્તિમાં જોડાવું. મોટાનો જોગ કરવાથી તેવું થવાય છે. મોટાના જોગ વિના તેવી પ્રાપ્તિ થાય નહિ. આ સભામાં અનાદિમુક્ત અને મહારાજ બિરાજે છે, ઝળળળ ઝળળળ તેજ ઝળકે છે. સૌ સંત જોઈને રાજી થાય છે, હસે છે, એ મહારાજ વિના આનંદ હોય નહિ.

## ૧૦૭

એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ એવી આ દિવ્ય અલૌકિક સભા છે. આ સભાનો વાયરો જેને અડે તેનાં અનંત જન્મનાં પાપ બળી જાય છે. આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે. આવા મહારાજ, આવા તેમના અનાદિ, આવી દિવ્ય

સભા અને આ વાતો સંભારજો; પણ ભૂલશો નહિ. આ બધું ય દિવ્ય છે.

૧૦૮

શ્રીજીમહારાજ ને મોટા અનાદિ તે જેવા ધામમાં છે તેવા ને તેવા જ અહીં દિવ્ય છે. મનુષ્યભાવ તો પોતાના સંકલ્પ માત્રે કરીને દેખાડે છે.

આ પ્રાપ્તિ બહુ જ મોટી છે, અતિ બહુ મોટી છે. ક્યા સ્થાનમાં બેઠા છીએ, કોનો જોગ થયો છે? તો અનાદિમુક્ત અને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ તે સાક્ષાત્ મળ્યા છે.

૧૦૯

આવી દિવ્ય સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, મંદમંદ જુએ છે, મંદમંદ હસે છે, મંદમંદ બોલે છે, મંદમંદ પ્રસાદી આપે છે, પણ જેને દિવ્ય દૃષ્ટિ થાય તે દેખે.

૧૧૦

મોટા મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો. અક્ષરપર્યંત તો સર્વે ખોટું છે તેને ખોટું જાણીને શ્રીજીમહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન થાય તો સાક્ષાત્ મૂર્તિમાંથી તેજ ઝળળળ ઝળળળ નિકળે છે તે દેખાય અને મૂર્તિમાં લઈ જાય. આજ મોટા અનાદિ જીવને લેવા આવ્યા છે તેમનાં દર્શન થાય,

દૃષ્ટિ પડે, વાયુ ભટકાઈને અડે તેનાં કલ્યાણ થાય છે.

## ૧૧૧

પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી ખુશબો ઊઠે છે તે ખુશબો મુક્તોને ખેંચે છે અને મૂર્તિ સાથે રસબસ કરે છે, તે અનુભવજ્ઞાન. આપણને જ્યાં સુધી પુરુષોત્તમનારાયણનું એવું જ્ઞાન નથી થયું ત્યાં સુધી જ્યાં ત્યાં વલખાં કરીએ છીએ. સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે. મહારાજ કહે અમારા સંતને ને અમને જેવડા જાણશો તેવડા તમે થશો. મહારાજે બે કલમ મૂકી છે. તે અક્ષરધામની સભા તથા મૂર્તિને વિષે ધાતુ કે પાષાણાદિકનો ભાવ નહિ. અમારો તો સિદ્ધાંત એક જ છે, તમે મરડી મચડીને ક્યાંઈ લઈ જાઓ તો ભલે. મોટાને એમાંથી કોઈ સાથે ન ગણીએ તો સમજનારો ક્યે ઠેકાણે જાય! મહારાજે આ સભાને અક્ષરધામનો દરવાજો કહ્યો છે. પૂરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય અને મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાય ત્યારે જ થાય.

## ૧૧૨

આપણે એક સ્વામિનારાયણ ખપે. જેને દોષ જોવાનો સ્વભાવ થયો હોય તેને તો શ્રીજીમહારાજમાં ય દોષ દેખાય. આપણે તો અધમ જેવા જીવને પણ ઉદ્ધારવા પડશે. આપણે ઘેર વસ્તુ સાચી છે તે શીદ વંજાવવી જોઈએ? મોટા મુક્તના

અપરાધ થઈ જાય તેને તો બધું ય બળી જાય એ જાળવવું.

૧૧૩

સર્વેના આધાર સર્વેના કર્તા, સર્વેના નિયંતા, સર્વે દિવ્યના દિવ્ય ભગવાન આપણને મળ્યા છે તેથી જેને અખંડ સોહાગી થાવું હોય તેને મોહ નિદ્રામાંથી જાગી જોવું, દાસપણું રાખવું. શુદ્ધ પાત્ર થાય ત્યારે ભગવાન રહે, જેમ સિંહણનું દૂધ સોનાનાં પાત્રમાં જ રહે છે તેમ. જેને નિશ્ચયનું કાચું હોય તેની વાત તે જાણે. મહારાજ અને તેમના અનાદિ તો આ રહ્યા પ્રત્યક્ષ છે. તેજોમય ફુવારા ઝળળ ઝળળ છૂટે છે. આપણે તો મહારાજ અને મહારાજના મુક્તને વળગી રહેવું.

મૂર્તિ છે તે ચિંતામણિ છે, કલ્પતરૂ છે, મહા મોંઘી વસ્તુ છે. તેને મોટા મુક્ત પારખે છે. જેવા તેવાનું આમાં કામ નથી. માટે આપણે તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખવી. ક્ષર, અક્ષરથી પર પુરુષોત્તમ નારાયણની મૂર્તિ તેને બાઝવું. મૂર્તિમાંથી અનુભવજ્ઞાનની ખુશબોના ગોટા આવે તે લેવા.

૧૧૪

એક મહારાજની મૂર્તિ વિના બીજું જોવાનો ઠરાવ રાખવો નહિ. મૂર્તિમાં ચોટવાથી અત્યંત સુખ આવે છે. પણ તેજ સામું જોવાથી ધીરજ રહે નહિ અને મૂર્તિમાં ચોટ્યા પછી તેજ વગેરે અનંત ઐશ્વર્ય દેખાય પણ હરકત પડે નહિ કેમ કે

મૂર્તિમાં જોડાવાથી સામર્થી વધે છે.

આજ સંત છે તે પ્રગટ છે, મહારાજ પણ પ્રગટ છે. મોટા મુક્ત બોલે તે મહારાજ પોતે બોલે છે. માટે ભાવ તથા મહિમા જોઈએ. તળાવ, ડુંગર કે ટેકરી ઉપર જઈને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' કહીએ તો ત્યાં પણ બોલે. જ્યાં મહારાજની મરજી હોય ત્યાં બોલે.

## ૧૧૫

મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે, તે કલ્પે કલ્પ વીતી જાય તો પણ નવીન નવીન સુખ આવે જ જાય છે; મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ છે. મહારાજની મૂર્તિમાં અનંત મુક્તનાં દર્શન થાય છે એ જ મૂર્તિનું અપારપણું છે. અપારપણું એટલે સમુદ્રમાં માછલું ફર્યા કરે પણ છેડો ન આવે, વાદળાં જમીનને અડ્યાં હોય એમ લાગે પણ છેડો નથી; એવી રીતે મૂર્તિ નાની જણાય છે, પણ અપારપણું ઘણું છે. જેમ આકાશમાંથી વાદળાંના કોટ ઊતરે છે પણ તે કળાય નહિ એમ એ મૂર્તિમાં રહેલા મુક્ત પણ ગતિમાં અકળિત છે. ચૈતન્ય મૂર્તિ છે ને પુરુષોત્તમરૂપ છે, "ચેતન્યરૂપ છે ભૂમિ રે, મુક્તવૃંદ તેમાં રહ્યા." એવી રીતે આ ભૂમિ પણ ચૈતન્ય છે અને જેવી અક્ષરધામમાં સભા છે તેવી આ સભા છે, કેમ જે આ સભામાં મોટા અનાદિમુક્ત બેઠા

છે, જો આવા મોટા અનાદિ ન હોય તો આ સભા ગણાય નહિ. એવા મોટા મુક્તના જોગે કરોડો સુખિયા થઈ ગયા. આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે શ્રીજીમહારાજ તથા મોટા અનાદિને લઈને છે.

૧૧૬

મોટા અનાદિ બેઠા હોય ત્યાં મહારાજ તથા અનંત મુક્ત બિરાજે છે. ભગવાન વિના આવા મુક્ત ક્ષણમાત્ર પણ જુદા રહેતા નથી. માટે મોટા વાત કરે અગર ન કરે તો પણ તેની છાયામાં અપાર સુખ રહ્યું છે. તે મોટા કેવા છે તો મહા અનાદિમુક્ત છે, મહારાજના મહિમારૂપી જે રસ તેનું પાન કરાવે છે ને કારણ સ્વરૂપની દ્રઢતા કરાવે છે ને મૂર્તિના સુખનું અપારપણું સમજાવે છે. જીવ જેમ જેમ સમાગમ સેવા કરતો જાય, મોટા અનાદિને વિષે દિવ્યભાવ લાવતો જાય, તેમ તેમ પાત્ર પણ થતો જાય. મોટા તો પુરુષોત્તમ ભગવાનના લાડીલા મુક્ત છે.

૧૧૭

મહારાજ ને મોટાનો મહિમા સમજીને એમને વિષે દિવ્યભાવે જોડાવું. મોટા અનાદિને હાથ જોડે, એટલામાં ઘાટ સંકલ્પ થતા હોય તે બળી જાય. પ્રગટ હોય કે દ્રષ્ટિગોચર ન હોય તો પણ અંતર્વૃત્તિએ હાથ જોડવા, કેમ કે મહારાજ

અને મોટા અનાદિ તો સર્વે જાણે છે તેથી સહાયમાં રહે. શ્રીજીમહારાજની જોડે એવા મુક્તને ધારવાથી હેત વધારે થાય છે.

મહારાજ અને મોટાનો પ્રતાપ જોઈએ તો બહુ જબરું સમજાય. એટલું તો સમજવું જે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મહા અનાદિમુક્તોએ શ્રીજીમહારાજની સંપ્રદાય બાંધી છે, માટે આપણે એ સંપ્રદાયની સેવા કરવી.

## ૧૧૮

વચનામૃત વંચાય છે તેમાં કેવળ શ્રીજીમહારાજનો અમૃતરસ ચાલ્યો આવે છે. તે અમૃતરસ પાન કરનારા સર્વે મહામુક્ત છે. આ સભામાં એકાંતિક, પરમ એકાંતિક, અને અનાદિ બધાય છે. આપણે આ સભા મહારાજની મૂર્તિમાં જોવી. મુક્ત મૂર્તિમાં સળંગ રહ્યા છે. રસબસ રહ્યા થકા સુખ ભોગવે છે. મહારાજ દાતા અને મુક્ત ભોક્તા એમ સ્વામી સેવકપણું રહે છે. મુક્ત મૂર્તિમાં રહે એટલે આધાર મહારાજ થયા ને સેવકપણું મુક્તને દ્રઢ થયું પછી તો એને મૂર્તિ વિના કાંઈ છે જ નહિ. અનંત મુક્ત એ રીતે મૂર્તિમાં રસબસ રહી સુખ ભોગવે છે.

## ૧૧૯

મોટા અનાદિમુક્ત વાત કરતા હોય તે દિવ્ય જાણવી. તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ છે અને ચારે બાજુ

મુક્તની સભાથી બધું બ્રહ્માંડ ઠસાઠસ ભરાઈ ગયું છે, તેજનાં કુંડાળા પડે છે અને તેજનો ઘોષ થઈ રહ્યો છે. તેને પ્રણવનાદ કહે છે.

મોટા અનાદિમુક્તે અને મહારાજે આ સડક કાઢી છે. આ સભામાં જે મોટાને ન ઓળખે તેને તેટલું નુકશાન છે. છેવટ એમ સમજે તો ય ઠીક જે ભગવાનને ત્યાં બધું ય છે. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા આજના સંત તે સર્વે દિવ્ય છે.

## ૧૨૦

આજ તો મોટા અનાદિ શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પ્રવર્તાવે છે અને મનવારો ભરી ભરીને અક્ષરધામમાં મોકલાવે છે. આવા મોટાનો જોગ કરીએ તો મહારાજને વિષે દિવ્યભાવ આવે, નિ:સંશય થવાય.

સૂર્યના રથમાં બેઠા તેને રાત્રી દિવસ નથી. એમ મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ તેને કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત નથી, અવસ્થા નથી. એને તો પુરુષોત્તમ નારાયણની મૂર્તિના તેજમાં સર્વે સુખમય થઈ ગયું છે.

## ૧૨૧

એવો પ્રબળ નિશ્ચય રાખવો કે આ સંત છે તે અનાદિ છે, નિર્ગુણ છે ને સભા બધી સળંગ છે; વચમાં મહારાજની મૂર્તિ

છે, મૂર્તિને અને મુક્તને ભેગાપણું છે એમ સમજે તો બહુ કામ કરી દે.

મહારાજ અને મોટા અનાદિ મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે.

૧૨૨

આપણે તો મૂર્તિના સુખનો જ આહાર કરવો સુખના નિધિ એક શ્રીજીમહારાજ છે તે મૂર્તિ મૂકવી નહિ.

૧૨૩

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા, આજ ધર્મવંશીને દ્વાર." આ તો સુખનો સમુદ્ર છે, કૂવો તળાવ નથી જે સુકાઈ જાય. માટે મોટાં સુખને પામવું હોય તો આવો મૂર્તિમાં. જેમ જેમ નવાં નવાં સુખ ભોગવતા જાય તેમ તેમ અપારપણું વધતું જાય. કલ્પે કલ્પ વીતી જાય એટલું એ સુખનું અપારપણું છે. અમે તો એવો જ આશીર્વાદ દઈએ છીએ કે બધોય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિની પંક્તિમાં ભળી જાય. અનાદિના સંકલ્પે કરીને મૂર્તિ મળે છે ને ધામ મળે છે.

૧૨૪

જેને મહારાજ સાથે એકતા થઈ હોય તેને તો જ્યાં

મહારાજ હોય ત્યાં અનાદિમુક્ત હોય તેને જવા આવવાનું નથી. અ. મુ. ગોપાળાનંદ સ્વામીને કોઈકે કહ્યું જે તમે ક્યાં છો? ત્યારે તે બોલ્યા જે મહારાજની સેવામાં. એવું છે.

## ૧૨૫

"સૌના સન્મુખ શામળીયો." એ મૂર્તિમાં વૃત્તિ રહે તેને તો અતિ હેત થાય. એવો દિવ્ય આકાર, દિવ્ય સ્વરૂપ, દિવ્ય મૂર્તિ, જેટલા ભગવાનના અવયવ તેટલા અનાદિમુક્તના અવયવ! તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે. તેમાં મુક્ત સર્વે રહ્યા છે. મહારાજનું સુખ જ્યાંથી લેવું હોય ત્યાંથી મળે છે. રોમરોમનાં નવાં નવાં જુદાં જુદાં સુખ ભોગવે છે. એ વસ્તુ એવી છે કે તે શાસ્ત્રથી કે કહ્યાથી ખબર પડે તેમ નથી. તે તો સુખમાં પહોંચશે એટલે જણાશે. મહારાજની મૂર્તિમાં અનેક જાતનાં સુખ રહેલાં છે, મુક્તને મહારાજનું સન્મુખપણું છે અને મહારાજને મુક્તનું સન્મુખપણું છે. મોટા અનાદિને તો રોમરોમ પ્રત્યે રસબસ રહેવાપણું છે. એ સર્વે શ્રીજીમહારાજની મોટાઈ છે.

## ૧૨૬

આ સભા અક્ષરધામની છે. મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે, મહારાજ મધ્યસ્થ બિરાજે છે, સૌને અમૃત નજરે જુએ છે. આપણે એ મૂર્તિના સુખનો

આહાર કરવો.

આ સભા સર્વે દિવ્ય છે. આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે તેમાં જે આવે તે દિવ્ય. વસ્ત્ર, વાહન, સેવક, સર્વે અલૌકિક દિવ્ય. આજ તો બહુ ઉત્તમ જોગ બન્યો છે.

## ૧૨૭

મહારાજ અને મોટા કૃપાસાધ્ય છે. આ તો શ્રીજીમહારાજનો ચમત્કાર છે. સંતદાસજીનો દિવ્ય દેહ થયો ત્યારે શ્રીજીમહારાજ અને અનંત મુક્ત સાથે ને સાથે, એ બધોય પ્રતાપ કારણ મૂર્તિનો.

મહારાજના અનાદિને હાથ જોડવા એ કાંઈ ઓછી વાત નથી. આ વાત આપણને મોટી મળી છે, આવા મોટાનો વિશ્વાસ રાખવો. આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે, મોટાની સ્થિતિ બહુ જબરી છે. આ લોકના ભાવ દેખાડે છે તે પણ અનંતના સમાસને અર્થે છે.

## ૧૨૮

આપણે તો મહારાજ, મુક્ત, સંત-હરિભક્તો સર્વે દિવ્ય છે. એવો મહિમા રાખવો પણ બીજું ન સમજવું. "ચૈતન્ય રૂપી ભૂમિ રે, હરિજન ચૈતન્ય હજારું." ભક્તજનોને રહેવાની ભૂમિ પણ ચૈતન્ય છે. આ અલભ્ય લાભ છે, માટે ચાલોચાલ સત્સંગ ન કરવો. આવો મોટો જોગ થયો છે તેથી

એમ જાણવું જે આ વેપારમાં આપણે કરોડો મનવારો ભરી લાવ્યા છીએ તે ખૂટે તેમ નથી. આ બધા હરિભક્તો જમે છે તે બધું અક્ષરધામનું દિવ્ય સુખ છે. કોણ પીરસે છે અને કોણ સુખ આપે છે એ જોવું. સર્વે દિવ્ય છે.

### ૧૨૯

મોટા અનાદિને વિષે વિશ્વાસ હોય તો કૃપા કરી પૂરું કરી આપે, તો પણ આજ્ઞા, નિયમ, ધર્મ પાળવા અને સર્વેને દિવ્ય જાણવા. દિવ્ય સિંહાસનમાં તેજોમય મૂર્તિ છે, એ મૂર્તિના સુખમાં રસબસ રહેવું. મૂર્તિમાંથી તેજ ફરર ફરર નીકળ્યે જાય છે. મૂર્તિનું તેજ એ સિંહાસન છે, તેમાં શ્રીજીમહારાજ બિરાજે છે. તે મૂર્તિમાં મહા અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિ સર્વે છે, મંદમંદ હસે છે ને સુખ લીધા જ કરે છે.

મહારાજના મોટા મુક્ત ઉપરથી સુતા જણાય, જાગતા જણાય, જમતાં, નહાતાં, ઊઠતાં, બેસતાં, વાતો કરતા એમ સર્વે ક્રિયા કરતા જણાય, પણ તે તો મૂર્તિનું સુખ રસબસભાવે લીધા જ કરે છે. તેને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. જેમ આકાશને પૃથ્વીનો કોઈ ઠેકાણે સંબંધ નથી તેમ એ તો મહારાજની મૂર્તિમાં નિરંતર રહ્યા છે તેને કયારેય પણ

માયાનો સંબંધ નથી. જેમ વાયુ ઝાડને ભટકાય છે તે દેખાતો નથી તેમ મોટા મુક્તને વિષે જોવાનો, ખાવાનો, સાંભળવાનો ભાવ દેખાય, પણ એ તો સુખના સમુદ્રમાં ઝીલતા, ઝીલતા ને ઝીલતા જ રહે છે.

## ૧૩૦

મહારાજના મોટા અનાદિમુક્ત સર્વે વાતને હસ્તામળ જાણે છે. એવા મોટાને જીવના અનંત જન્મની ખબર છે જેથી એ કોઈને અવળું પડે તેમ કહે કે કરે નહિ, પણ કદાચ કાંઈ કહ્યુંને આપણે જાણીએ કે મારે વિષે તો આવું કાંઈ નથી તો એ બીજા જન્મનું હશે એમ જાણીને મોટા મુક્તનું વચન સત્ય માનવું, પણ તેમાં તર્ક કરવો નહિ ને મુંઝાવું પણ નહિ. એવા મોટા મુક્ત મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા ન જાણવા. એ તો સદાય દિવ્ય જ છે. “નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ.” એમ એ તો સદા દિવ્ય મૂર્તિ છે.

## ૧૩૧

મહારાજ તથા તેમના અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો, કેમ જે એમનું પ્રગટપણું અનંત જીવોના કલ્યાણને અર્થે છે. એવા મુક્તને જન્મ ધરવો અને દેહ ત્યાગ કરવો એ કેવું છે તો ફક્ત અજ્ઞાનીને મોહે કરીને દેખાવા માત્ર જ છે.

મહારાજની મૂર્તિમાં મોટા અનાદિને રસબસભાવે રહેવાપણું છે, તે તો અતિ અલૌકિક વાત છે. તે દૃષ્ટાંતે કરીને શું સમજાવાય! એ તો જેમ છે તેમ ને તેમ છે, પણ દેખાવા માત્ર આવ્યા-ગયાપણું છે એમ જાણવું.

૧૩૨

એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ, એવા આ મોંઘા મુક્ત છે. તે શ્રીજીમહારાજે સોંઘા કર્યા છે, તેથી મળો છો, વાતો કરો છો, જમાડો છો, આશીર્વાદ લ્યો છો, આ તો મહારાજના પડછંદા છે. મુક્ત તો હજૂરના રહેનારા છે ને મહારસના પાન કરનારા છે.

૧૩૩

આપણને મહારાજ મળ્યા છે તે ન્યાલકરણ છે. તેમના મુક્ત પણ બીજું શું કરે? એ જ કરે. જેને જેને એ મળે તેને મહારાજના સુખે સુખિયા કરે છે. મહારાજ કહે છે કે અનંત મનવારો લાવ્યા છીએ. તે મહારાજના મુક્ત અનંતકોટિ જીવને ખણી ખણીને મૂર્તિમાં મૂકે છે તેથી મહારાજ અનંતગણી મોજ આપે છે. આ બધો ય શ્રીજીમહારાજનો દિવ્ય સાજ છે. તે જીવને અભયદાન આપે છે.

૧૩૪

આપણે કારણ મૂર્તિ જે સ્વામિનારાયણ ભગવાન તેમને

વળગવું ને મોટા મુક્તની વાત સાંભળીને તેનું મનન કરવું અને તેનો નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય.

## ૧૩૫

મોટા અનાદિમુક્ત છે તે તો અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ છે. તે અનંત જીવના આત્યંતિક મોક્ષને અર્થે દયા કરી પૃથ્વી ઉપર મહારાજના સંકલ્પે દેખાય છે. ત્યારે જે જે જીવ દૃષ્ટિએ ચડે તેને ન્યાલ કરે છે. શ્રીજીમહારાજ કહે છે કે એવા અનાદિના જોગથી હું તરત પ્રાપ્ત થાઉં છું. એવા મુકત છે તે તો બ્રહ્મની જ મૂર્તિ છે. તેને હરિરૂપ કહીએ, પુરુષોત્તમરૂપ કહીએ અને મૂર્તિના મહારસના પાન કરનારા કહીએ. એની સર્વે ક્રિયા અલૌકિક છે, નિર્ગુણ છે, દિવ્ય છે તેને ઓળખવા ન પડે. એની દરેક ક્રિયામાં જણાય. તે ઊઠતાં જણાય, બેસતાં જણાય, મૂર્તિના સુખની ચમત્કારિક વાતો કરતા જણાય, ધ્યાનમાં નિમગ્ન રહેતા જણાય. અલૌકિક ભાવના સિદ્ધાંત દેખાડતા જણાય. એવી રીતે અનેક પ્રકારે મોટા અનાદિમુક્ત ઓળખાય. એ જ્યાં વિચરતા હોય ત્યાં પુરુષોત્તમ ભગવાન ને અક્ષરધામ જે શ્રીજીમહારાજનું તેજ તથા અનંત મુક્ત એ સર્વે હોય. તે પોતાને સામર્થ્યે અનેકને દિવ્ય દૃષ્ટિ કરાવી એ સર્વેને દેખાડે. તેથી અનંતનાં આવરણ ભેદાઈ જાય. મનુષ્યભાવ, પ્રતિમાભાવ, દિવ્યભાવ એ સર્વેનું

યથાર્થ વર્ણન કરે એથી સમજાય જે આ અનાદિ મહામુક્ત છે. એની છાયામાં સુખ, સુખ ને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય.

### ૧૩૬

અનાદિ મહામુક્તનો મહિમા બહુ સમજવો અને હેતે કરીને તેમની સેવા કરવી પ્રસન્ન કરવા જેથી શ્રીજી-મહારાજની મૂર્તિનું સુખ તત્કાળ મળે. એમને વિષે ક્યારેય મનુષ્યભાવ ન લાવવો. એમની સર્વે ક્રિયા દિવ્ય સમજવી. એ તો જાણતા થકા અજાણતાપણું દેખાડે ને દેહના ભાવ દેખાડે તથા હર્ષ, શોક, દેખાડે એ સર્વે રીત અલૌકિક છે.

### ૧૩૭

મહારાજે તો એમ કહ્યું છે જે અક્ષરધામની મૂર્તિ ને આ મૂર્તિમાં એક રોમનો ફેર નથી. સ્વામિનારાયણમાં ત્યાગ ભાગ નથી. આ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે તે કોઈથી દબાય નહિ. પણ બીજાને પોતે દબાવી દે; એવી સામર્થીએ યુક્ત મહારાજ અને મુક્ત સદાય છે, છે ને છે જ. એવા સર્વોપરી મહારાજ અને મુક્ત આ સભામાં બેઠા હોય તો પણ તેનો મહિમા ન જાણે તેને તો પરોક્ષ છે. જેને જ્ઞાન હોય તેને તો મહારાજ અને મુક્ત કોઈ કાળે પરોક્ષ થાય તેમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત

પણ અનાદિ છે. એવા મુક્ત તો સદાય મૂર્તિમાં જ રહે છે. જેમ દેહમાં જીવ રહે તેમ સાથે જ રહે છે. એવો મહિમા જાણે તો તે મહિમા જાણનારથી પણ મહારાજ જુદા ન રહે. તે મોટા અનાદિ તો સદાય મૂર્તિમાં રહે છે જેથી અનંત મનુષ્ય ખેંચાય છે. એવા મુકતનો જોગ ક્યાંથી મળે!

**૧૩૮**

મહારાજ અને અનાદિમુક્ત તો જુદા રહેતા જ નથી, પણ ભાવ જુદા. દાતા ભોક્તાપણું અને સ્વામીસેવકપણું, અનાદિમુક્તને એમ સમજવામાં બાધ નહિ આવે, નુકશાન નહિ આવે, અને જેવડા જાણે તેવડા કરે છે. ગમે તેવા મોટા જાણો. મોટા જાણ્યામાં લાભ છે. માટે જેવા છે તેવા મહારાજને તથા અનાદિમુક્તને જાણવા જોઈએ. જેને મહારાજની મોટપ ખરેખરી જાણ્યામાં આવે, તેને જ કુશાગ્ર બુદ્ધિવાળા કહ્યા છે. આગળ લાખો વર્ષ તપ કર્યાં તો પણ આવા મહારાજ ને આવા મુક્ત મળ્યા નથી ને મહારાજનું દિવ્ય સુખ પણ મળ્યું નથી, માટે અવરભાવનો ત્યાગ કરીને પરભાવમાં રહેવું. પરભાવમાં રસ છે. આપણે શ્રીજીમહારાજની મૂર્તિમાંથી બહાર નીકળવું નહિ. એટલામાં જ રહેવું.

**૧૩૯**

**આ સભા દિવ્ય તેજોમય છે, અક્ષરધામની છે,**

અનાદિમુક્તની છે, મહારાજ વચ્ચે બિરાજે છે, તેવી સ્મૃતિ અખંડ રાખવી; એમ મોટા મોટા સંતો કહે છે.

## ૧૪૦

મોટા અનાદિમુક્ત છે તે તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ગુલતાન થકા જેમ રહ્યા છે તેમ ને તેમ જ સદાય છે. અને બોલે છે, ચાલે છે, ક્રિયા કરે છે, અંતર્યામીપણે કોઈને વાત કરે છે, ઐશ્વર્ય દેખાડે છે, કોઈને અંતર્યામીપણું જણાવે છે; એ સર્વે ક્રિયા કરતા દેખાય છે, પણ તે ક્રિયાઓ બધી મહારાજની ઇચ્છાથી થાય છે એમ જાણી દિવ્યભાવ રાખવો.

## ૧૪૧

મહારાજ તથા તેમના અનાદિમુક્તને વિષે દિવ્યપણું સમજવું અને દિવ્યપણામાં મનુષ્યપણું જાણવું. તે શું? તો તેમના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી થાવું, પણ મોટાને દુઃખ થતું હોય તો જાણે એમને શું ફીકર છે! એવું નિર્દયપણું ન રાખવું. એમ મોટા મુક્તના દુઃખમાં ભાગ રાખવો. પછી એમ કહ્યું જે મોટા અનાદિના જે શબ્દ છે તે ઇંદ્રિયો, અંતઃકરણ ઝીલી શકતાં નથી. એ શબ્દને તો જીવ ઝીલવા સમર્થ છે. માટે જે જે શબ્દ મોટા અનાદિ થકી નીકળે તેને શ્રવણ, મનન, નિદિધ્યાસ કરી જીવમાં ઉતારી દેવા. તો જેમ કીટ મટીને ભમરી થઈ જાય છે તેમ તત્કાળ મોટાના જેવું

થઈ જવાય છે.

મહારાજ તથા મોટા અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો. જો રાત હોય ત્યારે એ દિવસ કહે તો દિવસ જ છે અને દિવસ હોય ત્યારે કહે કે અડધી રાત છે તો રાત જ છે. એમ બરાબર નિઃસંશયપણે માને, કેમ કે એમને દિવસ કે રાત્રિ એવું આવરણ નથી; એમ સમજે તો તે ખરેખરો વિશ્વાસી કહેવાય. પછી તેને મહારાજનું અને મોટાનું સુખ જેમ છે તેમ સમજાય.

## ૧૪૨

મોટા અનાદિને વિષે વિશ્વાસ લાવવો અને એમ જાણવું જે એ જ્યાં છે ત્યાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. તે જેને આવા સત્સંગની જરાકે પ્રતીતિ હશે ને વિશ્વાસ હશે તેને તો તુરત હા જ પડશે. પણ જેને સત્સંગની ઠામુકી પ્રતીતિ નહિ હોય ને નાસ્તિકભાવ હશે તથા જે સત્સંગને કલ્પીત જાણતા હશે તેની તો વાત નથી કહેવી. કેમ જે મોટા આનાદિ છે તેમના દર્શનને તો મોટા મોટા અવતારાદિક ઇચ્છે છે. તે ઉપર દૃષ્ટિ રહે તો એ વાત સમજ્યામાં આવે.

## ૧૪૩

સર્વથી પર અક્ષરધામ તેમાં તો અતિ અપાર સુખ શ્રીજીમહારાજની મૂર્તિનું છે. મુક્ત તેજોમય, ધામ તેજનો જ

અંબાર, સર્વ દિવ્ય સમાજ, દિવ્ય સુખ, દિવ્ય વર્ણન, "અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય." એવા દિવ્ય ધામમાં મહાપ્રભુ બિરાજે છે. તે મૂર્તિમાં મુક્ત રસબસ રહ્યા છે. એ મહારાજ ને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ બે વિના બીજું ઠરવાનું ઠામ ક્યાંય નથી, માટે જે જે વચન આવે તે ઠેઠ મૂર્તિમાં લગાડવાં. એ મૂર્તિ ને મુક્ત આ સભામાં દિવ્ય તેજોમય દર્શન દે છે. જેને દિવ્ય ભાવ થાય તે દેખે. શ્રીજીમહારાજ આ સભામાં અખંડ બિરાજે છે, પૂજા સ્વીકારે છે, મંદમંદ હસે છે, મંદ સુગંધ વાયુ વાય છે; આ સર્વે અહીં જ છે. સ્થાવર, જંગમ સર્વે ઠેકાણે મહારાજ દેખાય એ સ્થિતિ, અને એ વિના કાંઈ ન દેખાય તે પ્રાપ્તિ. ક્યાં મહારાજ ને ક્યાં આવા મુક્ત! આ તો કેવળ શ્રીજીમહારાજની દયા છે.

### ૧૪૪

મહારાજ કહે છે કે અમારે અનંત જીવના ઉદ્ધાર કરવા છે. તેથી મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે. કારણ મૂર્તિનું એ જ કામ છે. મહારાજ સત્સંગમાં સદાય પ્રત્યક્ષ દર્શન દે છે.

### ૧૪૫

જુઓને! સત્સંગમાં કેવા ચમત્કાર થાય છે. તેનું કારણ ભગવાન ને મોટા મુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. એ

મહારાજની બહુ દયા છે, આપણે તેમને રાજી કરવા. ભગવાને તો આ સમે બહુ સામર્થી જણાવી છે.

૧૪૬

આપણે તો શ્રી પુરુષોત્તમ નારાયણને સર્વે કારણના કારણ જાણવા. જેમ વડનું ઝાડ મોટું દેખાય છે અને બીજ નાનું છે. તે નાનામાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની સામર્થી છે. તેમ ભગવાન તો આવડા મનુષ્ય જેવડા જ હોય પણ અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ છે. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે "સૌને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન" એમ કારણમાં અલૌકિકપણું છે. આવા ભગવાન તે તો કેવળ કૃપાએ કરીને જ ઓળખાય.

૧૪૭

આ સમયે ભગવાન કેવળ કૃપાસાધ્ય છે. મહાપ્રભુ દયાએ કરીને પધાર્યા છે, માટે ભગવાનને અખંડ રાખવા. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં, માળા, માનસીપૂજા આદિમાં મૂર્તિ રાખવી. મૂર્તિ વિના ભાવસાગરનો પાર નથી આવતો. "ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના" માટે નિશ્ચય પરિપક્વ કરવો જોઈએ. મહારાજ કહે છે કે જેવા અમે છીએ તેવા અમને જાણશો અને જેવા અમારા મુક્ત છે તેવા તેમને જાણશો તો કલ્યાણ થશે. અનાદિમુક્ત તો મૂર્તિના

સુખમાં ઝીલે છે. આ સભા દેખાય છે, તેમાં અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે, પણ જીવને અજ્ઞાન બહુ છે તેથી ઓળખી ન શકે. મહારાજ અને અનાદિ તો સદાય ભેળા જ રહે છે. "રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહી ભળી" એમ સાથે જ રહે છે જુદા ન પડે તેથી એ મૂર્તિને સુખે સુખિયા. મહારાજ અને અનાદિનો એવો સંબંધ છે.

### ૧૪૮

સર્વેના કારણ શ્રીજીમહારાજ છે ને તેમનું કાર્ય અનંત અવાતર, ઐશ્વર્ય વિભૂતી છે. માટે તે કાર્ય-કારણરૂપ શ્રીજીમહારાજની સમૃદ્ધિ ને સામર્થી જોઈ મહારાજનો મહિમાએ સહિત નિશ્ચય રાખીને દિવ્ય મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજ તથા મોટાને વિષે સદાય દિવ્યભાવ રાખવો. મોટાની અનુવૃત્તિમાં સુખ છે. મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું. પ્રગટ ભગવાન, પ્રગટ મુક્ત, પ્રગટ સંત હોય ત્યારે માણસને સમજાય નહિ, પણ પછી આવા મળે નહિ; માટે મહિમા બહુ સમજવો.

### ૧૪૯

આપણને મહારાજ બહુ મોટા મળ્યા છે. એમની દયા પણ બહુ જબરી છે. તે જુઓ તો ખરા! એવડા મોટા ભગવાન! તે

આપણી સાથે વાતો કરે, થાળ આપે, પ્રસાદી આપે, તે કેવડી બધી દયા! મહારાજ અને મહારાજના અનાદિમુક્ત તે તો એક સંકલ્પે અક્ષરધામમાં પહોંચાડી દે છે એવા સમર્થ છે. માટે મોટા અનાદિનો જોગ કરી લેવો. મૂર્તિમાંથી અનંત પ્રકારનાં સુખ આવે છે. એ સુખ ભોગવતાં કલ્પે કલ્પ વીતી જાય, પણ એ સુખનો પાર આવે નહિ. એ રસ અદ્‌ભૂત છે, તે તેમની કૃપાએ મળ્યો છે. એ સુખ આપણે ભોગવવું. મહારાજ કહે છે કે અમે તો મોક્ષનો દરવાજો ઉઘાડો મૂક્યો છે, અમો ક્યાંય ગયા નથી. એવા ને એવા જ છીએ. વળી અમારા મોટા મુક્તના શબ્દ સાંભળશે, સેવા કરશે, તેમને રાજી કરશે તેનું પણ કલ્યાણ થશે.

## ૧૫૦

મોટા તો સદાય મૂર્તિમાં જ છે અને અનેક ને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે છે, ને મનુષ્ય જેવા થઈને અનેકની સેવા અંગીકાર કરે છે તે સેવા સર્વે મૂર્તિના સંબંધે દિવ્ય થઈ જાય છે. તેને એ ભક્ત પામે છે. માટે મોટા મુક્તને વિષે કયારેય મનુષ્યભાવ પરઠવો નહિ. મોટા તો મહારાજની પેઠે સદા દિવ્ય જ છે. એટલા માટે આવા મુક્તનો જોગ મૂકવો નહિ. આવા મોટા મુક્ત ભેળું બેસવા ક્યાંથી મળે? બીજા કોણ બેસવા દે? આવા અનાદિમુક્ત મૂર્તિમાં કિલ્લોલ

કરનારા તેમના પગરખામાં પણ આ જીવને બેસવા ન મળે. તે આપણને દયા કરીને કહે કે આવો, અહીં બેસો, આમ સર્વે અક્ષરધામના દરવાજા ઉઘાડા મૂક્યા છે એમ જાણવું અને મોટાને વિષે કોઈ રીતે મનુષ્યભાવ કલ્પવો નહિ.

## ૧૫૧

આપણને તો બહુ મોટું સુખ મળ્યું છે, બહુ મોટી પ્રાપ્તિ થઈ છે, તેથી ખરેખરો ફેરો ફાવ્યો છે. મહારાજ અને મોટાનાં દર્શન ક્યાંથી? મોટા તો ત્રણે અવસ્થામાં મહારાજની મૂર્તિમાં જોડાઈ બેઠા છે તેથી સૂર્ય, ચંદ્ર આદિક સર્વે પ્રાર્થના કરે છે જે અમારું સારું કરો અને તે સર્વે પ્રસાદી લેવા મહારાજ પાસે આવ્યા હતા. એકલા સાધનથી શું કામ થાય? કૃપાસાધ્યનો જોગ થાય તો કામ થઈ જાય. કાળમાં વરસાદ વરસે તે ભારે કામ થયું કહેવાય તેમ આજ ખરેખરી શરદઋતુ છે. આ વાતો ક્યાંથી આવે છે? તો મહારાજની મૂર્તિમાંથી આવે છે. "વસંત ઋતુમાં આવે જો ઘનશ્યામ તો રંગભર રમીએ" એમ આજ એ ઋતુ છે કે નહિ? આપણે તો મહારાજ પ્રગટ થયા ત્યારથી જ શરદઋતુ બેઠી છે. આવા સંતો વાતો કરે તે અંતરમાં ઉતારે તો પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામી જાય. બીજી માયિક ઋતુ અને આ દિવ્ય ઋતુ છે. મોટા વાતો કરે તે ચકોર પક્ષીની પેઠે સાંભળવી.

આ બ્રહ્માંડ પલટાશે ત્યારે આ ઋતુ પાછી આવશે તે શું? તો આ ધણી જ્યારે પધારશે ત્યારે ઋતુ આવશે. અવતાર તો ઘણાય થાય, પણ આત્યંતિક મોક્ષ તો કારણ મૂર્તિથી જ થાય. "આ વખત નહિ આવે ફેરી; નહિ આવે ફેરી" વલખાં મારીને ઘણાય મરી જાય પણ આ વખત ન મળે તે આપણને મળ્યો છે. પુરુષોત્તમના અનાદિ ને લાડીલા કહેનારા ક્યાંથી મળે? તે આ ટાણે છે. તો સત્સંગમાંથી સત્સંગ મળ્યો છે.

## ૧૫૨

આપણે તો મૂર્તિના સુખમાં ઝીલવું, બીજું તાન ન રાખવું. આજ ભગવાન સોંઘા છે. મૂર્તિ ને મુક્ત તે વિના ક્યાંય અટકવું નહિ. આ લોકના ઠરાવ રાખનારને આવી વાતો મળે નહિ. આપણે તો આનંદમાં ને આનંદમાં રહેવું. એક મહારાજ ને તેમના અનાદિ તે વિના બીજે ક્યાંય ભાગ રાખવો નહિ. દેહ રહે ત્યાં સુધી આમ ને આમ વર્તવું, મહારાજને તથા અનાદિમુક્તને પળમાત્ર પણ મૂકવા નહિ.

## ૧૫૩

મોટા તો મોક્ષનો દરવાજો છે. આ સભા દિવ્ય જાણે તેને માયાનો પડદો ટળી જાય છે, પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી ખુશબો છૂટે છે. મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા

ન થાય. મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે, તે પ્રકૃતિનું છે. તેમાંથી નીકળી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું. તે મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે એટલે સુખ આવે છે.

## ૧૫૪

સુખ માત્ર શ્રીજીમહારાજની મૂર્તિ અને મોટા અનાદિમુક્તને આશરે રહ્યું છે. જુઓને! ઘણાય ભટકે છે અને બહુ હેરાન થાય છે, પણ સમજાતું નથી. મહારાજનો ખપ બધાયને છે. પણ મોટા ઓળખવા જોઈએ.

આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે મહારાજને લઈને છે, અને સત્સંગ તે તો કલ્પતરુસમ છે. શ્રીજીમહારાજે સમ ખાધા કે આ બધા અક્ષરધામના મુક્ત છે એમ હું સર્વેને દેખું છું. મહારાજ દિવ્ય, સત્સંગ દિવ્ય માટે આ સભા તુલ્ય કાંઈ નથી. રાજાના કુંવરને કોઈ એમ નહિ કહે કે આ રાજા નથી. એ પ્રમાણે દિવ્યભાવ લાવવો. જો દિવ્યભાવ ન જુએ તો પોતાને નુકશાન છે. મહારાજ અનાદિ અને મુક્ત પણ અનાદિ, તે મુક્તને મહારાજ નવીન નવીન સુખ આપ્યા જ કરે છે. જેમ જેમ સુખ મળે તેમ તેમ તૃપ્તિ જ ન થાય. અલૌકિક અનહદ સુખ છે. કલ્પે કલ્પ વીતી જાય પણ તૃપ્તિ નથી. એવા મુક્તને ઓળખવા એ પર્વત જેવડી ઘાંટી છે. કાળકર્મથી છૂટવાને

આવા મોટાને વળગીએ તો ઠીક.

## ૧૫૫

મહારાજની મૂર્તિના પ્રતાપે અલૌકિક જ્ઞાન થઈ જાય છે પણ ઓળખાણ વિના ને સુખ વિના હેત કેમ થાય? આપણે ભેગા થઈ કથા વાર્તા કરીએ છીએ તે કેવળ મોક્ષને માટે કરીએ છીએ. મોટા મુક્તને અવસ્થા નથી, કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત્રિ નથી; જેમ સૂર્યના રથમાં બેઠેલાને રાત નથી તેમ. પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં એ સર્વે સુખમય થઈ ગયા છે. આવા સંત છે તે અનાદિમુક્ત છે. આ સભા બધી સળંગ છે અને જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ છે. એવા મુક્ત મૂર્તિમાં રસબસ ભાવે સુખ લીધા જ કરે છે. આ તો દિવ્ય સભા છે. માટે કોઈ વાતે ધોખો ન કરવો.

## ૧૫૬

જેમ મહારાજની મૂર્તિનું સમીપપણું તેમ વિધિ વધારે કરવો જોઈએ. શ્રીજીમહારાજ અને મોટા મુક્તને સાથે રાખીએ તો કોઈ જાતનો વાંધો ન આવે. જેટલા ભગવાનના અવયવ તેટલા મુક્તના અવયવ. તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે. તેમાં અનાદિમુક્ત રહ્યા છે. રસબસ રહ્યા થકા રોમરોમના નવીન નવીન સુખ ભોગવે છે. એ વસ્તુ એવી છે કે શાસ્ત્રથી કે કહ્યાથી ખબર પડે તેમ નથી. મૂર્તિમાં અનેક

જાતનાં સુખ રહેલાં છે, એવી મહારાજની મોટપ છે. આપણે મહારાજની મૂર્તિનું ખરેખરું જાણપણું રાખવું.

## ૧૫૭

મહારાજની મૂર્તિમાં મુક્ત છે તે સળંગ રહ્યા છે તેમાંથી જેટલો લાભ લેવો હોય તેટલો મળે. પારસ, ચિંતામણિ, કલ્પતરુ તે પાસેથી જેટલું ચિંતવે તેટલું મળે; તેમ મોટા અનાદિ સાથે જીવ બાંધે એટલે ચિંતવે તેટલું સુખ પ્રાપ્ત થાય. ભગવાનના સુખનો અનુભવ ન થાય ત્યાં સુધી કોઈ સુખિયો થતો નથી.

## ૧૫૮

મોટા મુક્ત જે જે વાત કરે તેમાં મહારાજનું મુખ્યપણું આવે એવો મોટાનો સિદ્ધાંત છે તેથી એ પોતાની મોટાઈ તો જણાવે જ નહિ. કેમ જે એમને તો એક મૂર્તિ જ છે. એવા અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત રહ્યા છે. તે તો એ મૂર્તિનું જ સુખ લે છે. મહારાજના સંકલ્પે અહીં દેખાય છે, તો પણ એ તો છે એમ ને એમ છે, પોતે પોતાનો યશ કે ચમત્કાર કોઈને જણાવવા ઇચ્છતા જ નથી. મહારાજના અપાર સુખમાં પોતે લુબ્ધ રહે છે અને સમર્થ થકા જરણા કરે છે. શ્રીજીમહારાજ જેટલું કરે તેટલું મોટા મુક્ત કરે. કેમ જે તે તો સદાય મૂર્તિમાં રસબસ રહ્યા છે અને

કર્તાપણું મહારાજનું છે; જેથી જે મુક્તદ્વારે ધારે તેટલું શ્રીજીમહારાજ બતાવે.

૧૫૯

મહારાજના અનાદિમુક્તને તો મહારાજની હારે ગણવા જોઈએ, પણ સ્વામીસેવકપણું રાખીને. મહારાજ સૌને સુખ આપે છે ને મુક્ત સુખ ભોગવે છે તો પણ તૃપ્ત થતા જ નથી. મૂર્તિમાં અપાર, અલૌકિક, અનહદ સુખ છે, તેને કઈ ઉપમા આપીએ? જેમ કોઈ મહાસુખિયો થયો હોય તેને દુઃખ નજરમાં જ ન આવે; તેમ જેને મહારાજની મૂર્તિનો અલૌકિક આનંદ છે, તેને જગતનું કોઈ સુખ નજરમાં આવતું નથી.

૧૬૦

મોટા અનાદિની મનુષ્યના જેવી ક્રિયા જણાય, પણ એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજની ક્રિયા અલૌકિક છે. એવા અનાદિ ભેગા રહ્યા થકા ઓળખાય, તેમનું વૃત્તાંત જોવું, રુચિ જોવી, સિદ્ધાંત જોવો, અભિપ્રાય જાણવો, ક્રિયાઓ જોવી, તે સર્વે મહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય; પણ આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ કરે નહિ અને કરાવે નહિ.

૧૬૧

જેમ મહારાજ દિવ્ય તેજોમય છે, તેમ મહારાજના મુક્ત

પણ દિવ્ય તેજોમય છે. એવી સમજણ રાખવી જે એ મનુષ્ય જેવા દેખાતા હોય તો ય દિવ્ય છે. જીવને મોટું સુખ પામવું છે, પણ મોટાની સમજણ ગ્રહણ કરતા નથી. તે જો મોટાની સમજણ ગ્રહણ કરે તો એ દિવ્ય સુખ મળે.

## ૧૬૨

મહારાજને અને મોટા મુક્તને અંતર્યામી જાણ્યા હોય તેનાથી સર્વ આજ્ઞાઓ પળે; તેમની સદાય બીક રહે, તેથી ખોટા સંકલ્પ પણ ન થાય, અને એમ નિરંતર રહ્યા કરે જે, હું જે જે કરું છું તે સર્વેને મહારાજ તથા મોટા મુક્ત નિરંતર જાણે છે. મહારાજ અને મોટા મુક્ત તો સદાય ભેળા ને ભેળા જ છે અને તે સર્વે જુવે છે, માટે હું જરા ય પણ આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરીશ તો એમનો મારા પર અતિશે કુરાજીપો થશે તો મારું બગડી જશે, એમ રહ્યા કરે તેથી તે ફડકમાં કાંઈ પણ ભૂંડો ઘાટ કરી શકે નહિ.

## ૧૬૩

શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે, તે તેજ અતિ શ્વેત છે, શાંત છે, શીતળ અને ઘાટું છે. તેમાં રહી જે મૂર્તિ તે ચંચળ છે. શ્રીજીમહારાજનાં રોમ તે શું? તો મૂર્તિમાંથી તેજની છટાઓ છૂટે છે અને તેજના અનંત બંબ છૂટે છે. તે મૂર્તિને ચાર તરફ તથા સર્વે ઠેકાણે તેજની ઠઠ છે.

તે સામસામી તેજની સોડ્યું દોઢે વળે છે અને અનંત તેજના ઢગલા છે, તે અપાર છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. એવા મોટા અનાદિની પાસે આ લોકનું કાંઈ માગવું નહિ.

## ૧૬૪

સુખ તો એક મહારાજની મૂર્તિમાં જ છે, તે વિના બીજે ક્યાંય નથી. જેને આ લાભ હાથ આવે તે તો મૂર્તિમાં થીજી જાય, સુખિયો થઈ જાય. આપણે સત્સંગમાં એ કરવા બેઠા છીએ. મોટા અનાદિમુક્તને મન સોંપવું એ કાંઈ રમત વાત નથી. મોટા સંત એ વાત સમજાવે છે, તેથી સંતને મોક્ષના દ્વારરૂપ કહ્યા છે. માટે બત્રીશ લક્ષણે યુક્ત સંત હોય એ અક્ષરધામની વાત કેમ ન કરે? સાડાત્રણ કરોડ રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ બોલાય છે. ચમક દેખી લોહ ચળે તેમ અનુભવજ્ઞાને કરી મૂર્તિનું સુખ લેવું. પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં જોડાવું.

## ૧૬૫

આ સભા અક્ષરધામની છે. તેના અવળા સંકલ્પ થઈ જાય ત્યારે શું કમાણા? આ ટાણે બહુ ભારે કામ થાય છે. જે જોઈએ તે આ સભામાં છે. આ સંત હરિભક્ત સર્વે બ્રહ્મની

મૂર્તિઓ છે, માટે કોઈને વિષે ભાવ ફરે નહિ, એવી સુરત રાખવી. મહારાજની મૂર્તિમાં સર્વે સુખ છે. મૂર્તિને મૂકીને ક્યાંય સુખ નથી.

૧૬૬

આજ મહાપ્રભુનું સુખ બહુ જ સોંઘું છે, મહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન તેના ફુવારા છૂટે છે તે જ્ઞાનથી મહારાજ ને મુક્ત મૂર્તિમાં ખેંચી લે છે. તે સુખ અનાદિ, સનાતન, અનંત ને અપાર છે. જેને એક મહારાજને સુખે સુખિયા થવું હોય તેને તો એ સુખ તરત આવે એવું છે; પણ માંહી બીજું રહી જાય છે, જેથી એ સુખ મળતું નથી. રોટલો તથા શેરડીનો કૂચો બે ય ભેળું થાય એટલે સુખ ક્યાંથી આવે? આ સભામાં તો મહારાજ, અનાદિ, સંત, હરિભક્ત સર્વે છે. આ દિવ્ય સભા છે. આ સભાની વાત શું કહેવી? મહારાજ કહે છે કે આ સભાનું કર્યું સર્વે થાય છે. આ સર્વે દિવ્ય મૂર્તિઓ છે. આ મુક્ત તો ગૌમુખીગંગા છે, તે ગૌમુખીમાંથી મહારાજનું સુખ આવે છે; માટે મહિમા સમજીને તેમનો જોગ કરવો.

૧૬૭

આપણે મહારાજનો ને અનાદિમહામુક્તનો મહિમા તથા જશ ગાતા જઈએ જે આવા ગોપાળાનંદ સ્વામી, આવા

મુક્તાનંદ સ્વામી, આવા બ્રહ્માનંદ સ્વામી, આવા ગુણાતીતાનંદ સ્વામી, આવા નિષ્કુળાનંદ સ્વામી એ આદિક મોટા મોટા તપ કરીને નિર્વાસનીક થઈને સુખિયા થઈ ગયા. પણ એમણે તો જેમ જનુની ઓસડ ખાઈને બાળકને નિરોગી કરે છે; તેવી રીતે પોતે તપ કરીને, ભક્તિ કરીને મુમુક્ષુને બળિયા કર્યા અને મોટા મુક્તોને રાજી કરવાની તથા મહારાજને પામવાની રીત દેખાડી. એ મહામુક્તો તો મૂર્તિમાં રસબસ રહેતા ને સદાય એ સુખ ભોગવતા, તો પણ આપણા મોક્ષને અર્થે એમણે સર્વ કરી દેખાડ્યું એમ જાણવું.

શ્રીજીમહારાજે સમ ખાઈને કહ્યું છે કે "આ સભા અક્ષરધામની છે" તે દિવ્ય દૃષ્ટિએ દેખાય છે. આ સભાનો તથા મહારાજનો મહિમા ને સુખ કોઈ અનુમાને કરીને કહે છે; કોઈ પ્રમાણે કરીને કહે છે, કોઈ દેખીને કહે છે; તેમાં જે સાક્ષાત્ દેખીને કહે છે તે ખરું છે. તે સાક્ષાત્ દેખનારા આ સભામાં બેઠા છે, ભેળા મહારાજ પણ સાક્ષાત્ બિરાજે છે. જેમ દ્રવ્ય હોય તેમાં ઘી, સાકર આદિ વસ્તુ રહી છે. તેમ એવા મોટા મુક્ત હોય ત્યાં મહારાજ સાક્ષાત્ બિરાજતા હોય તે ખોળે તો હાથ આવે. માટે જોગ સારો છે, વખત સારો છે. તેથી આ કામ અવશ્ય કરી લેવું.

## ૧૬૮

આ મુક્ત આદિ જેવા જણાય છે પણ આદિ નથી;

અનાદિમુક્ત છે. આવા મોટાનો જોગ કરી લેવો ને મૂર્તિમાં સદા રસબસ રહેવું, પણ મૂર્તિથી બહાર નીકળવું નહિ. આપણે નિજમંદિર કરવું એટલે મૂર્તિમાં જ રહેવું. તે નિજમંદિર ક્યારે થાય? તો જ્યારે મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખીને વર્તે તો થાય. તે આત્મબુદ્ધિની વાત જબરી છે. આજ મહારાજ તથા અનાદિમુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે. જો ખરું હેત હોય તો તેને મહારાજ પોતે હેત કરીને ખેંચે છે. આ સભામાં મહારાજ અને મુક્ત બેઠા છે; આ સંત દિવ્ય મૂર્તિ છે. આ સભા ધામની છે, આ સંત સાક્ષાત્ મહારાજ ભેળા રહ્યા થકા દેખાય છે, આ સંત બહુ જબરા છે.

### ૧૬૯

મહારાજની મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે. અનંત મુક્ત એ સુખમાં કિલ્લોલ કરે છે. આ સર્વે દિવ્યભાવમાં જોવું. આપણે તો મૂર્તિ વિના કાંઈ છે જ નહિ.

### ૧૭૦

સ્થાવર ને જંગમ બે પ્રકારનાં તીર્થ છે. તેમા સ્થાવર તીર્થ વિષયી તથા પામરને માટે છે, તે સ્મૃતિ કરાવી દે. અને સંત તથા અનાદિમુક્ત છે તે તો જંગમ તીર્થ છે, તે માયા પર કરી મૂકે. એવા મહારાજ ને મુક્ત તે આપણા આધાર છે. શું તેજ!

શું લાવણ્યતા! શું ઐશ્વર્ય! ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. એ મૂર્તિમાં મુક્ત સદાય રસબસ રહ્યા છે. એમ દૃઢ નિશ્ચય કરે તો જ મૂર્તિ હાથમાં આવે.

અનાદિમુક્ત અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિના સુખમાં ઝીલે છે તેમ આપણે પણ સદાય મૂર્તિમાં ઝીલવું. મૂર્તિ બહાર નીકળવું નહિ. અત્યારે મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક મહામુક્તો પ્રત્યક્ષ બેઠા છે એમ જાણવું. આવા સંતને દિવ્ય જાણવા. આ સંત સર્વે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે એમ જાણે તો હેત બહુ થાય. જેમ ઝાડને કલમ કરે છે તેમ રસબસ થઈને મૂર્તિમાં જોડાઈ રહેવું.

## ૧૭૧

અનાદિમુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે અને સુખનો વરસાદ વરસાવે છે, તેણે કરીને ચાર ખાણના જીવ સુખિયા થાય છે. એવા મોટાને ખોળે તો તરત હાથ આવે. આપણે તો મૂર્તિના સુખના પારણા કરવા તે અચળ ને સનાતન છે, મૂર્તિના સુખ વિના બીજું જમવું તે ચળ છે તે ટકે નહિ, માટે એ દિવ્ય સુખનો આહાર કરવો. તે કોઈ કાળે નાશ ન થાય. જો મૂર્તિ વિના બીજો માયાનો આહાર થાય તો

અભડાવે છે, કેમ જે માયા વટલાવે એવી છે. તેના કાર્યમાં જીવ હણોહણ કરે છે, માટે આપણે તો સર્વેના કારણ ને સર્વેને વશ કરનારા, સર્વોપરી, સર્વ સુખના ધામ શ્રીજીમહારાજ છે. એ મૂર્તિના સુખનો જ આહાર કરવો.

૧૭૨

મોટા અનાદિમુક્ત છે તે તો અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિનું સુખ ભોગવે છે તો પણ પાર પામતા નથી. તે મૂર્તિમાંથી તરેહ તરેહનાં નવાં નવાં સુખ આવે છે. જેમ પૃથ્વી માયિક છે તો પણ તેમાંથી જુદા જુદા રસ ઘણાક થાય છે. તો આ તો દિવ્ય મૂર્તિ છે, તેમાંથી નવીન નવીન સુખ આવે તેમાં શું આશ્ચર્ય હોય? તે સુખની આપણે ત્વરા કરવી ને મૂર્તિમાં વળગવું, પણ મૂર્તિ વિના બીજે હેત કરી બંધાવું નહિ. હેત કરવા જેવા તો એક ભગવાન ને મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. માટે એવા મોટા મુક્તને વિષે કોઈ દિવસ મનુષ્યભાવ આવવા દેવો નહિ. સદાય દિવ્યભાવ રાખવો.

૧૭૩

આ સભા અક્ષરધામની છે અને અનાદિમુક્ત છે તે તો મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે, અમૃતમાં નહાય છે, અમૃતના યજ્ઞ કરે છે. તે સુખ આપણે પામવું છે, તે સારુ ભેગા થયા છીએ. પછી દેહ પડી જાય તો આ જોગ બહુ

દુર્લભ થઈ પડે. માટે એવા મુક્તનો જોગ કરવો અને મૂર્તિમાંથી અનુભવજ્ઞાન નીકળે છે, તેનો જ્યારે ખરો લક્ષ્યાર્થ થાય તો મહારાજના ભાવને તથા સુખને પામે. ત્યારે તેને મહારાજ ને મોટા જળ સ્નેહી મીનની જેમ જીવનરૂપ થઈ જાય. જેને એ રીતે મોટા જીવનરૂપ થયા હોય તેને મૂર્તિનો વિયોગ થાય તો દેહ પડે તેવું કષ્ટ થાય. મૂર્તિ વિના બીજો સંકલ્પ જ ન થાય.

## ૧૭૪

શ્રીજીમહારાજે કહ્યું છે કે અમે તો દિવ્ય તેજોમય છીએ. એવું મુકતનું સમજવું. આ દેખાવામાત્ર મનુષ્યભાવ છે. પણ શ્રીજીમહારાજ તથા મુક્ત તો સદાય દિવ્યભાવમાં રહે છે. આપણે એવા અનાદિનો જોગ કરી માયાનું કાર્ય ખોટું કરીને હીરાના વેપારી થવું, ને મૂર્તિ પામવાનો ઠરાવ રાખવો. જ્ઞાન પ્રલય થઈ જાય તો બીજું કાંઈ રહે નહિ, એક મહારાજ ને તેમના મુક્ત રહે એટલે સુખિયો. આવો મહારાજ ને અનાદિમુક્તનો જોગ છે.

શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાથી બહુ મોટું કામ થાય છે અને મહારાજના આકારે થઈ જાય છે તેને ભાગવતીતનુ કહે છે. એટલે મહારાજ પોતાની મૂર્તિમાં રાખે છે અને અપરીમ્ અપરીમ્ સુખ આપે છે. એ મુક્તને મૂર્તિમાં

આવરણ નથી. સાકાર થકા મૂર્તિમાં રહ્યા છે. તે મુક્ત મુક્તમાં સોંસરા ચાલ્યા જાય છે. જેમ સંતદાસજી ભીંત સોંસરા ચાલતા તેમ મુક્ત મુક્તને એક બીજાનું આવરણ નથી. આવા મહારાજ અને અનાદિમુક્ત મળ્યા. એવા જોગમાં હારી જવું નહિ.

## ૧૭૫

મોટા અનાદિ ને મહારાજ એ તો ભેગા જ રહે છે. એવા અનંત મુક્ત સાકાર થકા મૂર્તિમાં રહીને મૂર્તિનાં સુખ ભોગવે છે. જેમ સમુદ્રમાં અનંત માછલાં કિલ્લોલ કરતાં થકાં રહ્યા છે, તેમ મૂર્તિમાંથી મુક્ત સુખ લીધા જ કરે છે. આ લોકના દૃષ્ટાંતમાં મળતું ન આવે એટલે બીજું શું કહેવું? એ સુખ તો મહા અલૌકિક છે, દિવ્ય છે. એ સુખની આગળ કોઈ સુખ ગણત્રીમાં ન આવે.

## ૧૭૬

શ્રીજીમહારાજ અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, સર્વના કારણ છે, સર્વના કર્તાહર્તા છે, સર્વના નિયંતા છે, સર્વોપરી છે, અકળ મૂર્તિ છે. તે આ સભામાં પ્રગટ બિરાજે છે. આ સભા એ ભગવાનની છે. આ મુક્ત સર્વે એ મૂર્તિના સુખભોક્તા છે. આ સભાનો મહિમા બહુ જબરો છે.

## ૧૭૭

મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રસબસ રહ્યા છે. ને મૂર્તિમાંથી સુખ લીધા કરે છે. કોટિ કલ્પ વીતી જાય પણ એ સુખથી તૃપ્ત થતા નથી. ત્યાં આપણે સર્વેને રહેવું છે. ત્યાં કેમ જવાય? તો એકાંતિક થઈને પરમાત્મા જે શ્રીજીમહારાજ તેમને પધરાવે એટલે પરમ એકાંતિક થાય ત્યારે તેને મહારાજનું અનુભવજ્ઞાન ખેંચી લે છે. એટલે જેમ સમુદ્રની વેળ આવે છે એમ ઝળળ, ઝળળ કરતું મહા તેજોમય સુખ તેના હીલોળામાં પરમ એકાંતિકને લઈ જાય છે. ત્યાં બીજા કોઈની ગતિ નથી. ત્યાં ગયા પછી મહાતેજોમય, દિવ્ય સનાતન એવું સુખ તેને અનાદિમુક્ત સાથે ભોગવે છે. આ વાત મુદ્દાની છે. મુદ્દો રાખવો એ શું? તો કારણ મૂર્તિ રાખવી. તે ભેળું બધું ય આવશે.

## ૧૭૮

અમને તો એક સ્વામિનારાયણ, સ્વામિનારાયણ આવડે છે. એ મૂર્તિ વિનાનો અમારે બીજો એકે ઠરાવ નથી. સૌને મૂર્તિમાં રાખવા છે. તમારે પણ એ મૂર્તિનો ખપ કરવો. એમનો રાજીપો તથા એમની આજ્ઞા, એ વિના બીજું કોઈ સુખદાઈ નથી એટલી વાત દૃઢ કરવી. આ વસ્તુ બીજે ન જડે. એમના મુક્ત, સંત પણ એવા જ મોંઘા છે.

## ૧૭૯

શ્રીજીમહારાજના અનાદિમહામુક્ત છે તે તો પોતે સુખિયા છે ને અનેક જીવોને મૂર્તિના સુખે સુખિયા કરે છે. તે જો પરમ એકાંતિક થાય તો મહારાજ તથા અનાદિ તેને અનુભવજ્ઞાનથી ખેંચીને મૂર્તિમાં રાખે છે. એવા મુક્તની સ્થિતિ જે જાણે તે જ તેમને ઓળખે, પણ સ્થિતિ જાણ્યા વિના ઓળખાય નહિ. તે જો એવા મુક્તથી આવી પરભાવની વિદ્યા ભણે તો બધા ય શબ્દ પરભાવમાં લઈ જાય. વચનામૃતના શબ્દ સર્વે પરભાવના છે. એકે ઓરા નથી. ઠેઠ મૂર્તિના શબ્દ છે. આ સંત મંડળનાં કમળ ખીલી રહ્યાં છે. તે સર્વેની નજર એ કારણ મૂર્તિ સામી છે. તેથી જેટલું રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય. આ તો તમને બહુ જ મોટા મળ્યા છે. માટે મૂર્તિમાં રસબસ રહેજો ને સુખમાં ઝીલજો. આ સભાનાં જે જાણે અજાણે દર્શન કરે તેનો પણ આત્યંતિક મોક્ષ થઈ જાય; એવી આ દિવ્ય સભા છે.

## ૧૮૦

મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ ભાવે સુખ લીધા કરે છે, સભા ભેળી જ છે, આપણને આ દિવ્ય પ્રાપ્તિ થઈ છે, માટે હલર વલર ન કરવું. પ્રકૃતિનાં કાર્યમાં ક્યાંઈ ખોટી ન થાવું. આ સભાના સંકલ્પ ચાલે છે, આ સભા

સનાતન છે, આ સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, જમે છે, રમે છે, દર્શન દે છે, પોતાના આશ્રિતોની રક્ષા કરે છે, આપણા ઉપર મહારાજની અમૃત નજર છે. અમે તો સૌને એ મૂર્તિમાં રાખીએ છીએ. અમારું કામ ને અમારો વેપાર એ જ છે. કોઈ લ્યો! કોઈ લ્યો! આ સમે મહારાજ અઢળક ઢળ્યા છે. એમના અનાદિમુક્ત પણ એ મૂર્તિની પ્રાપ્તિ કરાવવા આવ્યા છે. આવો અવસર કોઈ વંજાવશો નહિ. આ ટાણું બહુ દુર્લભ છે, આ સમે કાંઈનાં કાંઈ કામ થઈ જાય છે. પુરુષકોટી, બ્રહ્મકોટી, તથા અક્ષરકોટી આદિને મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અગમ છે, તે આપણને દયા કરી શ્રીજીમહારાજના લાડીલા અનાદિમુક્તોએ સુગમ કરી છે. આ અવસરે બહુ ભારે કામ થાય છે.

### ૧૮૧

આપણને મહારાજે પોતાના કર્યા છે તેથી કૃતાર્થપણું માનવું. આવા મોટાના જોગમાં મહારાજનો તથા મૂર્તિના સુખભોક્તાનો દિવ્યભાવ વધતો ને વધતો જાય છે. એમ જાણવું ને સદાય આનંદમાં રહેવું. મહારાજ આપણા સામું જોઈ રહ્યા છે. એમની સાજા સત્સંગ ઉપર એવી ને એવી દયા છે, નહિ તો જીવનું ગજું શું, જે મહારાજ તથા મોટાને ઓળખે! આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે, આપણે એ

મૂર્તિને તથા મોટા અનાદિને વિષે ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો.

## ૧૮૨

મહારાજની મૂર્તિને આપણે ઘડીએ મૂકવી નહિ એટલે સાધન માત્ર પૂરાં થયાં. તે વિના તો બધું ય કાર્ય છે; તેનો અંત નથી. માટે આપણે તો એક મૂર્તિને સુખે સુખિયા રહેવું. આ લોકમાં બીજું કાંઈ જોવા જેવું નથી. જોયા જેવા તો એક શ્રીજીમહારાજ છે. દોયલી વેળાનાં દામ અને ખરી વેળાનો ખજીનો પણ એ છે અને એ જ જીવનમૂડી છે. માટે બીજી વાતમાં મન ન દેવું ને મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું.

## ૧૮૩

અમારે તો જીવને ઠેઠ મૂર્તિમાં મૂકવા છે. બીજો કોઈ અર્થ સારવો નથી. તેથી રાત કે દિવસ જોતા નથી. ક્યારેય નવરા રહેતા નથી. મોટા મોટા નંદ સાધુઓ અમે જોયા છે, તે તો ક્યારેય મૂર્તિને મૂકતા નહિ. માળા, માનસીપૂજા, ધ્યાન, ભજન, સેવા, કથાવાર્તા નિરંતર કર્યા જ કરતા. એમને તો એમ જે એ સુખ વિના બીજું શું જોયા જેવું છે! આપણે પણ એ માર્ગ લેવો. કેટલાક રાગરંગમાં, મારાતારામાં, પંચવિષયના વલખામાં આવરદા ખોઈ નાખે છે. આપણને તો શ્રી પુરુષોત્તમ નારાયણ અવિનાશી વર મળ્યા છે, તેથી ક્યાંય

અટકવું નહિ. કેવડા મહારાજ ને કેવડા તેમના અનાદિમુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે.

### ૧૮૪

સર્વેના કારણ શ્રીજીમહારાજ છે તે કારણ સામી નજર રાખવી, મહારાજે આ લોકમાં દર્શન આપી આક્ષરધામ તુલ્ય સુખ વર્તાવી દીધું છે.

### ૧૮૫

શ્રીજીમહારાજ તથા મૂર્તિમાં રહેનારા મુક્ત એ બે અનાદિ છે. મહારાજની વ્યતિરેક સાક્ષાત્ મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. તે એવા અનાદિમુક્તની કૃપાએ મળ્યું છે. તપથી કે સાધનથી એ સુખ મળે તેવું નથી. આ કાંઈ થોડી વાત ન કહેવાય. મોટાને પ્રતાપે આપણો તો ખરેખરો આત્યંતિક મોક્ષ થઈ ગયો છે એમ જાણી મૂર્તિમાં સળંગ જોડાય તો સુખની ધારાઓ છૂટે "અમૃતના સિંધુ ઊલટ્યા રંગડાની વાળી છે રેલ; પુરુષોત્તમ પ્રગટી" એવું છે. આ તો દિવ્ય મૂર્તિ ને અલૌકિક પ્રાપ્તિ છે. માટે એ મૂર્તિને મૂકીને શાસ્ત્ર ભણે, કથા કીર્તન કરે તો પણ મોટા સંતે દિનકઢણી કહી છે.

પાણો હોય તે અગ્નિથી શેકાઈ જાય છે ને પાણી અડે એટલે ચૂરેચૂરા થઈ જાય છે અને ઔષધીમાં પણ એવો ચમત્કાર છે જે સોના આદિક વસ્તુને ગાળીને શુદ્ધ કરી નાખે

છે. તો આ તો સર્વોપરી ભગવાન અને સર્વોપરી મુક્ત મળ્યા છે. તો પણ અંતર ગળતું નથી તેનું કારણ એ જે મહારાજનો તથા અનાદિમુક્તનો જેવો છે તેવો મહિમા જાણ્યામાં આવ્યો નથી. ને સર્વોપરી ભગવાન તથા મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવનારા અનાદિમુક્ત તેમની ઓળખાણ થઈ નથી. કદાપિ ઓળખાણ થઈ છે તો તે સંગાથે જીવ જોડ્યો નથી. તે જો મન, કર્મ, વચને જીવ જોડે તો કાંઈ ખામી રહે નહિ. જેટલી ખામી રહે છે તેટલી જીવ જોડવામાં તથા આજ્ઞા પાળવામાં કસર છે તેથી અંતર ગળતું નથી. કેમ કે અગ્નિ તથા ઔષધી તે તો જડ છે તો ય સોના આદિકનો મેલ મુકાવી દે છે, તો આ તો દિવ્ય મહારાજને દિવ્ય મુક્ત તે શું ન કરે? પણ, અંતરાય રહે છે તેથી જેમ છે તેમ સમજાતું નથી માટે સાચે ભાવે જોડાવું.

## ૧૮૬

મહારાજના અનાદિમુક્ત તો મૂર્તિના સુખરૂપ અમૃત વિના બીજો આહાર કરતા જ નથી. તેમની સામર્થી અપાર છે, પણ જીવને ખબર પડે નહિ. મહારાજે તો રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય કહ્યું છે.

## ૧૮૭

મહારાજના અનાદિમુક્ત તો મહારાજની મૂર્તિથી પૃથક્

રહેતા નથી. "રસરૂપ મૂર્તિ રે શ્રીહરિ કેવળ કરુણાકંદ" એ દિવ્ય મૂર્તિના મહારસનું સદાય પાન કરનારા છે. એ દિવ્ય સુખના જ ભોગી છે. અનાદિ મહારાજ એટલે એ પણ અનાદિ તેને જે જે બીજી ઉપમા દેવાય તે ઓછી છે. આવા જે મહાઅનાદિ તે તો મહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રસબસ ભાવે રહ્યા છે. અને પરમએકાંતિક સન્મુખ રહ્યા છે તેને પણ સર્વ મુક્તથી અધિક આ મુક્ત એમ નથી, સર્વ મુક્તોને સર્વોપરી એક મૂર્તિ જ છે ને મુક્તોને તો એ મૂર્તિના સુખમાં ક્યારેય પાર પામવાપણું નથી; સદાય અપાર ને અપારપણું છે. એવો મહિમા જેને સમજાય તેને એ મૂર્તિ વિના બીજા કોઈનો ભાર રહે નહિ.

## ૧૮૮

મહારાજની આજ્ઞામાં જે ખબડદાર ન રહે ને ઉપર ઉપરથી મોટા મુક્ત પાસે આવે, જાય ને પ્રાર્થના કરે તેથી તેનું કામ થાય નહિ. એ તો જ્યારે મહારાજને તથા મોટા અનાદિને અંતર્યામી જાણી તેમના વચન સામી સૂરત રાખે તો મોક્ષ થતાં કાંઈ વાર ન લાગે. નહિ તો સો ગાઉ સામો ચાલીને આવે તો પણ મૂર્તિનું સુખ તેને મળતું નથી; માટે દેખાવનો સત્સંગ ન કરવો. મહારાજ તથા મોટાના વચન પ્રમાણે નિયમ, ધર્મ પાળ્યા વિના ચાલે નહિ. મોટા

અનાદિમુક્ત તો બહુ દયાળુ હોય તેથી મહારાજના વચનમાં વર્તે તેને તરત મૂર્તિમાં મૂકી દે છે.

શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંક ગુના સામું જોતા નથી એવા દયાળુ છે; પણ મહારાજને તથા મોટા મુક્તને જીવ સોંપવો જોઈએ. તે વિના ત્રણ દેહનું આવરણ ઉલંઘાય તેવું નથી. આવી વાતનો નામામેળ કરવો જોઈએ. મહારાજના તથા મોટા મુક્તના પ્રતાપે જ જીવોનો મોક્ષ થાય છે, એ વાતમાં કાંઈ સંશય નથી. તેથી મોટા મુક્તોએ શાસ્ત્રમાં લખ્યું જે, હરિ કાં હરિના મળેલાનો ખપ કરવો જોઈએ. બહારદૃષ્ટિએ વર્તે ને સાધન ઘણાં કરે પણ સમાસ થાય નહિ.

### ૧૮૯

શ્રીજીમહારાજને અનંતકોટિ બ્રહ્માંડ, અનંત અવતાર તથા અનંત મુક્તના કારણ જાણીને સર્વે વાતમાં એ મૂર્તિ મુખ્ય રાખવી; તે વિના કોઈથી આત્યંતિક મોક્ષ થાય તેવું નથી. એ મૂર્તિને લઈને જ બધાની મોટાઈ છે. શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે, તે મૂકે તેવા તો નથી, પણ આપણે અહંમમત્વ કરીને, મૂર્તિથી જરા ય જુદા ન પડવું.

### ૧૯૦

મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે તથા મૂર્તિને ફરતા મુક્તની

ઠઠ છે. તેજ શીતળ ને શાંત છે તેનું વર્ણન કેવું કરવું!

એવા તેજોમય શ્રીજીમહારાજ આપણને મળ્યા છે. તો પણ રાખના પડીકા જેવા માયિક પદાર્થ માટે મારું તારું થાય એ કેવું અજ્ઞાન કહેવાય? મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે, તે મહારાજના તેજ વડે છે. એવા શ્રીજીમહારાજ આ લોકમાં પોતાનું તેજ, ઐશ્વર્ય ઢાંકી મનુષ્ય જેવા દર્શન આપે છે તો પણ તે તો જેમ છે તેમ ને તેમ જ છે. સાકરના નાળિયેરની પેઠે ત્યાગ ભાગ નથી.

## ૧૯૧

આ સમયે તો જ્યારથી મહારાજ પ્રગટ થયા ત્યારથી શરદઋતુ બેઠી છે તે આનંદના ફુવારા છૂટ્યા કરે છે તેથી આવા જોગમાં જીવ બહુ સુખિયા થાય છે. જે જોઈએ તે આ સભામાં છે. મહારાજના સુખનો જેને અનુભવ થયો હોય તેને બીજું કાંઈ નજરમાં જ આવે નહિ.

## ૧૯૨

મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા, કેમ કે તે થકી આપણું આત્યંતિક મોક્ષરૂપ કામ થાય છે, મોટા મુક્ત દયા કરીને હિંમત આપે છે, ત્યારે કસર માત્ર ટળી જાય છે તેથી જીવમાં તત્કાળ બળ આવે છે. એમના

રાજીપા વિના કારણ શરીર નાશ પામે નહિ. મોટા અનાદિ તો મહારાજના સંકલ્પ ભેગો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મૂકે છે. તેની જીવને શું ખબર પડે!

શ્રીજીમહારાજે કેવળ કરુણા કરી પોતાના અનાદિમુક્તોએ સહિત આ લોકમાં દર્શન આપ્યાં એ કેવડી દયા! નહિ તો લાખ વરસ ઊંધે માથે વાયુ ભક્ષણ કરીને તપ કરે તો ય એમનાં દર્શન ન થાય, એવા મોંઘા છે.

## ૧૯૩

સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે. આવી વાતો કરતાં કરતાં જીવમાં સાક્ષાત્કાર થઈ જાય. મોટા અનાદિના શબ્દ તો બહુ ચમત્કારી હોય, તેથી એવા શબ્દ જીવમાં જેમ જેમ ઊતરતા જાય તેમ તેમ સુખ, સામર્થી ને પ્રકાશ વધતાં જાય; માટે તેમના જોગ સમાગમની, રાજીપાની ને સેવાની ગરજ રાખવી. મોટા તો મૂર્તિના સુખમાં જ રમ્યા કરે છે ને મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પે દેખાય છે. તેથી એવા મોટા, મહારાજનો જેવો છે તેવો મહિમા સમજાવે તો સુખ લેવાની ગતિ વધારે થાય. મોટાની દૃષ્ટિમાં તથા રાજીપામાં જે આવ્યા હોય તે કેમ ઓળખાય? તો એ મૂર્તિ વિના રહી શકે નહિ. એ તો કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે. એની દરેક વાતમાં મૂર્તિનું મુખ્યપણું આવતું હોય. સત્સંગમાં સૌ

તેનું પ્રમાણ કરે ત્યારે જાણવું જે આના ઉપર મોટાનો રાજીપો છે.

## ૧૯૪

મહારાજના અનાદિમુક્ત જીવને મૂર્તિનાં સુખ પમાડવા દ્રષ્ટિગોચર વર્તતા હોય તેમનો રાજીપો થાય ને એ જે કહે તેમાં વિશ્વાસ હોય તો એ લટક હાથ આવે ને મૂર્તિને સુખે સુખિયો થઈ જાય; નહિ તો દાખડો ઘણો ને ફળ થોડું થાય, શ્રીજીમહારાજે મોટા મુક્તને જોગે તથા સેવાએ સો જન્મની કસર ટળવાની હોય તે આ જન્મે ટળે એમ કહ્યું છે તેનું કારણ પણ એ જ છે માટે અવસર ન ચૂકવો.

## ૧૯૫

અનંતકોટિ રામ ને અનંતકોટિ કૃષ્ણ અને અનંતકોટિ મુક્ત એ સર્વના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે, ત્યારે જ્ઞાન થઈ રહ્યું. આ તો અનંત ભગવાનના ભગવાન છે તે આપણે ઘેર આવીને બેઠા છે, એમ અ.મુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. તથા અ.મુ. ગોપાળાનંદ સ્વામીએ પણ મહારાજનો સર્વોપરી મહિમા બહુ જ કહ્યો છે. જો મોટા અનાદિમુક્તનો વિશ્વાસ હોય તો એ વાત સમજાય.

## ૧૯૬

સત્સંગમાં જેને દિવ્યભાવ આવે તેને મહારાજ ને મુક્ત સર્વે તેજોમય ભાસે. આ મંદિર, મેડી, ઘર, ઓસરી સર્વે તેજોમય છે, તેજનો અંબાર છે, વચ્ચે મહારાજ બિરાજે છે. એ મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે, ફરતી સભા બેઠી છે, સર્વે તેજોમય છે. મહારાજ કહે છે કે જ્યાં પુરુષોત્તમની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય, એટલે મૂર્તિને ફરતું તેજ તેમાં ચારે કોર મુક્તનાં મંડળ બેઠાં છે. મહારાજના અનાદિમુક્તનો વિશ્વાસ હોય તેને આ વાત મનાય ને આઠે પહોર આનંદ આનંદ રહે, મૂર્તિના સુખની ખુમારી રહે.

## ૧૯૭

મહારાજે આ સમે જીવો પર બહુ દયા કરી છે, તેથી શરણે આવે તેનાં જન્મમરણનાં ખાતાં વાળી નાખે છે. આવા બ્રહ્મયજ્ઞમાં શ્રીજીમહારાજ દિવ્યરૂપે દર્શન દઈ અનેકને પોતાની મૂર્તિનું સુખ આપે છે; મોટા મુક્ત દ્વારે પોતાનો મહિમા સમજાવે છે. આવા સંતો પણ જીવને ઉગારવા ભાતાં બાંધીને ઘેર ઘેર ફરે છે. ગુના માફ કરી દે છે. મહારાજે અનેક પ્રકારનાં લીલા ચરિત્રો કર્યાં તથા અનાદિમહામુક્તોએ જે જે કર્યું, તેમાં એ એક જ તાન છે; પણ જીવને એ વાતની શી ખબર પડે? આ તો "અનંત જીવ ઉદ્ધારવાને આવીયા રે

લોલ, બ્રહ્મમોહોલવાસી હરિરાય" એવું છે. ક્યાં જીવ? ને ક્યાં જીવન? આ તો મહાપ્રભુએ અતિ કરુણા કરી છે. મોટા મુક્તોએ એ મૂર્તિનો અપાર મહિમા વર્ણવ્યો છે જે સદા સાકાર, નિર્ગુણ મૂર્તિ, સ્વતંત્ર થકા પોતાના તેજે અનંત બ્રહ્માંડને તથા અનંત ઐશ્વર્યાર્થીઓને પ્રકાશના દાતા, સુખમય મૂર્તિ, સર્વના આધાર, પરમ એકાંતિક તથા અનાદિમહામુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા અને એ મુક્તોને રસબસ ભાવે સળંગ પોતાની મૂર્તિનું નવીન નવીન સુખ પમાડનાર, સુખના ધામ, મનોહર મૂર્તિ, અક્ષરબ્રહ્મના આધાર, અક્ષરના આત્મા, દિવ્ય મૂર્તિ અનંત બ્રહ્માંડમાં અન્વય શક્તિ વડે પ્રકાશના કરનારા, સર્વના કારણ શ્રીહરિ એ જેવા એ એક; એમ શાસ્ત્રમાં લખ્યા એવા અખંડ અવિનાશી મહારાજ તેમની પ્રાપ્તિ આપણને થઈ છે, તેની ખુમારી રાખવી. એ મહાપ્રભુ આ સભામાં અખંડ બિરાજે છે, સભા સામું અમૃત નજરે જોઈ રહ્યા છે, માટે આપણે પોતાના અહોભાગ્ય માની કૃતાર્થપણું માનવું.

## ૧૯૮

આ સભામાં મધ્યસ્થ મહારાજ તેજોમય બિરાજે છે. મૂર્તિ ફરતા અનંત મુક્ત બેઠા છે. અનાદિ તો રસબસબાવે સુખ લીધા જ કરે છે. સર્વે તેજોમય છે. તેજ ઝળળ ઝળળ થાય

છે. જેને એવો અલૌકિકભાવ આવે તે તો દિવાના (મસ્તાના) થઈ જાય. ક્યાં અનંતકોટિ બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આ તો ન બનવાની વાત બની ગઈ છે.

## ૧૯૯

આ સભા અલૌકિક છે, દિવ્ય તેજોમય છે, નિર્ગુણ છે. આ સભાના સંકલ્પ ચાલે છે. આ ટાણે કંઈક ન્યાલ થાય છે. આવા સંતની સર્વે ક્રિયા કલ્યાણકારી જાણવી. સભામાં સંતો બેસે છે તે જાણે સૂર્યમુખી ને કમળનાં વન ખીલ્યાં હોયને શું! તેમ મૂર્તિ સન્મુખ સૌની નજર હોય છે. આવા મોટા સદ્ગુરુ આગળ બેઠા હોય તેથી આ દિવ્ય સભા ચમત્કારી લાગે છે. શ્રીજીમહારાજ સર્વેને અમૃત નજરે હેરે છે.

## ૨૦૦

આ તો અતિ અગમ વાત, તે મહારાજ તથા મોટાએ સુગમ કરી દીધી છે, તેથી કલ્યાણ સોંઘું થયું છે. અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય પણ તે વિના ન થાય. સાધને કરીને કેટલુંક થાય? મૂર્તિમાં તો મહારાજ કેવળ કૃપાએ કરીને રાખે છે માટે મહાપ્રભુના અનન્ય આશ્રિતને એ મૂર્તિના બળની ખુમારી રાખવી.

## ૨૦૧

આ સભા દિવ્ય છે. આ મુક્ત સર્વે અક્ષરધામના છે,

મૂર્તિમાં રહેનારા છે. મહારાજના અનાદિમુક્તોએ દયા કરીને મૂર્તિનું સુખ પમાડવા આવા માર્ગ કાઢ્યા છે. અમે તો આજ સુધી આવાં જ કામ કર્યાં છે. અમને બીજું કાંઈ આવડતું નથી.

## ૨૦૨

પુરુષોત્તમ નારાયણ તો સર્વેના કારણ છે. એમનો કોઈ કર્તા નથી. એ સૌના કારણ છે, કર્તા છે, નિયંતા છે, આધાર છે; એમ સમજે તો કામ થાય. કાં તો મહારાજની મૂર્તિના સુખભોક્તા આવા સંત મળે તો આગળ જાય એટલે એ વાત સમજાવે.

## ૨૦૩

જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તો ય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે, પણ જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. જે વાતની જેને ખબર ન હોય તે શું જાણે! મહારાજની મૂર્તિમાં તો અપરંપાર તેજ છે. એ મૂર્તિમાં અનાદિમુક્ત રસબસ રહ્યા છે. અહીં તો મૃત્યુલોકના જેવા ભાવ દેખાય પણ બધું ય દિવ્ય છે. મહારાજ કહે છે કે "મારી મૂર્તિ રે મારાં લોક ભોગ ને મુક્ત; સર્વે દિવ્ય છે રે ત્યાં તો જોયાની છે જુક્ત" એ બધું ય કારણ મૂર્તિનું અપારપણું છે.

## ૨૦૪

આવો સંતો! આજ બ્રહ્મરસ વરસે છે. આ દિવ્ય સભામાં શ્રીજીમહારાજ તેજોમય બિરાજે છે. મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે. આપણે એ દિવ્ય સુખનો આહાર કરવો.

## ૨૦૫

શ્રીજીમહારાજ સર્વત્ર છે, તેમ આ સભા પણ એ પુરુષોત્તમ ભગવાનની છે તેથી સર્વત્ર છે. ક્યા ઠેકાણે ન હોય? માટે સંતો! મહારાજ તથા આવી દિવ્ય સભાને ભેગી ને ભેગી રાખજો. આ સભા છેટી છે કે બીજે છે એમ જાણશે તેને ખોટ જશે. પછી દાખડો ઘણો પડશે, પણ આવું સુગમ નહિ થાય. માટે મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને સદાય એમ જ વર્તવું અને વાતો પણ એવી જ કરવી, પણ મૂર્તિ ભૂલીને વાતોને નોરે ચડી જવું નહિ. મૂર્તિ વિનાની બીજી વાતો કરવી તે તો ખોટી થવા જેવું છે, માટે ખરા અનુભવી થવું. આવો અવસર ફેર આવવો બહુ દુર્લભ છે.

## ૨૦૬

તત્વે કરીને ભગવાનને જાણે એટલે મૂર્તિનું સુખ યથાર્થ આવે, એમ મહારાજ કહે છે. માટે આવા અનાદિમુક્તનો તથા આવા સંતનો જોગ સમાગમ કરી મહારાજને જેવા છે તેવા જાણી પોતાનું પૂરું કરી લેવું. આવો જોગ ફેર આવવો બહુ દુર્લભ છે.

૨૦૭

મૂર્તિમાં મુક્ત સર્વે સાકાર થકા રસબસ ભાવે સળંગ મૂર્તિમાં રહ્યા છે. મહારાજની મૂર્તિમાં એવું જ અલૌકિક ઐશ્વર્ય છે. જેમ ચિંતામણિમાંથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલાં પદાર્થ નીકળે તો પણ ચિંતામણિ દુબળી પડતી નથી અને એ બધું એમાં પાછું સમાઈ જાય તેણે કરીને પુષ્ટ પણ થતી નથી. એ તો જેવી હોય તેવી ને તેવી જ રહે છે. એવું સામર્થ્ય જેના પ્રતાપથી જડ વસ્તુમાં છે તો પોતાને વિષે અલૌકિક સામર્થ્ય હોય તેમાં શું કહેવું? એ તો હોય જ. માટે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવું.

૨૦૮

આજ તો અમૃતના ઘન વરસે છે, તેથી એ સુખમાં સૌ રસબસ નાહ્ય છે. આમ સમજાય તો કાંઈ અધુરું ન રહે. આવી બ્રહ્મસભામાં જે આવે તેનાં અનેક જન્મનાં પાપ નાશ પામી જાય છે. મહારાજના અનાદિની વાત જ જુદી છે.

૨૦૯

આ વખતે સત્સંગમાં શ્રીજીમહારાજે બહુ સુખ આપ્યું, તેમ આવા અનાદિના જોગ સમાગમે અનેક મૂર્તિના સુખભોક્તા થયા. ધ્યાને કરીને મૂર્તિમાં સ્થિતિ થઈ હોય તો પણ આવા જોગની વાત દુર્લભ છે. આ સભામાં જે કામ આ ટાણે થાય

છે તે લાખો વરસ સાધન કરે તો પણ ન થાય. સ્થિતિવાળો પોતે તો સુખિયો રહે, પણ આમ કરોડો જીવને મૂર્તિના સુખમાં પહોંચાડી ન શકે. આ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આવું સુગમ છે. એ લાભ આપણને મળ્યો છે, તે કેવાં મોટાં ભાગ્ય!

## ૨૧૦

આપણે મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ. મહારાજે દયા બહુ કરી, પોતાના જાણ્યા તે કામ ભારે થયું. આવા અનાદિમુક્ત મળ્યા એ કાંઈ સાધારણ વાત નથી. અક્ષરધામમાં મળવા જવું હોય તો શું બને? આ તો સ્હેજમાં મેળાપ, એ કાંઈ જેવી તેવી વાત નથી.

## ૨૧૧

શ્રીજીમહારાજ ન્યાલકરણ છે, તેથી જે આશરે આવે તે ન્યાલ થાય. જુઓને! સત્સંગમાં સંત, હરિભક્ત, બાઈ, ભાઈ, નાના મોટા એ કારણ મૂર્તિને પ્રતાપે સુખિયા થકા એ મૂર્તિનું સુખ ભોગવે છે. માટે કારણ મૂર્તિને મૂકીને કાર્યમાં એટલે હલર વલરમાં ભળવું નહિ. વચનામૃતમાં એ જ વાત આવી હતી. વચનામૃત શ્રીમુખનાં વચન છે. એ વચનમાં વજ્રની પેઠે જોડાઈને વર્તવું.

તપ કરી કરીને મરી જાય તો પણ ન મળે; એવા

શ્રીજીમહારાજ તે આપણને ઘેર બેઠાં મળ્યા તે કેવી દયા! નવલખામાં જોગી તપ કરીને સુકાઈ ગયા ત્યારે એ મૂર્તિનાં એક વખત દર્શન થયાં, અને આપણને તો ગામની વચમાં વન કરી દીધાં છે ને ઘેર બેઠાં મહારાજ મળ્યા છે. માટે એ મૂર્તિમાં રસબસ રહેવું. આવા મહારાજ, આવા સંત, આવા હરિભક્ત ક્યાંથી મળે! માટે ખરેખરા પાત્ર થઈને મોટા સંત જે અનાદિમહામુક્ત તેમનો સમાગમ કરીને શ્રીજીમહારાજનો દૃઢ નિશ્ચય કરવો. એવો નિશ્ચય જેને હોય તેને આમ હથેળીમાં મૂર્તિ બતાવીએ-મૂર્તિના સુખે સુખિયો કરી મૂકીએ. પણ જો આવા સંતને તથા આવા મુક્તને ઓળખે નહિ તો કલ્યાણ થવું કઠણ.

## ૨૧૨

મહારાજ ને મુક્ત આ સભામાં દિવ્ય તેજોમય દર્શન દે છે, તેથી સંત હરિભક્તો સર્વેને આનંદ આનંદ વર્તે છે. આ દિવ્ય સભાનો મહિમા બહુ જબરો છે. જેને મહારાજ તથા મોટાની ઓળખાણ થઈ તેનું તો બહુ ભારે કામ થઈ જાય છે. જેવો છે તેવો મહિમા સમજાય તો ગાંડુ થઈ જવાય. આ અમે વાત કરીએ છીએ તેમાં લેશમાત્ર ફેર ન જાણશો. જેનાં બહુ મોટાં ભાગ્ય હોય તેને શ્રીજીમહારાજનાં તથા આ દિવ્ય સભાનાં દર્શન થાય છે. તપ, ત્યાગ, વ્રત, યોગ, યજ્ઞાદિક

કોઈ સાધને ન મળે તે આજ સ્હેજમાં મળે છે. આજ તો રોકડું કલ્યાણ છે.

૨૧૩

મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન જેને થાય તેને તો અખંડ સ્મૃતિ રહે, મૂર્તિ ભુલાય નહિ. ક્યાં ભગવાન ને ક્યાં તેમના લાડીલા મુક્ત! ને ક્યાં જીવ! આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા સમજાય તેને આનંદ આનંદ થઈ જાય.

૨૧૪

આવા સર્વોપરી મહારાજ મળ્યા, આવા અનાદિમુક્ત મળ્યા; આવા સંત મળ્યા, તો ય ઓળખાય નહિ. તેવાને શું લાભ! શ્રીજીમહારાજે કહ્યું છે જે, "જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી" તે અવતાર આ સમજવા. પૂર્વે આવાં કલ્યાણ થયાં નથી. આજ તો અનંતનાં સ્હેજે આત્યંતિક કલ્યાણ થાય છે.

૨૧૫

સંવત ૧૮૩૭થી મહારાજ ને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી શરદ્‌ઋતુ બેઠી છે. મોટા રાજી થઈને કહે જે માગો! ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી, આપણે શ્રી

સ્વામિનારાયણના દીકરા છીએ, માટે અક્ષરધામના રાજ્યને લાયક થવું. સાધન માત્રનું ફળ મહારાજની મૂર્તિ છે, મહાપ્રભુના અનાદિ મળ્યા એટલે આપણા દારિદ્ર કપાઈ ગયા, આજ અક્ષરધામમાંથી જાન આવી છે તેમાં પતિ મહારાજ છે ને મુક્ત જાનૈયા છે તેની ખુમારી રાખવી, શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી; એ તો અપાર છે, જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે. અનાદિ સાથે હેત થયું તે તો છેડો હાથ આવ્યો, આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવોના આત્યંતિક કલ્યાણ કરે છે, જેના બેલી મહારાજ ને મુક્ત છે તેને કાંઈ બાકી રહેતું જ નથી, મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે, શ્રીજીમહારાજ જેવા ભગવાન ને આવા મુક્ત તે અનંતકોટિ બ્રહ્માંડમાં ક્યાંય નથી, મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે તેટલું બધું ય આપણા સારુ લાવ્યા છે, આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે અને પ્રતિમારૂપે દર્શન આપે છે એમ સમજાય તો કામ નીકળી જાય, જો મહારાજને ને અનાદિમુક્તને સાથે ને

સાથે રાખે તો સત્સંગ દિવ્ય જણાય, શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે, મુક્તો ભેળા ફરે છે અને સત્સંગની રમત જુએ છે, આવા સ્વામિનારાયણ ભગવાન અને સંત અનંતકોટિ બ્રહ્માંડમાં ન મળે તે આજ મળ્યા છે, સર્વ સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે. મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે, આપણે તો એક ચિંતામણિરૂપ મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિમુક્તનો જોગ રાખવો, મહારાજના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું, કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે, બીજે ક્યાંય નથી, શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે, મૂર્તિમાંથી તેજના ફુવારા છૂટે છે, શ્રીજીમહારાજ તથા મોટાને લઈને આપણી મોટપ છે, આપણે તો એક છોગલાંવાળા સ્વામિનારાયણને રાખવા, અમારો સિદ્ધાંત તો એવો છે કે મૂર્તિ અને મુક્ત વિના બીજી કોઈ વાત જ નથી, મહારાજ તથા મોટા મુક્ત અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે, મહારાજનો મહિમા તો અનાદિમુક્ત જ જાણે, મહારાજ અને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું, આવી દિવ્ય સભામાં મોક્ષનું દાન માગવું, આપણે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણના રાજ્યમાં છીએ, આપણને પુરુષોત્તમ નારાયણ જેવા પતિ એટલે અવિનાશી વર મળ્યા એમ જાણી આનંદના

સમુદ્રમાં ઝીલવું, મોટા મુક્ત મહારાજ વિના એક ક્ષણ માત્ર પણ જુદા રહેતા નથી, અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે, એક પારસથી પારસ બને એવા મહારાજ છે, આ તો સુખનો સમુદ્ર છે, શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડા મેલ્યાં છે, શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાનકાળે સાવ સોંઘા છે, આપણે જોયા જેવું તો એક મહારાજનું રૂપ છે, ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે, તે સિવાય બીજા કોઈ ભગવાન નથી, શ્રીજીમહારાજ ભેળા અનંતકોટિ મુક્ત છે, મહારાજ ને સભા બન્ને અનાદિ છે, આ સભા સનાતન છે, આપણા ઉપર મહારાજની અમૃત નજર છે, અમે તો મહારાજની મૂર્તિ આપીએ છીએ, મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે, અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે તે મહારાજના તેજ વડે છે. સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે, જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તો ય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે, મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે, આ સભા પુરુષોત્તમ ભગવાનની છે તેથી સર્વત્ર છે, મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને સદાય એમ જ વર્તવું.

૨૧૬

સંવત ૧૮૩૭થી મહારાજને મુક્ત પ્રગટ થયા છે, ત્યારથી શરદઋતુ બેઠી છે. આજ હજૂરી પધાર્યા છે તે ઠેઠ મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશે. શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રમે છે ને કિલ્લોલ કરે છે. મોટા રાજી થઈને કહે જે માગો ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી. શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી મહાપ્રસાદ લેવો.

આજ શ્રીજીમહારાજ મુક્ત દ્વારે સત્સંગમાં સુખ આપે છે. આ મુક્તને દર્શને મોટા મોટા અવતારાદિક આવે છે. આ તો સાક્ષાત્ પુરુષોત્તમ તુલ્ય એવા અનાદિમુક્ત તમને મળ્યા છે. આ મુક્ત તો પુરુષોત્તમ ભગવાન આગળ હજૂરી છે.

મૂર્તિ, ધામ ને મુક્ત સાથે રાખવાં, મહારાજ ને મુક્ત પૂરું કરી દેશે ડંકો દઈને જઈશું તે અનંત મુક્ત દેખશે.

શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. મોટાની સેવા ને સમગામ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે.

આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ, માટે અક્ષરધામના રાજ્યને લાયક થાવું. મૂર્તિને ભૂલી જવાય તો રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય. શ્રીજીમહારાજના સુખની અવધિ નથી. મુક્તના જોગ વિના અંતર ખુલ્લાં કરી શકે એવું

કોઈ સાધન કે વિધિ નથી. સાધન માત્રનું ફળ મહારાજની મૂર્તિ છે. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તો જળતરંગવત્ ભેળા જ છે. પુરુષોત્તમના ઉપાસક છે તે તો મહાપ્રભુની સભાના છે. મોટા અનાદિમુક્તને સંભારવા તો મૂર્તિથી બહાર નીકળાય નહિ.

મહાપ્રભુના અનાદિ મળ્યા એટલે આપણાં દારિદ્ર કપાઈ ગયાં.

આજ અક્ષરધામમાંથી જાન આવી છે તેમાં પતિ મહારાજ છે ને મુક્ત જાનૈયા છે તેની ખુમારી રાખવી. અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમનો ચાંદલો આવ્યો તે વાત કેવડી મોટી! બીજું બધું મળે પણ આ વસ્તુ જે શ્રીજીમહારાજ તથા મુક્ત તે ન મળે.

આજ તો શ્વાંત વરસે છે. મહારાજને તથા મુક્તને ઉપમા દેવાય એવું કાંઈ છે જ નહિ.

મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે. શ્રીજીમહારાજની મૂર્તિરૂપી મોટી વસ્તુ હાથ આવે તો બીજું બધું ખોટું થઈ જાય. શ્રીજીની મૂર્તિ વિના સર્વે ખોટું કરી નાખવું.

મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ. શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી; એ તો અપાર છે. આ વસ્તુ

બહુ મોંઘી છે. જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ ને આનંદના ફુવારા આવે છે.

લાખ જન્મ ધરે તો પણ કલ્યાણ ન થાય તે આજ દેહ છતાં જ કલ્યાણ થાય છે. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે.

કારણ મૂર્તિના પધરાવનારા તો મુક્ત છે, માટે આ જોગ કરી લેવો. મુક્ત તો એકલા હોતા જ નથી. અનાદિ સાથે હેત થયું તે તો છેડો હાથ આવ્યો. આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરે છે. આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે તે અનંત જીવોના કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે.

આ સત્સંગમાં શ્રીજીમહારાજના સંત છે તે ફૂલવાડી છે તેમાંથી સુગંધરૂપી ગુણ લેવા.

મહારાજને સંભારે તો મુક્ત ભેળા આવી જાય ને અનાદિમુક્તને સંભારે તો મહારાજ ભેળા આવી જાય. આવા મુક્ત આ સત્સંગમાં છે તે જ તમને મળ્યા છે.

મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે. સ્વામિનારાયણ આ સભામાં આ ઊભા! જેને જોઈએ તે લ્યો. જેના બેલી મહારાજ ને મુક્ત છે તેને કાંઈ બાકી રહેતું જ નથી. મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે.

આજ સનાતન મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે, તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ. આજ તો મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ કરવો નહિ.

આજ અમૃતનું નોતરું આવ્યું છે તે શું? તો સર્વે જીવોને મુક્ત કરીને મહારાજની મૂર્તિનું સુખ જેવું છે તેવું જ આપવું છે. અંતર્વૃત્તિ કરીને મહારાજની મૂર્તિમાં જોડાવું. સત્સંગની સર્વે ક્રિયામાં મહારાજને ધણી રાખવા, પણ પોતે ધણી થાવું નહિ. મહારાજને જે વખતે ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય. મૂર્તિને સાથે ન રાખે તો તેને સુખ ન આવે.

મોટા તો ધક્કો મારે તો ય સર્વે આવરણ ટાળીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં લઈ જાય. મહારાજની ને મોટાની સાથે રસબસ થઈ રહેવું. કલ્યાણમાં ફેર પડે તેના જોખમદાર અમે છીએ.

શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો નાદ થાય છે તે નાદ જેને મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તે સાંભળે. શ્રીજીમહારાજ તો આ દ્વિભુજવાળા બેઠા, ક્યાં અનાદિમુક્ત! ને ક્યાં મહારાજ! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે? મૂર્તિ તો આ રહી. મૂર્તિનો વાંક નથી, પણ મૂર્તિને લેનારાની ખોટ છે. મૂર્તિમાંથી તેજ ઝળક ઝળક કરે છે ત્યાં આ સભા બેઠી છે.

રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. આ તો શ્રીજીમહારાજની ચૂંદડી ઓઢી છે તે ધન્ય ભાગ્ય છે. લાખો કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે.

આપણે તો કારણ મૂર્તિનું જ કામ છે. મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે. શ્રીજીમહારાજ જેવા ભગવાન ને આવા મુક્ત તે અનંતકોટિ બ્રહ્માંડમાં ક્યાંય નથી. આ વર્તમાનકાળમાં લાખો કરોડો જીવને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જઈએ છીએ. અનંત કાળનાં સુકૃત ઉદય થયાં હોય ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય તેને આવા મોટા ઓળખાય છે.

મહારાજની મૂર્તિમાં જ સુખ છે બીજે બધે તો રોગી વાની ઊડે છે. શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ. મહારાજનું સુખ બહુ જ જબરું છે. આજ તો શ્રીજીમહારાજે ચિંથરામાં રત્ન વીંટીને રાખી મૂક્યાં છે. શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પાસેથી જેટલું ચિંતવીએ તેટલું દિવ્ય સુખ મળે. આ સભા દિવ્ય છે એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ તેડી જાય છે.

તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે. મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે તેટલું બધું ય આપણા સારુ

લાવ્યા છે, મૂર્તિથી ઓરું જે જે સુખ છે. તે ગુંદાના ઠળિયા જેવું છે. અંત વખતે મહારાજનું સુખ જેવું છે તેવું તમને બતાવી દેશું. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે, ગરીબનિવાજ છે. સત્સંગમાં જે મુદ્દો છે તે આપણને મળ્યો છે, તે મુદ્દો શું? તો મહારાજની મૂર્તિ. અમારો વેપાર તો જીવને કારણ મૂર્તિમાં પહોંચાડવા એ જ છે. મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે. મહારાજ અને આ મુક્તનાં દર્શન સ્પર્શાદિકનાં ફળનું માપ થાય નહિ. એ તો અપાર ને અવિનાશી છે. અનાદિમુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે એમને પણ મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી.

વચનામૃતમાં શ્રીજીમહારાજનો એકલો રસ ભર્યો છે. મહારાજ આજ મધ્યસ્થ બિરાજે છે ને ફરતા મુક્ત બેઠા છે.

આ સત્સંગમાં અવતારાદિકને, બ્રહ્મકોટીને તથા અક્ષરકોટીને પણ આવ્યા વિના છૂટકો નથી. શ્રીજીમહારાજ અને તેમના મુક્તને મકરદમ રાખવા. શ્રીજીમહારાજને એમના મુક્તની સેવાથી, એમને જમાડવાથી મૂર્તિનું સુખ મળે છે. શ્રીજીમહારાજ અને મોટા મુક્તને સાથે રખવાળા રાખવા. એક મૂર્તિ ને મુક્ત તેમને બાઝવું, શ્રીજીના ભક્તની તો મોટા મોટા અક્ષરકોટી પણ પ્રાર્થના કરે છે.

આજ સંવત ૧૮૩૭થી મોક્ષનો માર્ગ શ્રીજીમહારાજે

ચલાવ્યો છે, માટે બીજે ભટકાવું નહિ. શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિમુક્તોથી પણ પૂરો કહેવાય તેમ નથી, માટે મોટાના વચનમાં શાસ્ત્રની સાખ્ય ન લેવી. સુખ તો મૂર્તિમાં જ છે પણ બીજે નથી, પુરુષોત્તમ ભગવાન ને મુક્ત તો જુદા પડતા જ નથી, મૂર્તિની સભાના કહેનારાનું ન માનીએ તો આપણે કઈ જગ્યામાં રહેવું? મોક્ષનો દરવાજો બંધ કરવો નહિ. આથી પછી બીજા કીયા કહેનારા આવશે? આજ અભયદાન આપે છે તે સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે. આજ મહારાજ ને મુક્ત ખરેખરો શ્રાંત વરસાવે છે તેને જો અધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખી થવાય.

આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી.

માયાનો પડદો ટળે તો આ સભા દિવ્ય તેજોમય જણાય. ઝળઝળાટ તેજમાં મૂર્તિ ને મુક્ત દેખાય.

જીવ ઝીણો ને મહારાજ ને મુક્ત મોટા તેનો પાર ક્યાંથી પમાય?

આ સભાને શ્રીજીમહારાજે મોકલી છે મહારાજ પણ ભેળા બિરાજે છે ને સુખ આપે છે. જેમાં શ્રીજીમહારાજના જેવા ગુણ હોય તેને કલ્યાણની કૂંચી આપે છે ને તેને જ કલ્યાણની સોંપણી કરે છે. શ્રીજીમહારાજે પોતાના જે

લાડીલા ને ખાનગી હજૂરી છે તેને કલ્યાણની કૂંચી સોંપી છે.

આ જીવને લેવા શ્રીજીમહારાજ ને એમના મુક્ત આવ્યા છે. આજ ન્યાલકરણ પધાર્યા છે. જે લેવું હોય તે લ્યો, ખોટ બધી આ સભાના જોગથી નીકળે છે ને જાત કુજાત જોતા નથી. સર્વેને ન્યાલ કરે છે. અનાદિ તો મૂર્તિમાં જ રહ્યા છે એ તો બહુ સુખિયા છે.

આ સભામાં દિવ્યભાવ આવે તો છતી દેહે ધામમાં બેઠા છીએ એવું થઈ જાય.

શ્રીજીમહારાજ જેને પ્રત્યક્ષ મળ્યા તેને વૈભવ ઘણા મળ્યા છે, માટે અયોગ્ય ક્રિયા ન કરવી. શ્રીજીના આશ્રિત બીજે માથાં ભટકાવવા જાય તે બહુ જ અજ્ઞાન છે.

આપણે તો શ્રીજીની સભામાં જ બેઠા છીએ, પણ મરીને જાવું નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુન્હેગાર થાશે.

મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર કમાડ દીધાં, પણ એ તો જરૂરાજરૂર કરવું જોશે. ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય. દેહ રાખવાનું જેટલું તાન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત દેખાય. આજ મહારાજ ને મોટા બિરાજે છે તે આગ્રહ કરો તો સાક્ષાત્કાર કરાવી દે, તેની આ સભા સાક્ષી છે. આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તેવું

છે; આ ટાણે સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? આવી વાત પછી કોણ કરશે? માટે આ કરો, આ કરો બીજું સર્વે પડ્યું મૂકો, મૂર્તિ રાખો તો બધું ય આવ્યું. આ લાભ આ ટાણે મળ્યો છે તે લેવો ને જરૂર મૂર્તિ સિદ્ધ કરવી.

એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ માનવું ને હેત કરવું, મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારુ નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ એને કાંઈ જોઈએ જ નહિ, અનુભવજ્ઞાનમાંથી ખુશબો આવે છે તે મૂર્તિમાં લઈ જાય છે ત્યારે એક પુરુષોત્તમ જ રહે છે.

આ સભાનો મહિમા તો અતિશે મોટો છે. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે અને પ્રતિમારૂપે દર્શન આપે છે. એમ સમજાય તો કામ નીકળી જાય. અક્ષરધામમાં મૂર્તિ છે તે જ પ્રતિમા છે, પણ એક રોમનો ફેર જાણે તો દ્વેષ કર્યો કહેવાય.

આજ ધણીએ મોટા મળ્યા ને પ્રાપ્તિએ મોટી મળી માટે હવે તો કરવા મંડવું, જો ન કરે તો કૃતઘ્ની કહેવાય.

મહારાજની ઉપાસના તો આ સત્સંગમાં છે પણ બીજે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મકોટી કે અક્ષરકોટીમાં ક્યાંય નથી. બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે.

એક શ્રીજીમહારાજનો જ આધાર હારલની લકડીની પેઠે

રાખવો, મૂળ અક્ષરકોટિને પણ આ મુક્તનાં દર્શન નથી તે તમને મળ્યા છે,

જો મહારાજ ને અનાદિમુક્તને સાથે ને સાથે રાખે તો સત્સંગ દિવ્ય જણાય.

તમને બધાયને મૂર્તિમાં મુકયા છે. સુખ માત્ર બધું આ સભામાં છે, પણ મફતનું અપૂર્ણપણું રાખે છે. આ મુક્ત તો શ્રીજીમહારાજના પડછંદા છે.

શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી.

શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવ જ્ઞાન છૂટે છે તે મૂર્તિમાં લઈ જાય છે.

અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું.

આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે. આ મહિમા સમજાય તો કાંઈ બાકી રહે જ નહિ.

સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે. ને આશરે આવીને દેહ, મન ને જીવ સોંપી દે તો કલ્યાણ થાય તેમાં કાંઈ વાર લાગે નહિ. આ વખત ને આ દાવ જો ભૂલ્યા તો પૂરું થાય એમ નથી, માટે ચાલોચાલ સત્સંગ ન કરવો.

જેમ ચમક લોહને ખેંચે છે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં ખેંચી લે છે.

મહારાજ મોંઘા બહુ છે તે તપે કરીને, સેવાએ કરીને, ભક્તિએ કરીને કે કોટિ સાધને કરીને પણ મળે તેમ નથી, પણ આજ સોંઘા થયા છે.

મુક્તનું ને મહારાજનું સુખ, મહિમા ને સામર્થી તેનો કોઈ પાર પામે તેમ નથી. જેવા છીએ એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તો પણ ઘો.

સ્વામિનારાયણને જેવા જાણશું તેવા કરશે, આવા મહારાજને આવા મુક્ત તે ક્યાંય નથી, અહીં જ છે, માટે તેનો કેફ રાખવો.

શ્રીજીમહારાજ ને મોટા તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ દિવ્ય છે.

મૂર્તિના ઘરાક થાવું. જે એના ઘરાક નથી થાતા તે તો મૂર્તિ વિના વાંઝિયા પડ્યા છે.

સત્સંગમાં આજ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, આજ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે, આ તો દિવ્ય સભા છે. શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તનો જોગ એક સરખો જ છે.

શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે. મુક્તો ભેળા ફરે છે : અને સત્સંગની રમત જુએ છે.

આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે, પણ પાપી અને અધર્મી છે તેના મતે નથી. આ સભા તો અક્ષરધામનો દરવાજો છે.

મહારાજ ને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે.

આ સત્સંગમાં શ્રીજીમહારાજ ઘોડે ચડીને ફરે છે. આજ્ઞા લોપે તેને ચાબૂક મારે છે. આ સભા દિવ્ય તેજોમય અક્ષરધામની સમજવી. આજ શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે તેમને પાપી અસુર તે ન જાણે.

શ્રીજીમહારાજની મૂર્તિનો સુખભોક્તા થયો તેને ઝળળ ઝળળ મૂર્તિનું તેજ છૂટે પૂરું ન થવાય કે હવે જમી રહ્યા. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ ઝળેળાટ નીકળે છે, તેનો ઘોષ થાય છે તેને પ્રણવનાદ કહેવાય.

અક્ષરથી પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ મુક્તે સહિત રહે છે, ત્યાં તેજના ફુવારા છૂટે છે, તેમાંથી ખુશબો આવે છે.

મહારાજે ધર્મધુર માર્ગ બાંધ્યો છે. આ સભા અક્ષરધામની જાણે તો સુખના સમુદ્રમાં ઝીલે. મૂર્તિમાં રસબસ થઈ જાય તો ત્રિવિધિ તાપ ન નડે. આવા સ્વામિનારાયણ ભગવાન અને સંત અનંત કોટિ બ્રહ્માંડમાં ન મળે તે આજ મળ્યા છે. મહારાજે તો સુખ ઘણું આપ્યું છે, પણ

જીવથી ભોગવાય નહિ.

અમે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ. શીતળ શાંત જે અક્ષરધામ તેમાં મહારાજ બેઠા છે તે આપણે નજરે દેખીએ છીએ.

મહારાજની મૂર્તિથી જુદા પડવું નહિ, અમે તો જીવને શ્રીજીમહારાજ પાસે લઈ જવા આવ્યા છીએ, માટે અમારો દાખડો સુફળ કરજો.

આજ તો કૃપાસાધ્ય ભગવાન છે તે કૃપા અપાર કરે છે. અમે અક્ષરધામમાંથી તમને સર્વેને ખણવા આવ્યા છીએ. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે.

મૂર્તિમાંથી ઝળળળ ઝળળળ તેજ નીકળે છે, તે તેજમાં મૂર્તિ રહી છે. મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે તે કૃપા કરીને આજ જીવનો ઉદ્ધાર કરે છે. આ સભા મૂર્તિ પધરાવે છે. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વિના બીજું કોઈ પ્રધાન રહે તેવું રાખ્યું નથી.

બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય. આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે, માટે સદાય પ્રત્યક્ષ છે.

અમારે તો સર્વેને મહારાજની મૂર્તિમાં રાખવા છે. અક્ષરધામમાં બે ભુજાવાળા ભગવાન બિરાજે છે. આપણા

પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા. આપણને તો મહારાજે ન્યાલ કર્યા છે; એ કારણ મૂર્તિના આધારે સૌ સુખિયા છે. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે. મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે. મૂર્તિમાંથી તેજની સેડ્યો છૂટે છે.

શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ અનાદિ મહામુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે.

મોટા‧ી સેવા અને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. અનંત પ્રકારનાં સુખ માત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે. મહારાજની મૂર્તિમાંથી તેજ ફરર ફરર છૂટે છે. આપણે તો એક ચિંતામણિ રૂપ મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિમુક્તનો જોગ રાખવો. વસમી વેળાએ વહાર કરનારા આ મુક્ત છે. મહારાજનો કે મોટાનો જોગ થયો એટલે સંપૂર્ણ માનવું, આપણને મહારાજ ને મોટા મળ્યા હવે કોઈ વાતનો વાંધો રહે તેમ નથી. મહારાજના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું. મહારાજના પ્રસંગ વિનાની લૂખી વાત ક્યારેય પણ કરવી નહિ.

મહારાજ અને અનાદિમુક્તને જુદાપણું નથી આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો અવયવ ફર્યા કહેવાય. આ સભા અક્ષરધામની છે. આપણે અક્ષરધામની મધ્યે જ બેઠા છીએ.

આ જીવને ઉગારવા સંત ભાતાં બાંધી બાંધીને ફરે છે તેથી એમના થઈ રહેવું. કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે - બીજે કયાંય નથી. શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે. આપણે સાચી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે રાખવી. સાધુ તો અક્ષરધામનો દરવાજો છે; તે દ્વારા મહારાજ સુખ આપે છે.

આપણે કારણ મૂર્તિ રાખવી. શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે.

મહારાજની મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે. અનાદિ તો રસબસ થકા રોમરોમના સુખ લે છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે. મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી. આપણે તો એક સ્વામિનારાયણ રાખવા. ધણી સત્સંગમાં અખંડ વિરાજે છે. મૂર્તિ વિના અમે બીજું જોતા નથી. આજ મોટા સોંઘા થઈને દર્શન દેવા આવ્યા છે.

શ્રીજીમહારાજને આવા મોટા સંત હરકોઈ બ્રહ્માંડમાંથી ખોળી લાવે તો ઈનામ દઈએ, પણ મળે જ નહિ તે તો સત્સંગમાં છે.

આજ શ્રીજીમહારાજ સત્સંગમાં વિરાજે છે. આવા મહારાજ ને તેમના અનાદિ આ સભામાં દર્શન દે તે કાંઈ થોડી ઘણી વાત નથી. આ ટાણે તો અમૃત લુંટાય છે. આવા જોગમાં કોણ રહી જાય. આવી દિવ્ય સભાના સુખ

કોણ મૂકી દે!

મૂર્તિમાંથી તેજના ફુવારા છૂટે છે. શ્રીજીમહારાજ તથા મોટાને લઈને આપણી મોટપ છે. મહારાજે અનંત મનવારો ભરવાનું ધાર્યું છે. એમના મુક્તનું પણ એ જ કામ છે. આ સમે મહારાજે કલ્યાણનું બહુ સુગમ કર્યું છે. શ્રીજીમહારાજનો પ્રતાપ તો બહુ જબરો; ગામેગામ મોક્ષના દરવાજા ઉઘાડા મેલ્યા છે.

મહારાજનો સાક્ષાત્કાર થયો તેને બધું ય દિવ્ય થઈ ગયું. મહારાજનો સંકલ્પ છે કે અમારી નજરે ચડ્યો તેને મૂકવો નથી. એમના અનાદિને પણ એ એક જ કામ છે.

ભગવાનના ભક્તને તો એક ભગવાન ખપે. એનો આનંદ ને એની ખુમારી જોઈએ. એક પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિ રાખીએ તો બીજું કાંઈ ભાસે જ નહિ, આનંદ આનંદ થઈ જાય. મૂર્તિથી નોખું પડાય તો સત્સંગમાં તેની જય થાય નહિ. અનાદિમુક્ત તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને જીવને ઢસરડી લે છે.

આપણે તો એક છોગલાંવાળા સ્વામિનારાયણને રાખવા. જો એ આપણી ભેળા હોય તો હચ્યો. અમારે ઘેર એ જ વેપાર છે. બીજો વેપાર કોઈ કરશો નહિ. જેવી અક્ષરધામમાં સભા છે તેવી આ સભા છે કેમ જે આ સભામાં મોટા અનાદિ બેઠા છે. સત્સંગમાં હજારો લાખો મુક્ત બધાય

સહાયમાં છે. મહારાજ સત્સંગની વહારે ચડ્યા છે. આ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.

પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી ખુશબો ઊઠે છે. તે ખુશબો મુક્તને ખેંચે છે. અને મૂર્તિ સાથે રસબસ કરે છે તે અનુભવજ્ઞાન.

સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે. મહારાજે આ સભાને અક્ષરધામનો દરવાજો કહ્યો છે. અનાદિ વસ્તુ ઓળખવી બહુ કઠણ છે. આ સભા અક્ષરધામની છે, તેને ચૂંથી ન નાખવી. મહારાજ અને તેમના અનાદિ તો આ રહ્યા -પ્રત્યક્ષ છે. તેજોમય ફુવારા ઝળળ ઝળળ છૂટે છે. આપણે તો મહારાજ ને મહારાજના મુક્તને વળગી રહેવું. અમારો સિદ્ધાન્ત તો એવો છે કે મૂર્તિ અને મુક્ત વિના બીજી કોઈ વાત જ નથી.

મૂર્તિ છે તે ચિંતામણિ છે. કલ્પતરુ છે મહામોંઘી વસ્તુ છે તેને મોટા મુક્ત પારખે છે જેવા તેવાનું આમાં કામ નથી.

મહારાજ તથા મોટા મુક્ત અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. ખરો ઝવેરી હોય તે આવા હીરાનું પારખું કરે. મહારાજનો ખરો મહિમા તો અનાદિમુક્ત જ જાણે.

ભગવાન પાસે સુખના ઢગલે ઢગલા છે તેથી માગીએ તો મૂર્ખ કહેવાઈએ.

મહારાજ અને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું. એક મહારાજની મૂર્તિ વિના બીજું જોવાનો ઠરાવ રાખવો નહિ. તેજનો સમૂહ દેખાય તો તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ જોવી ને તેમાં વળગી જાવું, પણ તેજમાં સુખ માનીને મૂર્તિ વિના એને જોવું નહિ.

આજ તો સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્ત અઢળક ઢળ્યા છે. આવી દિવ્ય સભામાં મોક્ષનું દાન માગવું. મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે. મહારાજ અને અનાદિમુક્ત અરસ પરસ છે. સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે શ્રીજીમહારાજ તથા મોટા અનાદિને લઈને છે. મોટા મુક્તના જોગે કરોડો સુખિયા થઈ ગયા.

આપણે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણના રાજ્યમાં છીએ. આપણને પુરુષોત્તમ નારાયણ જેવા પતિ એટલે અવિનાશી વર મળ્યા એમ જાણી આનંદના સમુદ્રમાં ઝીલવું.

મોટા મુક્ત મહારાજ વિના એક ક્ષણમાત્ર પણ જુદા રહેતા નથી. મોટા તો પુરુષોત્તમ ભગવાનના લાડીલા મુક્ત છે. અમારે તો કોઈને મૂકવા નથી ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડવા છે. મહારાજ અને મોટાને આશરે સુખિયા રહેવું.

તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ છે. ચારે બાજુ મુક્તની સભાથી બધું બ્રહ્માંડ ઠસાઠસ ભરાઈ ગયું છે. તેજના

કુંડાળાં પડે છે. મહારાજની મૂર્તિ છે ત્યાં સર્વે મુક્ત બેઠા છે. આ તો દિવ્ય સભા છે. તેને મૂકીને એકલા ન રહેવું.

મહારાજ અને મોટા અનાદિ મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું. અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે.

મહારાજ તો ચક્રવર્તી રાજાને ઠેકાણે છે. ખરી મોટપ એક મહારાજની મૂર્તિમાં છે. એક પારસથી પારસ બને એવા મહારાજ છે. આ તો સુખનો સમુદ્ર છે.

અમે તો એવો જ આશીર્વાદ દઈએ છીએ કે બધો ય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધા ય અનાદિની પંક્તિમાં ભળી જાય.

મોટા અનાદિને તો અવતારાદિક પણ વંદે છે. જેટલા ભગવાનના અવયવ એટલા અનાદિમુક્તના અવયવ. તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે તેમાં મુક્ત સર્વે રહ્યા છે.

આ સમે મહારાજ કહે અમારે પાત્ર-કુપાત્ર જોવા નથી. અમે તો અનંત જીવને અભયદાન આપવા આવ્યા છીએ. આપણને તો કારણ મૂર્તિ શ્રીજીમહારાજ મળ્યા છે. આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે. આ સભામાં બહુ મોટું કામ થાય છે. અનાદિની તો વાત જ શી કહેવી? તેમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. આ સભામાં મહારાજ અખંડ બિરાજે છે. તે ભગવાન જેવા બીજા કોઈ અનંત બ્રહ્માંડમાં

નથી. આ તો ન્યાલકરણ પધાર્યા છે. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે. આ તો ખરો મુદ્દો હાથ આવ્યો છે, તે જો મૂકી દઈએ તો રખડી પડીએ.

શ્રીજીમહારાજ પોતાનો દિવ્ય સાજ લઈ પધાર્યા છે. મહારાજની સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. આ બધા હરિભક્તો જમે છે તે બધું અક્ષરધામનું દિવ્ય સુખ છે. કોણ પીરસે છે ને કોણ સુખ આપે છે એ જોવું.

આ તો દિવ્ય મુક્ત-દિવ્ય મહારાજ સર્વે સાથે મળ્યું છે. શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડાં મેલ્યાં છે.

અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો કેમ જે એમનું પ્રગટપણું અનંત જીવોનાં કલ્યાણને અર્થે છે. "એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ" એવા આ મોંઘા મુક્ત છે. તે શ્રીજીમહારાજે સોંઘા કર્યા છે. આ તો મહારાજના પડછંદા છે. મુક્ત તો હજૂરના રહેનારા છે. મહારસના પાન કરનારા છે.

મહારાજની દયાનું માપ થાય તેવું નથી. અમૃતના સિંધુ ઊલટ્યા છે. કોઈ આવો! કોઈ આવો! આ ટાણે મહારાજે મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે. આ વખતે મહારાજે ખંપાળી નાખી છે તેથી નજરે પડ્યો તેનું કામ થઈ જાય છે.

મહારાજે તો એમ કહ્યું છે જે અક્ષરધામમમાં મૂર્તિ ને આ મૂર્તિમાં એક રોમનો ફેર નથી. સ્વામિનારાયણમાં ત્યાગ ભાગ નથી. આ તો અચળ, સનાતન ને અનાદિ ને સર્વેના ઉપરી છે. આપણે કારણનું સુખ, કારણની સભા, કારણનું તેજ ને કારણની સામર્થી તેનું કામ છે.

મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે, માટે આપણે તો એક મૂર્તિ જ રાખવી. મહારાજ તો ઝળઝળાટ તેજમાં દર્શન દે છે. દિવ્ય દૃષ્ટિ થાય એટલે આ રહ્યા. અપરીમ્ અપરીમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે. મહારાજ ને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ બે વિના બીજું ઠરવાનું ક્યાંય ઠામ નથી.

મહારાજ કહે છે કે અમારે અનંત જીવના ઉદ્ધાર કરવા છે તેથી મોક્ષનાં સદાવ્રત બાંધ્યા છે. કારણ મૂર્તિનું એ જ કામ છે. શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરવાનું આ ટાણું છે. મહાપ્રભુ દયા કરીને પધાર્યા છે.

સુખનો સમુદ્ર તો એક શ્રીજીમહારાજ જ છે, મહારાજ તથા તેમના અનાદિમુક્ત સદાય સાથે જ છે. એ જેમ છે, તેમ દેખાય તો દીવાના-મસ્તાના થઈ જવાય, શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાનકાળે સાવ સોંઘા છે, આ બધી સ્વામિનારાયણની ફુલવાડી છે.

આ સંત-હરિભક્તરૂપ દિવ્ય વિમાન અક્ષરધામ સુધી ઊડે

છે, તે ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે, આપણે જોવા જેવું તો એક મહારાજનું રૂપ છે, મહારાજની મૂર્તિ વિના બીજે રોગી વાની ઊડે છે, ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે, તે સિવાય બીજા કોઈ ભગવાન નથી.

મહારાજ ને મહારાજના અનાદિમુક્ત તે તો એક સંકલ્પે અક્ષરધામમાં પહોંચાડી દે છે, એવા સમર્થ છે. આવા અનાદિમુક્ત મૂર્તિમાં કિલ્લોલ કરનાર તેમના પગરખામાં પણ આ જીવને બેસવા ન મળે તે આપણને શ્રીજીમહારાજ દયા કરીને કહે આવો, અહીં બેસો, આમ સર્વે અક્ષરધામના દરવાજા ઉઘાડા મૂક્યા છે.

આજ ખરેખરી શરદઋતુ છે. આ વાતો ક્યાંથી આવે છે? તો મહારાજની મૂર્તિમાંથી આવે છે. મોટા વાતો કરે તે ચકોર પક્ષીની પેઠે સાંભળવી. પુરુષોત્તમના અનાદિ ને લાડીલા કહેનારા ક્યાંથી મળે? તે આ ટાણે છે.

આપણે એક શ્રીજીમહારાજ સારુ ભેગા થયા છીએ. અમારે તો કોઈને બીજે જવા દેવા નથી. ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે. કેટલાયને મૂકી દીધા છે. સમર્થ ધણીએ હાથ ઝાલ્યો છે તે મૂકે એવા નથી. આ અભયદાન છે, એ છેલ્લો લેખ છે. આ તો કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે.

સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે કારણ મૂર્તિને બાઝવું, પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી ખુશબો છૂટે છે. મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા ન થાય. મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન તે પ્રકૃતિનું છે. મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમ નારાયણ પાસે પહોંચવું.

સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે. તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું.

સુખ માત્ર શ્રીજીમહારાજની મૂર્તિ અને મોટા અનાદિમુક્તને આશરે રહ્યું છે. મહારાજના અનાદિમુક્ત તો કરોડોને મૂર્તિનું સુખ આપે એવા સમર્થ છે. મહારાજે તથા અનાદિમુક્તે હાથ ઝાલ્યો તે કોઈ દિવસ મૂકે નહિ. મહારાજ ને મોટા મુક્ત મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે. આ સમયે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. લાખો કરોડો જન્મે આવું થાય તેમ નથી. આપણે કૂદી કૂદીને દેહ પાડી નાખીએ એટલો આનંદ થાય પણ સમજાતું નથી.

શ્રીજીમહારાજનો ચમત્કાર બહુ મોટો છે. અક્ષરધામમાં મૂર્તિ ને સભા તેનું યથાર્થ જ્ઞાન થાય તેને અણુ જેટલું છેટું નથી.

આ ટાણે ખરો મુદ્દો હાથ આવ્યો છે. આવા મુક્ત કોઈ

બ્રહ્માંડમાં નથી. શ્રીજીમહારાજ ભેળા અનંત કોટિ મુક્ત છે. મહારાજ ને સભા બંને અનાદિ છે. મહારાજના મહિમાનો કોઈ પાર પામતા નથી. આ તો અનંત રાજાઓના રાજા માંહી બેઠા છે તે ભગવાનને મૂકીને બીજે મન લોભાવા દેવું નહિ. અક્ષરધામમાં મહારાજ ને મુક્ત બે જ છે.

શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ અપરંપાર છે; તેનો અનાદિમહામુક્ત પણ પાર પામતા નથી. શ્રીજીમહારાજનો અવતાર કેવળ કૃપાસાધ્ય છે. તેમના અનાદિમુક્ત મળ્યા તે પણ કૃપાસાધ્ય છે.

મહારાજને સર્વોપરી સમજવા. બીજા કોઈના હાથમાં હુકમ નથી. અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે. મૂર્તિમાં અપાર અલૌકિક અનહદ સુખ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે. તેજની છટાઓ છૂટે છે, તેજના અનંત બંબ છૂટે છે. મૂર્તિની ચારે તરફ તથા સર્વ ઠેકાણે તેજની ઠઠ છે, સામસામી તેજની સેડ્યું દોઢે વળે છે, અનંત તેજના ઢગલા છે તે અપાર છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. પુરુષોત્તમ નારાયણ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.

મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમ ને એમ નીકળી જાય પણ કામ ન થાય. મહારાજની મૂર્તિ વિના ઘડી પણ

રહેવું નહિ. મહારાજનો પ્રતાપ બહુ જબરો છે - એ પ્રતાપે શું ન થાય?

આજ મહારાજ ને મોટા સૌને સુખિયા કરે છે. આવું સુખ સ્વામિનારાયણ ભગવાનના ઘર વિના બીજે ક્યાંય નથી. આપણે તો એ અખંડ અવિનાશી વરને મુખ્ય રાખવા. મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે. તે સુખનો જે પારખુ થયો હોય તેને ખબર પડે.

આજ મહાપ્રભુનું સુખ બહુ જ સોંઘુ છે. મહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન તેના ફુવારા છૂટે છે. મૂર્તિનું બીજ સર્વે વાતમાં વારેવારે લાવવું. મૂર્તિથી બહાર નીકળે તો માર ખાય છે. અનાદિમુક્તની કૃપાસાધ્યમાં પડ્યો રહે તો એ મૂર્તિના સુખમાં લઈ જાય. આ સભાની રજ લઈને કોઈ માથે ચડાવે તો અનંત જન્મના પાપ બળી જાય.

મહારાજની મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે. મહારાજ ને મુક્ત તે આપણા આધાર છે. ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. અનાદિમુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે. આપણે તો મૂર્તિના સુખનાં પારણા કરવા; મૂર્તિના સુખનો જ આહાર કરવો.

સર્વ સુખના ધામ શ્રીજીમહારાજ છે. મૂર્તિમાંથી તરેહ તહેરનાં નવાં નવાં સુખ આવે છે. આપણે સાજો સત્સંગ દિવ્ય જાણવો.

આ સભા અક્ષરધામની છે અને અનાદિમુક્ત છે તે તો મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે. અમૃતમાં નહાય છે ને અમૃતના યજ્ઞ કરે છે. તે સુખ આપણે પામવું છે. મહારાજ અને આવી દિવ્ય સભાથી બહાર નીકળવું નહિ.

શ્રીજીમહારાજ અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. સર્વના કારણ છે, સર્વના કર્તા હર્તા, સર્વના નિયંતા, સર્વોપરી અકળ મૂર્તિ છે.

બીજા કોઈ ગમે તેમ જાણતા હશે, પણ અમને તો એક સ્વામિનારાયણ સ્વામિનારાયણ આવડે છે. એ મૂર્તિ વિનાનો અમારે એકે ઠરાવ નથી - સૌને મૂર્તિમાં રાખવા છે. જો જો તો ખરા, આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસશું. મહારાજ ને આ સભા એ બે જ કલ્યાણકારી છે.

આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે. કેવડા મહારાજ ને કેવડા અનાદિમુક્ત આ તો ભારે વાત બની ગઈ છે. આવા મહારાજ અને અનાદિમુક્ત મળ્યા એવા જોગમાં હિમત હારી ન જવું. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં જ રસબસ છીએ. તેના સ્વામિનારાયણ સાક્ષી છે.

આ સભા સનાતન છે. આપણા ઉપર મહારાજની અમૃત નજર છે. દોયલી વેળાના દામ ને ખરી વેળાનો ખજાનો એક શ્રીજીમહારાજ છે. આ સમે મહારાજે કોઈ વાતે સુખ આપવામાં મણા રાખી નથી. અમે તો મહારાજની

મૂર્તિ આપીએ છીએ.

મહારાજે આ લોકમાં દર્શન આપી અક્ષરધામ તુલ્ય સુખ વર્તાવી દીધું છે. શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંક ગુના સામું જોતા નથી એવા દયાળુ છે. આવી વાત જો ખરેખર મનાય તો ટુકટુક થઈ જવાય.

શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે તે મૂકે તેવા તો નથી, પણ આપણે અહંમમત્વ કરીને મૂર્તિથી જરાય જુદું ન પડવું.

મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે તે મહારાજનાં તેજ વડે છે. આપણને તો મૂર્તિની પ્રાપ્તિનો લાભ જબરો મળ્યો છે, પણ જો સમજણ ન હોય તો અફસોસ મટે નહિ. આપણે હવે મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા. આપણે તો બહુ ભારે ટાણું આવી ગયું છે.

સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે. અમે તો અવતારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિમુક્ત તે છીએ. અમારો ઠરાવ તો એક મૂર્તિ આપવાનો જ છે.

આ સમે શ્રીજીમહારાજે કલ્યાણ બહુ જ સોંઘુ કર્યું છે. પણ અભાગિયા જીવ ઓળખે નહિ અને કલ્યાણ થાય નહિ. જો ઓળખે તો મહારાજ અથવા મહારાજના મુક્ત એક ઘડીમાં

મોક્ષ કરી દે એવા છે. અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં કલ્યાણ કરીને મૂર્તિમાં મૂકી દઈએ.

મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે. ફરતી સભા બેઠી છે - સર્વે તેજોમય છે. સભામાં મૂર્તિના સુખના ઘન વરસે છે. આ સભા દિવ્ય તેજોમય છે; આ દિવ્ય સભામાંથી તેજ ફરર ફરર નીકળે છે.

અનંતકોટિ બ્રહ્માંડમાં આવા સંત ને આવી દિવ્ય સભા હોય તો શોધી લાવો. આ સભાના સંકલ્પ ચાલે છે. આ ટાણે કંઈક ન્યાલ થાય છે. ક્યાં અનંતકોટિ બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આવો અલૌકિક ભાવ આવે તો દીવાના થઈ જવાય. મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો શું કમાણા?

અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય, પણ તે વિના શું થાય? મહારાજ પોતાની મૂર્તિમાં કેવળ કૃપાએ કરીને રાખે છે.

મહાપ્રભુના અનન્ય આશ્રિતને મૂર્તિના બળની ખુમારી રાખવી. અમને તો એમ છે જે કોઈ હાથ જોડે એટલામાં ન્યાલ કરી મૂકીએ. એટલે મૂર્તિના સુખમાં પહોંચાડી દઈએ. જેનાં મોટાં ભાગ્ય હોય તેને શ્રીજીમહારાજનું એ આ સભાનું દર્શન થાય છે. આજ તો રોકડું કલ્યાણ છે; ઉધારાની વાત નથી. આપણે તો મૂર્તિ મુખ્ય રાખવી તો સુખિયું થવાય. એ વિના કોટી સાધને આત્યંતિક મોક્ષરૂપે કામ થાય તેવું નથી.

મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન થાય તેને તો અખંડ સ્મૃતિ રહે. મૂર્તિ ભુલાય નહિ. આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે.

આપણે ઘેર ભારે સુખ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા સમજાય તેને આનંદ આનંદ થઈ જાય.

આવા સર્વોપરી મહારાજ મળ્યા તો ય ઓળખાય નહિ તેવાને શું લાભ?

આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું. એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે. તેમાં કોઈ મનુષ્યભાવ પરઠશો નહિ. આ તો બહુ અલૌકિક પ્રાપ્તિ છે. અમારે તો સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. જેવડા શ્રીજી મહારાજને જાણી શકો તેવડા જાણો તો ય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે, પણ જો જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે. આ સભા પુરુષોત્તમ ભગવાનની છે. મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને સદાય એમ જ વર્તવું.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(૭) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.